અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૩
વર્ષ : ૧૬
અંક : ૨૨૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## સ્મોલકેપ-મીડકેપના રોકાણકારો રાતા પાણીએ રોયા, સાત લાખ કરોડનું નુકસાન

### સેન્સેક્સમાં ઇન્ટ્રા ડે ૧૦૪૩.૪૨ પોઇન્ટની વોલેટિલિટી બાદ અંતે ઘટાડે ૭૫૯૩૯.૨૧ પર બંધ : નિફ્ટી ૦૨.૧૫ પોઇન્ટના કડાકે ૨૨૯૨૯ પર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।

વૈશ્વિક પડકારો વચ્ચે શેરબજાર સળંગ આઠમા દિવસે તૂટ્યા છે. સાર્વત્રિક વેચવાલીના માહોલ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટાપાયે ઉથલ-પાથલ જોવા મળી હતી. જેમાં સ્મોલકેપ અને મીડકેપ ઈન્ડેક્સ ૩ ટકાથી વધુ તૂટતાં રોકાણકારો રાતા પાણીએ રોયા હતા. સેન્સેક્સમાં આજે ઈન્ટ્રા ડે ૧૦૪૩.૪૨ પોઈન્ટની વોલેટિલિટી બાદ અંતે ૧૯૯.૭૬ પોઈન્ટના ઘટાડે ૭૫૯૩૯.૨૧ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૫૦ પણ ૨૨૮૦૦ની ટેકાની સપાટી તોડી ૨૨૭૭૪.૮૫ના ઈન્ટ્રા ડે લો લેવલે પહોંચ્યો હતો. જે અંતે ૧૦૨.૧૫ પોઈન્ટના કડાકે ૨૨૯૨૯.૨૫ પર બંધ રહ્યો હતો. લાર્જકેપની તુલનાએ સ્મોલકેપ અને મીડકેપ શેરોમાં મોટાપાયે વેચવાલીના પગલે રોકાણકારોએ આજે ૭.૨૬ લાખ કરોડ ગુમાવ્યા હતા.

સ્મોલકેપ અને મીડકેપ શેરોમાં મોટા કડાકા સાથે ઈન્ડેક્સ ક્રમશઃ ૧૫૨૨.૪૪ પોઈન્ટ અને ૧૦૫૬.૩૨ પોઈન્ટ તૂટ્યો હતો. પીએસયુ, રિયાલ્ટી અને પાવર શેરોમાં પણ કડડભૂસ થતાં ઈન્ડેક્સ ૨ ટકાથી વધુ તૂટ્યા હતા. શેરબજાર આજે એકંદરે રેડઝોનમાં રહ્યું હતું.

સેન્સેક્સ પેકમાં આજે ટ્રેડેડ કુલ ૪૦૮૩ સ્ક્રિપ્સ પૈકી ૬૮૬માં જ સુધારો જોવા મળ્યો હતો. જ્યારે ૩૩૧૬ શેર ઘટાડે બંધ રહ્યા હતા. ૪૭ શેર વર્ષની ટોચે અને ૬૪૧ શેર વર્ષના તળિયે તૂટ્યા હતા. તદુપરાંત ૧૧૬ શેરમાં અપર સર્કિટ અને ૪૮૦ શેર લોઅર સર્કિટ વાગી હતી. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વડાપ્રધાન મોદીની મુલાકાત બાદ ટેરિફ મુદ્દે કોઈ રાહતના સંકેત જણાઈ રહ્યા નથી. વધુમાં રશિયાએ યુક્રેનના ન્યૂક્લિયર પ્લાન્ટમાં ડ્રોન વડે હુમલો કરતાં જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ વધી છે. સ્થાનિક સ્તરે પણ નબળા ત્રિમાસિક પરિણામો, રૂપિયામાં કડાકાની અસર શેરબજારમાં જોવા મળી છે. જારમાં આજના ઘટાડા પાછળ ૩ મુખ્ય કારણો



જોઈએ તો ૧. ટ્રમ્પના પારસ્પરિક ટેરિફથી મૂડ બગડ્યોઃ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિત તમામ દેશો પર 'પારસ્પરિક કર' એટલે કે 'ટિટ ફોર ટેટ' કર લાદવાની તેમની નીતિનો પુનરાવર્તિત કર્યો, જેણે આજે સમગ્ર વૈશ્વિક બજારના વાતાવરણને બગાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ટ્રમ્પે કહ્યું, "ભારત અમારા માલ પર જે પણ ટેક્સ લાદે છે, અમે પણ તેના પર તે જ ટેક્સ લાદીશું." જોકે, આ દરમિયાન, મોદી અને ટ્રમ્પ ૨૦૩૦ સુધીમાં ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપારને $500 બિલિયન સુધી લઈ જવા સંમત થયા છે. જોકે, આ કરાર સંબંધિત વધુ માહિતી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. નિષ્ણાતો માને છે કે ટેરિફ માળખા અંગેની અનિશ્ચિતતા રોકાણકારોનો વિશ્વાસ ઘટાડી શકે છે. ૨. વિદેશી રોકાણકારો વેચાણ ચાલુ રાખે છેઃવિદેશી સંસ્થાકીય રોકાણકારો એ ભારતીય શેરબજારમાં વેચવાલીનો દોર ચાલુ રાખ્યો છે અને આ મહિનામાં અત્યાર સુધીમાં લગભગ ૧૯,૦૭૭ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. જાન્યુઆરીની શરૂઆતમાં પણ, તેઓએ ભારતીય બજારમાંથી ૭૮,૦૨૭ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા હતા. બજારના નિષ્ણાતો કહે છે કે ભારતીય ચલણમાં સતત નબળાઈ અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓએ આઉટફ્લોને વેગ આપ્યો છે. ગુરુવારે FII એ પણ ૨,૭૮૯.૯૧ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. ૩. નબળા ત્રીજા ક્વાર્ટરના પરિણામોએ મનોબળને અસર કરીઃત્રીજા ક્વાર્ટરના નબળા પરિણામોએ શેરબજારનું મનોબળ વધુ નબળું પાડ્યું છે. નબળા પરિણામોને કારણે આજે ૧૪ ફેબ્રુઆરીના રોજ નેટકો ફાર્મા, સેક્રો ગોલ્ડ અને દીપક નાઈટ્રાઈટ જેવી કંપનીઓના શેરમાં ભારે વેચવાલી જોવા મળી. FMCG કંપનીઓ પણ વોલ્યુમ દબાણનો સામનો કરી રહી છે, જે સુસ્ત ગ્રાહક માંગને પ્રતિબિંબિત કરે છે.

ટેકનિકલ વિશ્લેષકો શું કહે છે?:

જયોજિત ફાઈનાન્શિયલ સર્વિસીસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ આનંદ જેમ્સના જણાવ્યા અનુસાર, નિફ્ટી ૨૩,૨૨૦ પર પ્રતિકારનો સામનો કરી રહ્યો છે, જ્યાંથી પાછલા સત્રમાં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો.

"નિફ્ટી માટે ૨૩,૪૩૦નો વધારાનો લક્ષ્યાંક અકબંધ છે, પરંતુ જો ઈન્ડેક્સ ૨૩,૨૨૦ થી ઉપર ટકી રહેવામાં નિષ્ફળ જાય અથવા ૨૩,૦૦૦ થી નીચે સરકી જાય, તો ગતિ નબળી પડી શકે છે.

## રશિયાએ યુક્રેનના પરમાણુ પ્લાન્ટ પર ડ્રોન હુમલો કર્યો

। (એજન્સી) રશિયા, તા.૧૪ ।

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ એક મોટો દાવો કરતાં કહ્યું કે રશિયાએ ચેર્નોબિલમાં પરમાણુ રિએક્ટર પર ડ્રોન વડે હુમલો કર્યો છે. આ ડ્રોન પરમાણુ પ્લાન્ટના કવચ પર આવીને પડ્યો હતો. ઝેલેન્સ્કીએ આ ઘટનાને આતંકી હુમલો ગણાવી અને કહ્યું કે આવી રીતે પરમાણુ સ્થળને નિશાન બનાવા ખતરનાક સાબિત થઈ શકે છે. જોકે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ આ હુમલાની પુષ્ટી કરી હતી. ફાયર સેફ્ટી અધિકારીઓએ આ હુમલા બાદ તાત્કાલિક ધોરણે એક્શન લેતાં આગને કાબૂમાં લીધી હતી.

### બલૂચિસ્તાન પ્રાંતમાં અવારનવાર હિંસક ઘટનાઓ બનતી રહે છે

## બલૂચિસ્તાનમાં શ્રમિકો ભરેલા ટ્રકમાં પ્રચંડ વિસ્ફોટ, ૧૧ના મોત

। (એજન્સી) પાકિસ્તાન, તા.૧૪ ।

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં ફરી પ્રચંડ વિસ્ફોટ થયો છે. આતંકવાદીઓએ કોલસાની ખાણ કામ કરતા શ્રમિકોને લઈ જઈ રહેલા વાહનને નિશાન બનાવી બોંબ વિસ્ફોટ કર્યો છે, જેમાં ઓછામાં ઓછા ૧૧ના મોત થયા છે. આ પહેલા પણ અહીં અનેક વખત વિસ્ફોટ થઈ ચુક્યા છે. બલુચિસ્તાનના હરનઈમાં ભાયનક વિસ્ફોટ થયો છે. એવું કહેવાય છે કે, એક ટ્રકમાં કોલસાની ખાણમાં કામ કરતા શ્રમિકો ખાણ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન રિમોર્ટ દ્વારા વાહનમાં ભયાનક વિસ્ફોટ કરવામાં આવ્યો છે, જેમાં ઘટના સ્થળે જ ૧૧ લોકોના મોત થયા છે. ઘટનામાં છ લોકો ઈજાગ્રસ્ત થયા



છે, જેમને તાત્કાલીક સ્થાનીક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક અધિકારીએ કહ્યું કે, આતંકવાદીઓએ રિમોર્ટથી વિસ્ફોટ કર્યો હતો. હાલ કોઈપણ જૂથે આ હુમલાની જવાબદારી લીધી નથી. આ વિસ્તારના નાયબ કમિશનર હજરત વલી આગાએ કહ્યું કે, જ્યારે વિસ્ફોટ થયો, ત્યારે ટ્રકમાં ૧૧ શ્રમિકો સવાર હતા. સ્થાનીક હોસ્પિટલના એક ડૉક્ટરે કહ્યું કે, ઈજાગ્રસ્તોમાં બેની હાલત ગંભીર છે. ખાણ સમૃદ્ધ બલૂચિસ્તાન, ઈરાન અને અફઘાનિસ્તાનની સરહદ પાસે આવેલી છે. અલગાવવાદી જાતીય બલૂચ જૂથો દ્વારા અહીં અવારનવાર હુમલાઓ અને વિસ્ફોટો કરવામાં આવે છે. આ ઉપરાંત અહીં ઈસ્લામી આતંકવાદી પણ સક્રિય છે. પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં સેના અને પોલીસની બર્બતા વિરુદ્ધ સ્થાનીક લોકો ગુસ્સે થયેલા છે, જેના કારણે અહીં સેના અને બલૂચ બળવાખોરો વચ્ચે અવારનવાર લોહીયાળ અથડામણ થતી રહે છે. આ પહેલા પહેલી ફેબ્રુઆરીએ સેના અને બળવાખોરો વચ્ચે ભયાનક અથડામણ થઈ હતી

### રશિયાને ઝટકો આપવાની તૈયારી

## ડોનાલ્ડ ટ્રમ્પની ભારતના ૧૧ લાખ કરોડ ના ઓઇલ ઇમ્પોર્ટ પર નજર

।(એજન્સી) નવીદિલ્હી, તા.૧૪।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરીને ભારત પરત ફર્યા છે. આ દરમિયાન તેમણે ક્રૂડના સોદાનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો છે. ટ્રમ્પે પીએમ મોદી સાથે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, અમારી પાસે અન્ય દેશોની તુલનાએ વધુ ક્રૂડ અને ગેસ છે. તેમને (ભારતને) બંનેની જરૂરીયાત છે અને તે અમારી પાસે છે. ટ્રમ્પે વેપારી નીતિ અંગે કહ્યું કે, 'અમે ભારત સાથે કામ કરવાની યોજના બનાવી છે.



અમે ભવિષ્યમાં ભારત સાથે મોટી સમજૂતી કરારની જાહેરાત કરવાના છીએ.' પીએમ મોદીએ ટ્રમ્પના નિવેદન પર પ્રતિક્રિયા આપતી વખતે કહ્યું કે, 'રાષ્ટ્રપતિ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રીય હિતને હંમેશા સર્વોચ્ચ માને છે અને તેમની જેમ હું પણ ભારતના રાષ્ટ્રીય હિતોને સર્વોચ્ચ રાખું છું. ત્યારબાદ ટ્રમ્પે કહ્યું કે, 'અમારી પાસે વાત કરવા માટે કેટલીક મહત્ત્વની બાબતો છે. ભારત અમેરિકા પાસેથી બહોળા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદવાનું છે. વિશ્વના કોઈપણ દેશની તુલનાએ અમારી પાસે સૌથી વધુ ક્રૂડ અને ગેસ છે. ભારતને તેની જરૂર છે અને અમારી પાસે તે છે. અમારા બંને વચ્ચે ઉર્જા પર સમજૂતી થઈ છે, જેનાથી આપણે ભારતમાં તેલ અને ગેસના અગ્રણી સપ્લાયર બનીશું. ભારત દર વર્ષે અન્ય દેશો પાસેથી કેટલી રકમનું પેટ્રોલ-ડિઝલ ખરીદે છે? તેની વાત કરીએ તો આ આંકડો ૧૩૨ અબજ ડૉલર એટલે કે ૧૧ લાખ કરોડ છે.

## હિંમત હોય તો મણિપુર જાય અને માફી માગી બતાવે

। (એજન્સી) મણિપુર, તા.૧૪ ।

કોંગ્રેસે એક વખત ફરી મણિપુરના મુદ્દે ભાજપને ઘેરી છે. શુક્રવારે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો કે 'ભાજપે ભૂલ માનીને જ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કર્યું છે.' સાથે જ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મણિપુરની જનતાની માફી માગવા માટે કહ્યું છે. મહત્ત્વનું છે કે વિપક્ષ લાંબા સમયથી રાજ્યમાં હિંસાના આરોપોને લઈને ભાજપ પર સવાલ ઉઠાવી રહ્યું છે. ખડગેએ સવાલ કર્યો કે 'શું વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે મણિપુરનો પ્રવાસ કરવા અને ત્યાં લોકોની માફી માગવાની હિંમત બતાવી શકશે?

## મોદી સરકાર સાથે મંત્રણા પહેલા ખેડૂતોનું શક્તિ પ્રદર્શન

। (એજન્સી) પંજાબ, તા.૧૪ ।

ખનૌરી અને શંભુ બોર્ડર પર ખેડૂત ગત એક વર્ષથી આંદોલન કરી રહ્યાં છે. આ ખેડૂત સંગઠનોની સાથે આજે કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓની મીટિંગ થવાની છે. આ મીટિંગમાં એમએસપી પર ગેરંટી કાયદા સહિત ઘણા મુદ્દા પર વાત થવાની શક્યતા છે. આ પહેલા ખેડૂતોએ સતત ત્રણ દિવસ સુધી શક્તિ પ્રદર્શન કર્યું છે. શંભુ બોર્ડર પર ગુરુવારે ખેડૂતોએ એક મોટી મહાપંચાયતનું આયોજન કર્યું. આ મીટિંગ ખેડૂત આંદોલન ૨.૦ ના એક વર્ષ પૂરા થવા પર આયોજિત કરવામાં આવી હતી. આ સિવાય શુક્રવારે કેન્દ્ર સરકારથી ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓની મીટિંગ થવાની છે. માનવામાં આવી રહ્યું છે કે સરકાર પર મીટિંગથી પહેલા દબાણ બનાવવા માટે હજારો ખેડૂતોનો જમાવડો થયો હતો. આ મહાપંચાયતમાં પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના હજારો ખેડૂતોએ ભાગ લીધો. આ મહાપંચાયત પહેલા



૧૧ તારીખે રાજસ્થાનના રતનપુરા અને પછી ૧૨ તારીખે ખનૌરી બોર્ડર પર આયોજન થયું હતું. ગુરુવારે થયેલી મહાપંચાયતમાં ખેડૂત નેતા સરવન સિંહ પંઢેરે કહ્યું કે અત્યાર સુધી આંદોલમાં ગત એક વર્ષમાં ૪૩ લોકોના મોત નીપજ્યા છે. આ સિવાય ૪૫૦ ખેડૂત ઈજાગ્રસ્ત થઈ ચૂક્યા છે. તેમાંથી ૩૫ ખેડૂત ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે. ગયા વર્ષે ખેડૂત આંદોલન દરમિયાન શુભકરણ સિંહનું મોત નીપજ્યું હતું. તેની પુણ્યતિથિ પર ખેડૂત સંગઠનોએ બઠિંડાના બલ્લો ગામમાં ૨૧ ફેબ્રુઆરીએ કાર્યક્રમની જાહેરાત કરી છે. આ દરમિયાન ખેડૂત નેતા જગજીત સિંગ ડલ્લેવાલે પોતાના અનશનના ૮૦માં દિવસના અવસર પર કહ્યું કે હું પોતાના સંકલ્પ પર અડગ છું.

અભિમન્યુ કોહરનું કહેવું છે કે શુક્રવારે થનારી મીટિંગમાં જગજીત સિંહ ડલ્લેવાલ પણ સામેલ થઈ શકે છે. સૂત્રોનું કહેવું છે કે સંયુક્ત કિસાન મોર્ચાના કુલ ૧૪ પ્રતિનિધિ કેન્દ્ર સરકારની સાથે મીટિંગમાં ભાગ લેશે. આ મીટિંગમાં એમએસપીની લીગલ ગેરંટી સહિત ઘણા મુદ્દા ઉઠાવવામાં આવી શકે છે. ખેડૂત સંગઠનોએ તો લાંબી લિસ્ટ તૈયાર કરી છે. હવે જોવાનું એ રહેશે કે કયા મુદ્દા પર સહમતિ બની શકે છે. ખેડૂત સંગઠનોનું મુખ્ય જોર એમએસપી અને સ્વામીનાથન આયોગની ભલામણોને લાગુ કરવા પર છે. એક મહત્ત્વની ડિમાન્ડ છે કે ખેડૂતોનું તમામ દેવું માફ કરી દેવામાં આવે. આ માગને લઈને કેન્દ્ર સરકાર કંઈક આંશિક જાહેરાત કરી શકે છે.

### ICC મેન્સ ચેમ્પિયનશિપ ટ્રોફી ૨૦૨૫ ક્રિકેટ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે

## ICC એ ચેમ્પિયન્સ ટ્રોફીની ઇનામી રકમમાં વધારો કર્યો

। નવી દિલ્હી, તા.૧૪ ।

આ ICC ટુર્નામેન્ટ પાકિસ્તાન અને દુબઈમાં આયોજિત કરવામાં આવશે. ભારતે ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન જવાનો ઈનકાર કર્યો હતો, ત્યારબાદ ICC એ ભારતની મેચ દુબઈમાં યોજવાનો નિર્ણય લીધો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ એ શુક્રવારે ચેમ્પિયન્સ ટ્રોફી માટે ઈનામી રકમની જાહેરાત કરી. વૈશ્વિક ક્રિકેટ સંસ્થાએ ટુર્નામેન્ટની ઈનામી રકમમાં ગયા વખતની સરખામણીમાં ૫૩ %નો વધારો કર્યો છે. ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફીની વિજેતા ટીમને ૨.૪ મિલિયન US ડોલર એટલે કે લગભગ ૧૯.૫ કરોડ રૂપિયા મળશે. આ ICC ટુર્નામેન્ટ પાકિસ્તાન અને દુબઈમાં આયોજિત થશે. ભારતે ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન જવાનો ઈનકાર કર્યો હતો, ત્યારબાદ ICC એ ભારતની મેચ દુબઈમાં યોજવાનો નિર્ણય લીધો. ભારત આ ટુર્નામેન્ટમાં ૨૦ ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. ભારત ટુર્નામેન્ટ માટે ગ્રુપ છ માં છે જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન પાકિસ્તાન, ન્યુઝીલેન્ડ અને બાંગ્લાદેશનો પણ સમાવેશ થાય છે.

### આતંકી હુમલાની આશંકાઃ અફઘાન શરણાર્થીની ધરપકડ

## જર્મનીમાં યુએસ પ્રમુખ વેન્સના આગમન અગાઉ કાર હુમલો ૨૮ને ઈજા

। (એજન્સી) બર્લિન, તા.૧૪ ।

જર્મનીના સેન્ટ્રલ મ્યુનિચમાં એક ડ્રાઈવરે ભીડમાં વાહન હંકારીને ૨૮ લોકોને કચડી દીધા છે. જોકે તેમાં કોઈના મોતનો અહેવાલ નથી. જોકે ઈજાગ્રસ્તોમાં અનેકની હાલત ગંભીર હોવાથી મૃત્યુ થવાની સંભાવના છે. શુક્રવારે મ્યુનિચ સુરક્ષા સંમેલન શરૂ થવાનું છે તે અગાઉ આ બનેલી આ ઘટનાથી ખળભળાટ વ્યાપી ગયો છે. આ સંમેલનમાં અમેરિકી ઉપપ્રમુખ જેડી વેન્સ અને યુક્રનના પ્રમુખ ઝેલેન્સ્કી હાજર રહેવાના છે. વેન્સના આગમનના થોડાક અગાઉ આ ઘટના બની હતી. સત્તાવાળાઓ આને ભાંગફોડ અને આતંકી ઘટના સાથે સાંકળી રહ્યા છે. આ ઘટનામાં અફઘાનના શરણાર્થીની ધરપકડ કરવામાં આવી છે. તાજેતરના મહિનાઓમાં ઈમીગ્રેન્ટ્સને આવરી લેતા હુમલાની ઘટનાઓ પછી આ હુમલાથી સમગ્ર જર્મનીમાં સનસનાટી મચી ગઈ છે.સવારે ૧૦:૩૦ કલાકે સર્વિસ વર્કર્સ યુનિયનના લોકો પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે એક કાર ચાલકે પૂરઝડપે વાહન હંકારીને ભીડ પર ચડાવી દીધી હતી તેમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે કાર પર ફાયરિંગ કરીને ચાલકની ધરપકડ કરી હતી. તે અફઘાનનો શરણાર્થી ૨૪ વર્ષીય યુવક છે. ન્યાય મંત્રી જ્યોર્જ ઈસેનરીચે જણાવ્યું હતું કે આ કેસમાં કટ્ટરપંથી અને આતંકી હુમલાની દિશામાં પણ તપાસ કરાઈ રહી છે. અમે પીડિતો સાજા થાય તે અંગે પ્રાર્થના કરી રહ્યા છીએ. ઈજાગ્રસ્તોમાં કેટલાક બાળકો પણ સામેલ છે. ઉલ્લેખનીય છે કે જર્મનીમાં ૨૩ ફેબ્રુઆરીએ ચૂંટણી થવાની છે.

### ટૂંક સમયમાં થઈ શકે છે બેઠક

## PM મોદી અને રાહુલ ગાંધી નક્કી કરશે ચૂંટણી પંચના નવા ચીફ કમિશનરનું નામ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૪ ।

કાયદા મંત્રાલયે નવા ચીફ ઈલેક્શન કમિશનરની નિમણૂક માટે ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ત્રણ સભ્યોની કમિટી બેઠક બોલાવી છે. આ ત્રણ સભ્યોની કમિટીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન મેઘવાલ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી સામેલ થશે. ઉલ્લેખનીય છે, વર્તમાન ચીફ ઈલેક્શન કમિશનર રાજીવ કુમારનો કાર્યકાળ ૧૮ ફેબ્રુઆરીએ પૂર્ણ થવાનો છે. જેથી નવા ચીફ ઈલેક્શન કમિશનરની પસંદગી માટે આ કમિટીની રચના કરવામાં આવી છે.કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલના નેતૃત્વ હેઠળ ખોજ કમિટીની રચના કરી હતી. જેમાં બે સભ્યોમાં નાણાં વિભાગના સચિવ તથા કર્મચારી અને તાલીમ વિભાગના સચિવ સામેલ હતાં. અત્યાર સુધી સૌથી વરિષ્ઠ ચૂંટણી કમિશનરની ચીફ ઈલેક્શન કમિશનર માટે પસંદગી કરવામાં આવતી હતી. પરંતુ ગતવર્ષે સીઈસી (ચીફ ઈલેક્શન કમિશનર) અને ઈસી (ઈલેક્શન કમિશનર) નિમણૂક માટે એક નવો કાયદો લાગુ થયા બાદ નિમણૂક પ્રક્રિયામાં ફેરફાર થયો છે. પ્રથમ વખત ઝઈઝની નિમણૂક માટે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર (નિયુક્તિ, સેવાની શરતો અને કાર્યાલયની મુદત) અધિનિયમ, ૨૦૨૩ની જોગવાઈઓ લાગુ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે રાજીવ કુમારની મે, ૨૦૨૨માં ચીફ ઈલેક્શન કમિશનર તરીકે નિમણૂક થઈ હતી. તેમના નેતૃત્વ હેઠળ, ચૂંટણી પંચે ૨૦૨૪માં લોકસભા ચૂંટણીનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

### કિન્નર અખાડામાં ઘટનાને પગલે અરાજકતા

## મહાકુંભ મેળામાં મહામંડલેશ્વર સહિત ચાર લોકો પર હુમલો થયો

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૪ ।

મહાકુંભ મેળા વિસ્તારના સેક્ટર ૧૬માં કિન્નર અખાડાનો કેમ્પ છે. એવું કહેવામાં આવ્યું છે કે ગુરુવારે રાત્રે મહામંડલેશ્વર કલ્યાણીનંદ ગિરી ભક્તોને આશીર્વાદ આપી રહ્યા હતા. ગુરુવારે રાત્રે મહાકુંભમેળા વિસ્તારમાં કિન્નર અખાડાના મહામંડલેશ્વર કલ્યાણીનંદ ગિરી અને તેમના ત્રણ શિષ્યો પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. તમામ મામૂલી ઈજાગ્રસ્તોને મહાકુંભ સેન્ટ્રલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના પાછળ કિન્નર અખાડાની જૂથવાદ છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે મહાકુંભ મેળા વિસ્તારના સેક્ટર ૧૬માં કિન્નર અખાડાનો કેમ્પ છે. એવું કહેવામાં આવ્યું છે કે ગુરુવારે રાત્રે મહામંડલેશ્વર કલ્યાણીનંદ ગિરી ભક્તોને આશીર્વાદ આપી રહ્યા હતા. આરોપ છે કે આ દરમિયાન કેટલાક યુવકો કેમ્પમાં ઘૂસી ગયા અને તેમની સાથે દુર્વ્યવહાર કરતા મહામંડલેશ્વર પર ચાકુ વડે હુમલો કર્યો.જ્યારે તેણે દરમિયાનગીરી કરી તો તેની શિષ્યા રાધિકા, વૈષ્ણવી અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થઈ ગઈ. આ ઘટનાથી મેદાનમાં અરાજકતાનો માહોલ સર્જાયો હતો. તમામને તાત્કાલિક સેન્ટ્રલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં થોડીવારમાં તમામ વ્યંઢળો પણ પહોંચી ગયા હતા. પોલીસ સ્ટેશન હેડ અન્ના ક્ષેત્ર શંભુ સિંહનું કહેવું છે કે આ ઘટના અંગે કોઈ લેખિત ફરિયાદ મળી નથી. કોઈને ગંભીર ઈજા થઈ નથી. પ્રાથમિક તપાસમાં અખાડાઓ વચ્ચે ચાલી રહેલા જૂના વિવાદને કારણે આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

## સુરત પોલીસે બે પીધેલાને ઝઘડતા પકડ્યા તો લૂંટનો ગુનો પણ ઉકેલાયો

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

સુરત પોલીસે જાહેરમાં દારૂ પીને ઝઘડતા બે શખ્સોને પકડાતા લૂંટનો ગુનો ઉકેલાયો હતો. બંને શખ્સોએ જે રિક્ષામાં આવ્યા હતા તે રિક્ષાની લૂંટ કરી હતી અને ચિક્કાર દારૂ પીધો હતો. દારૂ પીને રિક્ષામાં સુરત આવી ઝઘડો કરતા લોકોએ પોલીસને બોલાવી પકડાવી દીધા હતા અને આખો મામલો સામે આવ્યો હતો. કાપોદ્રા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એમ.બી. ઓસુરાએ જણાવ્યું હતું કે, ગઈકાલે કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કાપોદ્રા ચાર રસ્તા પાસે સવારે પીસીઆર વાનને કંટ્રોલ રૂમ તરફથી કોલ મળ્યો હતો કે, કાપોદ્રા ચાર રસ્તા પાસે બે શખસો ઝઘડો કરી રહ્યા છે. પબ્લિકે અને ટ્રાફિક પોલીસે તેને પકડી રાખ્યો છે. ત્યારે તાત્કાલિક પીસીઆર વાન ઘટનાસ્થળે પહોંચી હતી અને પકડાયેલા શખસોની તલાશી લેતા તેમની પાસેથી ચપ્પુ મળી આવ્યા હતા. આરોપીઓની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, તેમના નામ ગૌતમ ચેતનભાઈ ડાભી અને વસંતભાઈ કેશુભાઈ સોલંકી છે, તેઓ સોમવારે રાત્રે કામરેજ ચાર રસ્તા પાસે એક રિક્ષામાં બેઠા હતા અને કાપોદ્રા પોલીસ મથક વિસ્તારમાં આવેલા નાના વરાછા ઢાળ પાસે રિક્ષામાં બેઠેલા ત્રણેય શખસોએ માથાકૂટ કરી રિક્ષાવાળાને ચપ્પુ બતાવી ગાળાગાળી કરી હતી અને ધાક ધમકી આપી ચપ્પુ બતાવી તેને રિક્ષામાંથી ઉતારી મૂક્યો હતો અને રોકડ ૨,૦૦૦ અને મોબાઈલ ફોન લૂંટી લીધો હતો. રિક્ષા લઈ કામરેજના વાવ તરફ જતા રહ્યા હતા. ત્યારબાદ દારૂ પીધો હતો અને ફરી કાપોદ્રા ખાતે આવી ઝડપાઈ ગયા હતા.આરોપીઓની કબુલાત બાદ કાપોદ્રા પોલીસે રિક્ષાચાલક પાસેથી હકીકત જાણી બંનેની ધરપકડ કરી હતી.

## રાજકોટમાં ધોળા દિવસે ચાર રસ્તા પર ૩૬ તોલા સોનાની ચોરી

। (એજન્સી) રાજકોટ, તા.૧૪ ।

રાજકોટ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતી આજીડેમ ચોકડી ખાતે દિન દહાડે અજાણ્યા વ્યક્તિ દ્વારા મહિલાના પર્સમાં રહેલ ૩૬ તોલા સોનાના દાગીનાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. તેમજ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ હાલ સામે આવ્યા છે. સીસીટીવી ફૂટેજના આધારે આજીડેમ ચોરીની ઘટનાને અંજામ આપનારા વ્યક્તિઓ અંગે શોધખોળ હાથ ધરવામાં આવી છે. ૩૨ વર્ષીય શીતલ આહીર નામની પરિણીતા દ્વારા રાજકોટ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ૩૬ તોલા સોનાના દાગીનાની ચોરી ફરિયાદ નોંધાવી છે.

### ખેલમહાકુંભ ૩.૦ : દિવ્યાંગ ભાઈ-બહેનો માટે પ્રેરણાદાયી મંચ સાબિત થયું

## જિલ્લાકક્ષાની ગોળા ફેંક સ્પર્ધામાં પ્રથમ ક્રમ હાંસલ કરનાર વસાવાએ વહીવટી તંત્ર દ્વારા કરાયેલા આયોજનની પ્રશંસા કરી

। (માહિતી) નર્મદા, તા.૧૪ ।

નર્મદા જિલ્લાની સ્પોર્ટ્સ સંકુલ (ધાબા ગ્રાઉન્ડ) ખાતે રાજપીપળા "ખેલમહાકુંભ ૩.૦" અંતર્ગત દિવ્યાંગ ભાઈ-બહેનો માટે ખાસ રમતસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિવ્યાંગ ભાઈ-બહેનો દોડ, ભાલા ફેંક, ગોળા ફેંક, ચક્ર ફેંક અને લોંગ જમ્પ જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. મુકબધિર સરકારી શાળા, રાજપીપલાના બાળકોએ પણ દોડમાં તેમના રમતકૌશલ્યનું દમદાર પ્રદર્શન કર્યું હતું.



આ પ્રસંગે જિલ્લા રમત વિકાસ અધિકારીના પ્રતિનિધિ શ્રી વિષ્ણુભાઈ વસાવાએ જણાવ્યું કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા આયોજિત આ ખાસ રમતસ્પર્ધામાં દિવ્યાંગ ભાઈ-બહેનો અને બાળકોને રસપૂર્વક ભાગ લઈ તેમના રમતકૌશલ્ય અને ખેલ માટેની આદરની મહત્વપૂર્ણ મિશાલ કાયમ કરી હતી. આ સ્પર્ધકો જિલ્લાક્ષની સ્પર્ધાઓમાં જીત હાંસલ કરીને હવે રાજ્યકક્ષાની રમતસ્પર્ધામાં ભાગ લેશે. આ તકે શ્રી વસાવાએ સ્પર્ધકોની મહેનત અને સમર્પણની પ્રશંસા કરી અને આગળની સ્પર્ધાઓ માટે રમતવીરોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે, દેડિયાપાડા તાલુકાના સાબુટી ગામના વિપુલભાઈ વસાવાએ જણાવ્યું કે, હું આજની આ સ્પર્ધામાં ગોળા ફેંકમાં મે ભાગીદારી નોંધાવી હતી, જેમાં મારો પ્રથમ ક્રમ આવ્યો છે. હવે હું રાજ્યકક્ષાની રમતમાં ઉત્સાહભેર ભાગ લઈશ. ખેલમહાકુંભ અંતર્ગત દિવ્યાંગ માટે આ ખાસ રમતસ્પર્ધાનું આયોજન કરવા માટે તેમણે સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો. તેમજ શ્રી વસાવાએ જણાવ્યું કે, વહીવટી તંત્રએ ખૂબ જ આયોજનબદ્ધ વ્યવસ્થા ધાબાગ્રાઉન્ડ ખાતે ગોઠવી છે, જેમાં ખોરાક-પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓનું ઝીણવટપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. ખેલમહાકુંભ ૩.૦" જેવી મોટી સ્પર્ધાઓ રમતો દિવ્યાંગ સમુદાય માટે એક માર્ગદર્શન પૂરું પાડશે. નોંધનીય છે કે, તા. ૧૨મી એ જિલ્લાકક્ષાની OH (શારીરિક ક્ષતિગ્રસ્ત) સ્પર્ધાઓ અને તા. ૧૩મી એ માનસિક ક્ષતિગ્રસ્ત (MR), અંધજન અને શ્રવણ મંદ ભાઈઓ-બહેનો માટેની સ્પર્ધાઓમાં ૧૦૦ ભાઈઓ અને ૮૦ બહેનો મળીને કુલ ૧૮૦ સ્પર્ધકોએ ઉત્સાહ ઉમંગ સાથે ભાગ લીધો હતો.

### જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ દ્વારા

## જુવેનાઇલ જસ્ટીસ એક્ટ વિષય પર વડોદરા પોલીસ શહેર અને ગ્રામ્ય માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

### જુવેનાઇલ જસ્ટીસ બોર્ડના અધ્યક્ષ સ્થાને શહેર-જિલ્લામાં પોલીસ વિભાગ દ્વારા બાળકો માટે થઈ રહેલ કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

। (માહિતી) વડોદરા, તા.૧૪ ।

જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, વડોદરા અને જિલ્લા બાળ સુરક્ષા એકમ, વડોદરા દ્વારા બાળ ગોકુલમ, ભૂતડીઝાંપા ખાતે જુવેનાઈલ જસ્ટીસ એક્ટ – ૨૦૧૫ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયન – ૨૦૧૨ (POCSO ACT – 2012) અંતર્ગત પોલીસની ભૂમીકા વિષય પર એસ.ડી.કાપડિયા, પ્રિન્સિપલ મેજીસ્ટ્રેટ, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડની અધ્યક્ષતામાં તા.૧૩/૦૨/૨૦૨૫ ના રોજ તાલીમ તથા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી અમિત વસાવા દ્વારા જુવેનાઈલ જસ્ટીસ એક્ટ – ૨૦૧૫ તથા સમાજ સુરક્ષા સંકુલના પ્રોજેક્ટ મેનેજર ચેતન પરમાર દ્વારા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયન – ૨૦૧૨ વિષય પર પોલીસની ભૂમીકા શું છે તેના ઉપર સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના અધ્યક્ષ એસ.ડી. કાપડિયા દ્વારા સદર કાયદા ઉપર વધુ સારી રીતે કામગીરી કરી શકાય તે માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના સભ્યશ્રી ઈલાબેન વ્યાસ અને ભવાનભાઈ પટેલ, વડોદરા ગ્રામ્યના સ્પેશિયલ જુવેનાઈલ પોલીસ યુનિટના નોડલ ઓફિસર શ્રીમતી સી. એન. ચૌધરી અને વડોદરા શહેરના સ્પેશિયલ જુવેનાઈલ પોલીસ યુનિટના નોડલ ઓફિસર શ્રીમતી બી. બી. પટેલ, વડોદરા જિલ્લાનાં લીગલ કમ પ્રોબેશન ઓફિસરશ્રીઓ, બાળ સંભાળ ગૃહોના પ્રોબેશન ઓફિસરશ્રી, કાઉન્સેલરશ્રી, વડોદરા શહેર અને ગ્રામ્યના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

## નર્સિંગની પરીક્ષામાં છબરડાને લઈને આરોગ્ય મંત્રીએ બોલાવી બેઠક

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાતમાં છાશવારે પરીક્ષાના પેપર ફૂટવાથી લઈને પરીક્ષામાં થતાં ગોટાળાને લઈને પ્રશ્ન થતાં રહે છે. ત્યારે હવે ફરીથી નર્સિંગની પરીક્ષામાં પણ ગોટાળો સામે આવ્યો છે, જેને લઈને રાજ્યભરમાં વિવાદ થઈ રહ્યો છે. નર્સિંગ પરીક્ષાની આન્સર કીમાં એબીસીડી પ્રમાણે જવાબ ગોઠવાયા હતાં. લોકોનો આરોપ છે કે, ચોક્કસ લોકોને ફાયદો પહોંચાડવા માટે આ પ્રકારનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પરિણામે ગુજરાત ટેક્નિકલ યુનિર્સિટી અને રાજ્ય આરોગ્ય વિભાગ શંકાના ઘેરામાં મૂકાયું છે. આ દરમિયાન જીટીયુએ આ સમગ્ર મામલે રાજ્ય આરોગ્ય વિભાગને એક રિપોર્ટ સુપરત કર્યો છે. આ મુદ્દે ગુરૂવારે (૧૩ ફેબ્રુઆરી) આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં બેઠક કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાની વાત કરવામાં આવી છે. નર્સિંગ પરીક્ષામાં છબરડાને લઈને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં બેઠક બોલાવવામાં આવી હતી. લગભગ ૨ થી ૩ કલાક આ બેઠક ચાલી હતી, જેમાં સમગ્ર મુદ્દે GTU ના રજિસ્ટ્રાર અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં તૃપ્તિ દેસાઈ અને આરોગ્ય કમિશનર હર્ષદ પટેલ આ બેઠકમાં હાજર રહ્યાં હતાં. હાલ આ બેઠક પૂર્ણ થઈ ચુકી છે અને વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાશે તેવી વાત કરવામાં આવી છે. સમગ્ર મુદ્દે આરોગ્ય કમિશનરે જણાવ્યું કે, GTU ના વાઈસ ચાન્સલર્સ અને અમે તમામ બાબતોને ધ્યાનમાં લઈને બ્રિફિંગ કરવામાં આવ્યું છે. આગળ તમામ બાબતોને ધ્યાનમાં લઈને સરકાર સક્ષમતા પૂર્વક નિર્ણય લેશે. આ સિવાય વિદ્યાર્થીઓને આશ્વાસન આપવામાં આવ્યું કે, નિર્ણય વિદ્યાર્થીઓના હિતમાં જ લેવાશે. ૧૯૦૩ સ્ટાફ નર્સની જગ્યા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, ત્યારે સ્ટાફ નર્સની પરીક્ષા સામે સવાલો ઉઠ્યાં છે.

## અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં બેસીને જુગાર રમતા ૫ સટોડિયાની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બુધવારે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મેચ રમાઈ હતી. આ દરમિયાન અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં બેસીને ચાલુ મેચ દરમિયાન ઓનલાઈન સટ્ટા બેટિંગ કરી રહેલા ૫ વ્યક્તિઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધી ધરપકડ કરવામાં આવી છે. ચાંદખેડા પોલીસે અને ઝોન ૨ એલસીબીએ સંયુક્ત કાર્યવાહી હાથ ધરી તેમની પાસેથી ૧,૮૦,૭૫૦ ની રોકડ અને મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે. મોટેરા સ્ટેડિયમમાં બેસીને ચાલુ મેચે ઓનલાઈન સટ્ટો રમી રહેલા રાજેન્દ્ર બહીરૂ સોનવણે (ઉં.વ. ૨૬ મહારાષ્ટ્ર, નાસિક), આદિત્ય ધારસીંગ ડાગોર (ઉં.વ.૩૦ સોમલી, રાજસ્થાન), સંજીવ ચાદવીરસિંગ ચૌહાણ (ઉં.વ. ૩૨, રાત્રેડ્રા, હરિયાણા), નીપુન પવન કુમાર આનંદ (ઉં.વ.૩૮ ગુડગાંવ, હરિયાણા), કૃણાલ મનોજભાઈ ભટ્ટ (ઉં.વ.૩૩ ધોડાસર, અમદાવાદ)ની પોલીસે ધરપકડ કરી પૂછપરછ શરૂ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## આહવા ખાતે યોજનારા ઐતિહાસિક 'ડાંગ દરબાર'ના ભાતિગળ લોકમેળા સંદર્ભે વિવિધ સમિતિઓની કરાઇ રચના

। (માહિતી) ડાંગ, તા.૧૪ ।

ડાંગ જિલ્લાની ભાતીગળ લોક સંસ્કૃતિને ઉજાગર કરતાં 'ડાંગ દરબાર'ના ઐતિહાસિક લોકમેળાના આગમનના એંધાણની સાથે જ, ડાંગ જિલ્લા વહીવટી તંત્રે સમગ્ર લોકમેળાને વધુ લોકભોગ્ય બનાવવા, તથા તેના સૂચારુ આયોજન-વ્યવસ્થા બાબતે તૈયારીઓ આરંભી દીધી છે. સંભવતઃ આગામી તારીખ ૮ થી ૧૨ માર્ચ, ૨૦૨૫ દરમિયાન આહવા ખાતે યોજનારા ડાંગ દરબારમાં પધારનારા મહાનુભાવોની વ્યવસ્થાઓ તથા ડાંગની ઐતિહાસિક પરંપરાને અનુરૂપ રાજવીશ્રીઓના સન્માન અને પોલિટિકલ પેન્શન એનાયત કરવાના કાર્યક્રમ સંબંધિત આનુશાંગિક વ્યવસ્થાઓ બાબતે રચાયેલી જિલ્લા કક્ષાની વિવિધ સમિતિઓને, તેમની કામગીરીથી અવગત કરાવતા જિલ્લા કલેક્ટર શ્રી રાજ સુથારે આ ભવ્ય ભાતિગળ લોકમેળાને વધુ લોકભોગ્ય બનાવવાની હિમાયત કરી હતી. સમિતિના અધ્યક્ષ તથા તેના સભ્યોને તેમની કામગીરી સંદર્ભે પરસ્પર પરામર્શ કરીને તમામ કામગીરીનું સૂચારુ




આયોજન સુનિશ્ચિત કરવાની અપીલ કરતાં કલેક્ટરશ્રીએ મેળાના ઉદ્ઘાટન સમારોહ, શોભાયાત્રા, રાત્રિ દરમિયાન આયોજિત સાંસ્કુતિક કાર્યક્રમો, મેળાના પ્લોટ, કાયદો અને વ્યવસ્થા, ટ્રાફિક નિયમન, આરોગ્ય અને ડિઝાસ્ટર સંબંધિત કામગીરી, સ્વછતા અને સેનિટેશન સહિતના મુદ્દાની વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લાના પ્રજાજનોમાં અદકેરું સ્થાન મેળવનારા રાજવીશ્રીઓનુ 'ડાંગ દરબાર'ના મેળા દરમિયાન ઐતિહાસિક પોલિટિકલ પેન્શન એનાયત કરવા સાથે, તેમનું પરંપરાગત રીતે સ્વાગત/અભિવાદન કરવામાં આવે છે. આ અવસરે રાજ્યના રાજયપાલશ્રી વિશેષ ઉપસ્થિત રહી આ પરંપરાને જાળવે છે. તે પૂર્વે રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમોની રમઝટ સાથે રાજવીશ્રીઓની ભવ્ય શોભાયાત્રા પણ આયોજિત કરવામાં આવે છે. જ્યારે મેળાના દિવસો દરમિયાન દરરોજ સાંજે રંગ ઉપવનના રંગમંચ ઉપર રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવે છે. આ તમામ કામગીરી બાબતે જિલ્લા વહીવટી તંત્રના ચુનંદા અધિકારી/કર્મચારીઓની વિવિધ સમિતિઓની રચના કરી, જુદી જુદી કામગીરી સોંપી દેવામાં આવી છે. જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી 'ડાંગ દરબાર' આયોજન અંગેની આ અગત્યની બેઠકમાં ઈન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટર શ્રી મેહુલ ખાંટે, સૌ સમિતિ સભ્યોને તેમની કામગીરીથી માહિતગાર કર્યા હતા. આ બેઠકમાં નાયબ વન સંરક્ષક સર્વેશ્રી રવિ પ્રસાદ, દિનેશ રબારી, પ્રાંત અધિકારી સુ.શ્રી કાજલ આંબલીયા, કાર્યપાલક ઈજનેર શ્રી કેતન કુંકણા સહિતના સંકલનના તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વરાછામાં મોપેડ અને બે બાઇકને ટક્કર મારનાર કારનો ચાલક ફરાર

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

સુરતના મોટા વરાછામાં હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, આ ઘટનામાં એક કાર ચાલકે ત્રણથી વધુ વાહનોને ટક્કર મારી હતી. આપને જણાવી દઈએ અકસ્માત બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. જેમાં બે મહિલાઓને ઈજા અને અન્ય વાહનોને નુકસાન થયું હતું.આ બાબતે ઉત્તરાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.સુરતના મોટા વરાછામાં હિટ એન્ડ રનની ઘટના બની, જેના કારણે રસ્તા પર લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો. કાર ચાલકે ત્રણથી વધુ વાહનોને ટક્કર મારી હતી. જેમાં બાઈક સવારને ટક્કર મારતાં બાઈક ચાલક રોડ પરથી નીચે પટકાયો હતો અને ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત બાઈક ચાલકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. અકસ્માત બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે ઘટના સ્થળના સીસીટીવી ફૂટેજ તપાસ્યા છે અને નંબર પ્લેટના આધારે કાર ચાલકને પકડવાનો પ્રયાસ કરી રહી છે.વરાછામાં મોપેડ અને બે બાઈકને ટક્કર મારનાર કારનો ચાલક ફરાર થઈ ગયો છે અને આ ઘટના બાદ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તેણે અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોના નિવેદન પણ નોંધ્યા છે. અકસ્માત બાદ કાર ચાલક જ્યાંથી ભાગી ગયો હતો તે રોડના સીસીટીવી કેમેરા પણ ચેક કરવામાં આવ્યા છે. હિટ એન્ડ રન પર આ નવી જોગવાઈ છે. આ અંતર્ગત જો રસ્તા પર હિટ એન્ડ રનની ઘટના બને છે તો ડ્રાઈવરને ૧૦ વર્ષની જેલની સજા થશે. આ ઉપરાંત તેણે દંડ પણ ભરવો પડશે. હવે નવા નિયમ મુજબ, જો કોઈ કાર કોઈની સાથે અથડાય છે અને ડ્રાઈવર પોલીસ પ્રશાસનને જાણ કર્યા વિના સ્થળ પરથી ભાગી જાય છે, તો તેને ૧૦ વર્ષ સુધીની જેલની સજા થશે અને દંડ પણ ફટકારવામાં આવશે.

# વિશેષ

### કપડવણના કપીલાબેન પ્રાકૃતિક ખેતી કરી બ્રોકોલીનું મબલખ ઉત્પાદન કરે છે

## વ્યારા તાલુકાના ગ્રેજ્યુએટ કપીલાબેનનું ખેતર શાકભાજીના ધરુવાડીયા માટે લેબોરેટરી સમાન છે

। (માહિતી) તાપી ।

તાપી જિલ્લાના વ્યારા તાલુકાનું કપડવણ ગામ એમ તો તાપી જીલ્લામાં આવેલું છે પણ ડાંગ જિલ્લાની બોર્ડર આ ગામથી નજીક છે. જેમ ડાંગ જિલ્લો પ્રકૃતિના રંગે રંગાયેલો છે અને પ્રાકૃતિક ખેતી માટે પ્રખ્યાત બન્યો છે તેમ કપીલાબેનના ગામની આસપાસનો વિસ્તાર પણ ડાંગ જીલ્લાના રંગે રંગાયેલો છે. કપીલાબેન ગામીત અહીના ખુબજ સાહસિક અને પ્રગતિશીલ ખેડૂત છે. ૧૯૯૧માં ગ્રેજ્યુએટ થયેલા કપીલાબેને નિરવ ફાર્મ તરીકે ફર્મ બનાવીને શાકભાજીના ધરૂ ઉછેરનો વ્યવસાય શરુ કરેલો. તેઓ જણાવે છે કે તેમનું ફાર્મ દક્ષિણ ગુજરાતનું એક માત્ર એવું ફાર્મ છે જ્યાં શાકભાજીનું ધરુ સપ્લાય કરતા હોય. કપીલાબેનના આ અભિયાનમાં તેમના પતિ અને પુત્ર બંને સહયોગ આપે છે. તેમોનો પુત્ર પુષ્પ વયનો છે અને તે પણ પ્રાકૃતિક કૃષિમાં જ આગળ વધવા માંગે છે. કપીલાબેન જણાવે છે કે તેમના ૮૦ વર્ષના સાસુ સસરા હજુ પણ સોયમાં દોરો વગર







ચશ્માએ નાખી શકે છે અને કોઈ જાતની દવા વગર આરામથી જીવન ગુજારે છે. કપીલાબેને તેમના પતિ અને પુત્રની મદદ લઈને રીંગણ, ટામેટા, મરચા, કોબીજ, ફ્લાવર, ડુંગળી અને બ્રોકોલી જેવી શાકભાજીના ધરૂ રોપવાનું શરુ કર્યું. આપણા વિસરાયેલા વિવિધ દેશી કઠોળ, જુવાર, વેલા પર ઉગતા શાકભાજી એકત્ર કરી ખેડૂતોને વિનામૂલ્યે સંવર્ધન માટે કપીલાબેનનો પરિવાર મદદ કરી રહ્યો છે. કપીલાબેને બીયારણ બેંકની પણ સ્થાપના કરી છે. આ સિવાય તેઓ ભાતનું બિયારણ, તુવેરની વેરાયટી, દેશી પાપડી વગેરે પણ ખેડૂતોને આપે છે. જોશીલા અને ખંતીલા, કંઈક નવું કરવાના અભિગમ ધરાવતા કપીલાબેન ગામીતે સ્વ-સહાય જૂથ બનાવેલું છે જેના થકી તેઓ કૃષિ મહોત્સવ, પ્રેરણા પ્રવાસ, પ્રાકૃતિક કૃષિ વિષયે અભ્યાસ કરી પ્રાકૃતિક ખેતીનું ચુસ્તપણે અનુસરણ કરી રહ્યા છે. તેમને જયારે પૂછવામાં આવ્યું કે તેઓ નવું નવું ક્યાંથી શીખે છે તેમના જવાબમાં કપીલાબેન જણાવે છે કે તેમણે ગાંધીનગર, વડતાલ અને સુરત આત્મા કચેરી સલગ્ન પ્રાકૃતિક ખેતીની તાલીમો લીધી છે તેમણે ગામે ગામ ફાર્મર ફ્રેન્ડ તરીકે કામ કરી પ્રાકૃતિક કૃષિનો પ્રચાર કર્યો છે. તેમના આ કામને બિરદાવવા માટે નવસારીમાં ૨૦૨૧માં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા તેમનું સન્માન કરવામાં આવેલ છે. પ્રેરણા પ્રવાસ હેઠળ ગુજરાતના કેટલાય ખેડૂતો તેમના ખેતરમાં અવારનવાર તાલીમ માટે આવે છે. વળી આ ખેડૂતો ૨-૪ ની સંખ્યામાં નહિ પરંતુ ૧૦૦-૧૫૦ ની સંખ્યામાં એક સાથે આવતા હોય છે. આવા ખેડૂતો ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપકો, વિદ્યાર્થીઓ, બીઆરએસ કોલેજ, વેડછી તેમજ એગ્રીકલ્ચર યુનિ.ના વિદ્યાર્થીઓ પણ તેમની કૃષિ પદ્ધતિનો અભ્યાસ કરવા આવે છે. કપીલાબેનનું દેશી ફાર્મ એક રીસર્ચ સેન્ટરથી ઓછુ નથી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યૂઝ બ્રિફ

### શ્રીલંકાએ ઓસ્ટ્રેલિયા સામે ૪૯ રનથી વિજય મેળવ્યો

। (એજન્સી) કોલંબો, તા.૧૪ ।

શ્રીલંકાના સુકાની ચરિથ અસાલંકાએ લડાયક સદી ફટકારવાની સાથે કેપ્ટન્સ ઈનિંગ્સ રમીને શ્રીલંકાને પ્રારંભિક ધબડકામાંથી ઉગાર્યું તેટલું જ નહીં પરંતુ પ્રથમ વન-ડેમાં બેટિંગ બાદ બોલિંગમાં પણ પ્રભાવી દેખાવ કરીને ઓસ્ટ્રેલિયાને ઘૂંટણીયા ટેકવવા મજબૂર કર્યું હતું. શ્રીલંકાએ પ્રથમ વન-ડેમાં ૪૬ ઓવરમાં ૨૧૪ રનનો સ્કોર રજૂ કર્યો હતો. વન-ડેમાં પ્રમાણમાં હાંસલ થઈ શકે તેવા સામાન્ય સ્કોર સામે ઓસ્ટ્રેલિયા ૧૬૫માં ખખડતાં શ્રીલંકાનો ૪૯ રને વિજય થયો હતો અને બે વન-ડેની સિરીઝમાં ૧-૦ની સરસાઈ પ્રાપ્ત કરી હતી. અસાલંકાએ ૧૨૬ બોલમાં ૧૨૭ રન ફટકારવા ઉપરાંત એક વિકેટ પણ ઝડપતા તે મેન ઓફ ધ મેચ બન્યો હતો.ઓસ્ટ્રેલિયાનો કંગાળ પ્રારંભ રહ્યો હતો અને ૮૫ રનમાં છ વિકેટ ગુમાવતા બેકફૂટ પર ધકેલાયું હતું. વિકેટકીપર કેરીએ સર્વાધિક ૪૧ રન નોંધાવ્યા હતા. શ્રીલંકા તરફથી થીકશાનાએ ચાર વિકેટ ખેરવી હતી.

### દિલ્હીને આગામી સપ્તાહે નવા મુખ્યમંત્રી મળવાનો આશાવાદ

। (એજન્સી) નવી દિલ્હી,૧૪ ।

દિલ્હીને આગામી સપ્તાહે નવા મુખ્યમંત્રી મળવાનો આશાવાદ છે. વિધાનસભા ચૂંટણીમાં બમ્પર જીત બાદ ભાજપે નવ ધારાસભ્યોની યાદી તૈયાર કરી છે. વડાપ્રધાન મોદીના અમેરિકા પ્રવાસ બાદ મુખ્યમંત્રીના નામ પર અંતિમ મહોર લાગશે. વડાપ્રધાન મોદીની સાથે ગૃહમંત્રી અમિત શાહ, જેપી નડ્ડા અને ભાજપના અન્ય ટોચના નેતાઓની બેઠક યોજાશે. આ બેઠક દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી પદ માટે પસંદગી કરવામાં આવશે. ભાજપે દિલ્હી વિધાનસભામાં ૭૦માંથી ૪૮ બેઠક પર જીત મેળવી છે. જેમાંથી મુખ્યમંત્રી, ઉપ મુખ્યમંત્રી અને સ્પીકર બનાવવા માટે પસંદગી કરવા નવ ધારાસભ્યોની યાદી તૈયાર કરાઈ છે. આ મુદ્દે ધારાસભ્યોની આગામી બેઠક ૧૭ કે ૧૮ ફેબ્રુઆરીના રોજ યોજાશે.

### પોપ ફ્રાન્સિસની તબિયત લથડી, હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

। (એજન્સી) રોમન, તા.૧૪ ।

પોપ ફ્રાન્સિસને બ્રોક્રાઈટિસની સારવાર અને અન્ય પરીક્ષણો માટે રોમના જેમેલી પોલીક્લીનિકમાં દાખલ કરવામાં આવ્યા છે. પોપ ફ્રાન્સિસની નિયમિત સવારની સભાઓ પછી વેટિકન દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ૮૮ વર્ષીય પોપ ફ્રાન્સિસને સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે દાખલ કરવામાં આવ્યા છે. બ્રોક્રાઈટિસને કારણે તેમના સ્વાસ્થ્ય પર ઊંડી અસર પડી છે. નોંધનીય છે કે યુવાનીમાં આર્જેન્ટિનામાં રહેતા પોપના ફેફસાંનો એક ભાગ કાઢી નાખવામાં આવ્યો હતો, જેના કારણે તેઓ શ્વસન ચેપ માટે વધુ સંવેદનશીલ બન્યા છે. પોપ ફ્રાન્સિસનું સ્વાસ્થ્ય પહેલા પણ ચર્ચાનો વિષય રહ્યું છે. તેમને સાયટીકાના દુખાવા અને ઘૂંટણની સમસ્યા પણ છે, જેના કારણે તેઓ ઘણીવાર વોકર અથવા વ્હીલચેર પર જોવા મળે છે. આ ઉપરાંત, જૂન ૨૦૨૧ માં તેમનું કોલોન ઓપરેશન પણ થયું હતું.

#### ધાર્મિક ભાવના પણ દુભાઈ

# રશિયન કંપનીએ બિયરની બોટલ પર ગાંધીજી અને મધર ટેરેસાની તસવીરો છાપતાં વિવાદ

### મોસ્કોના સર્ગિએવ પોસાદ સ્થિત રેવોર્ટ બ્રૂઅરી કંપની આવી બિયરની બોટલ બનાવી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી,૧૪ ।

મહાત્મા ગાંધી, મધર ટેરેસા અને નેલ્સન મંડેલા જેવી મહાન વ્યક્તિઓની બિયર અને દારૂની બોટલ પર છપાયેલી તસવીર હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. તેનાથી લોકો વચ્ચે એક નવા વિવાદે જન્મ લીધો છે. આ સિવાય ગાંધીજીની તસવીરવાળી બિયરની બોટલ પર H દર્શાવેલું હોવાથી લોકોની ધાર્મિક ભાવના પણ દુભાઈ છે. આ કૃત્ય રશિયાની એક દારૂ બનાવનાર કંપનીએ કર્યું છે. રશિયાની કંપનીની આ હરકતને લઈને એવું પણ જણાવવામાં આવ્યું કે, આ કોઈ નવી AI જનરેટેડ બિયરની બોટલના ફોટા નથી. હકીકતમાં બિયરની બોટલ અને કેન પર આ મહાન લોકોની તસવીર લગાવવામાં આવી છે. કારણ કે, આ બિયર બનાવનારી કંપની દ્વારા પણ સોશિયલ મીડિયા હેન્ડલ પર આ ઉત્પાદનોના ફોટો સહિત ડિટેલ આપવામાં આવી છે. સોશિયલ મીડિયા પર અનેક આ બિયર ખૂબ વાઈરલ થઈ રહી છે. મૉસ્કોના સર્ગિએવ પોસાદ સ્થિત રેવૉર્ટ બ્રૂઅરી કંપની આવી બિયરની બોટલ બનાવી રહી છે. બોટલ પર લગાવવામાં આવેલા ગ્રાફિક્સ હાલ વાઈરલ થઈ રહ્યાં છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર અનેક લોકોએ આવા મહાન લોકોની તસવીર લાગેલી બિયરની બોટલના ફોટો અને વીડિયો શેર કર્યા છે અને તેની ટીકા કરી છે. એટલું જન હીં રેવોર્ટ બ્રૂઅરીએ પણ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આ ઉત્પાદનોના ફોટા શેર કર્યાં છે. કંપનીએ જે પોસ્ટ શેર કરી તેમાં અલગ-અલગ મહા પુરૂષોના નામે લૉન્ચ કરવામાં આવેલી બિયર વિશે માહિતી આપવામાં આવી છે. જેમાં મહાત્મા ગાંધીની તસવીર લગાવેલી બિયરની બોટલને લેમન ડ્રોપ હેઝી આઈપીએ ઉત્પાદન જણાવવામાં આવ્યું છે. જેમાં આલ્કોહોલની માત્રા ABV ૭.૩ છે.

#### CM યોગીએ સમજાવ્યું ગણિત

# મહાકુંભમાં ૧૫ હજાર કરોડના ખર્ચ સામે ૩ લાખ કરોડ રૂપિયાનો ફાયદો

### મહાકુંભમાં ૫૦ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ આવ્યા અને એક ભારત શ્રેષ્ઠ ભારતનો સંદેશ લઈને ગયા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશનમાં આયોજિત મહાકુંભમાં યોગી સરકારે કરોડો રૂપિયાનો ખર્ચ થયો. જ્યારે વિપક્ષ મહાકુંભના આયોજનને લઈને સરકાર પર સતત સવાલો કરી રહી છે. જેમાં વિપક્ષે આક્ષેપ કર્યા કે, સરકાર મહાકુંભની બ્રાન્ડિંગ કરી રહી છે, ત્યારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહાકુંભમાં થયેલા ખર્ચને લઈને ગણિત સમજાવ્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'પ્રયાગરાજે મહાકુંભમાં ૧ મહિનામાં ૫૦ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ ડૂબકી લગાવી. જ્યારે ૫૦-૫૫ કરોડ શ્રદ્ધાળુઓના આગમનથી યુપીના



અર્થતંત્રને ૩ લાખ કરોડ રૂપિયાનો ફાયદો થશે. મહાકુંભના નામે આપવામાં આવેલા બજેટથી માત્ર મહાકુંભ જ નહીં પરંતુ પ્રયાગરાજનું પણ સૌંદર્ય વધ્યું છે. ૧૫ હજાર કરોડ રૂપિયાના ખર્ચમાંથી ૩ લાખ કરોડ રૂપિયાનો નફો થયો.' લખનઉ ફ્લાઈ ઓવર લોકાર્પણના કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, 'હું સૌથી પહેલા અટલજીના સપનાનું લખનઉ બનાવવા માટે રાજનાથ સિંહનું સ્વાગત કરુ છું. કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરીનું લખનઉવાસીઓ તરફથી સ્વાગત કરુ છું. આજે શુક્રવારે ૧ હજાર કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના શિલાન્યાસ/ઉદ્ઘાટન થયુ છે. નવા ભારતનો એક નવુ ઉત્તર પ્રદેશ બની રહ્યું છે. મુખ્યમંત્રી યોગીએ જણાવ્યું કે, 'મહાકુંભમાં ૫૦ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ આવ્યા અને એક ભારત શ્રેષ્ઠ ભારતનો સંદેશ લઈને ગયા. જ્યારે લખનઉમાં તમામ કાર્યો ખૂબ ઝડપથી થઈ રહ્યા છે. જેમાં એરો સિટીની સાથે લખનઉને AI શહેર તરીકે વિકસાવવાનું કામ ચાલી રહ્યું છે.




કર્ણાટકમાં બેંગલુરુ ખાતે આર્ટ ઓફ લિવિંગની આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદના ઉદ્ઘાટન સત્રમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ હાજર રહ્યા હતા.

### દિલ્હીમાં મોહલ્લા ક્લિનિક બનશે 'આરોગ્ય મંદિર'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

દિલ્હીમાં સત્તા પરિવર્તન થયું છે, જેના પછી ઘણા ફેરફારો જોવા મળશે. ભાજપે પણ આ અંગે યોજનાઓ બનાવવાનું શરૂ કરી દીધું છે. દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય સરકાર બન્યા પછી દિલ્હીમાં રહેલા મોહલ્લા ક્લિનિક્સની સ્થિતિની સમીક્ષા કરવા જઈ રહ્યું છે, તેમને સંભવિત રીતે 'આરોગ્ય મંદિર'માં રૂપાંતરિત કરવાની યોજના બનાવી રહ્યું છે. ક્લિનિક્સમાં ભ્રષ્ટાચારના આરોપોને કારણે આ પગલું લેવામાં આવ્યું છે, જેના કારણે મંત્રાલયે નવા સ્વાસ્થ્ય મંત્રી પાસેથી રિપોર્ટ માંગ્યો છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, 'કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય યોજનાઓ પર ચર્ચા કરશે અને દિલ્હીમાં મોહલ્લા ક્લિનિક્સને આરોગ્ય મંદિર તરીકે બદલવાનો પ્રયાસ કરશે. આ ઉપરાંત, તે નવા સ્વાસ્થ્ય મંત્રી પાસેથી મોહલ્લા ક્લિનિક્સમાં ભ્રષ્ટાચારના આરોપો અંગે પણ રિપોર્ટ માંગશે. એક મહત્વપૂર્ણ વિકાસમાં, મંત્રાલય દિલ્હીમાં આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના ના અમલીકરણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે. સૂત્રોએ જણાવ્યું કે, 'બીજું મોટું પગલું દિલ્હીમાં AB-PMJAY યોજનાનું અમલીકરણ છે, જેના હેઠળ ૫૧ લાખ લોકોને આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવે તેવી શક્યતા છે.' આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના દેશના ગરીબ અને નબળા પરિવારોને 5 લાખ રૂપિયા સુધીની મફત તબીબી સંભાળ પૂરી પાડે છે. ૭૦ વર્ષ અને તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને પણ આ યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે. બીજેપીએ દિલ્હી ચૂંટણી માટે પોતાના મેનિફેસ્ટોમાં આયુષ્માન યોજના લાગુ કરવાનું વચન આપ્યું હતું.

### વિશાલ દદલાણીને કોન્સર્ટમાં પહોંચતાં પહેલાં જ નડ્યો અકસ્માત

। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।

બોલિવૂડના પ્રખ્યાત સંગીતકાર અને ગાયક વિશાલ દદલાણી વિશે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. વિશાલ દદલાણીનો મોટો અકસ્માત થયો હોવાના સમાચાર છે. આ અકસ્માતને કારણે તેમણે પુણેમાં પોતાનો કોન્સર્ટ મુલતવી રાખ્યો છે. વિશાલ દદલાણીએ પોતે સોશિયલ મીડિયા દ્વારા લોકોને આ અકસ્માતની માહિતી આપી છે. તેમની હાલમાં સારવાર ચાલી રહી છે અને તેમની હાલતમાં સુધારો થઈ રહ્યો છે.વિશાલ શેખર રવજિયાની સાથે ૨ માર્ચ, ૨૦૨૫ના રોજ પુણેમાં પરફોર્મ કરવાના હતા. જોકે, વિશાલ દદલાણીનો અકસ્માત ક્યારે અને કેવી રીતે થયો તે જાણી શકાયું નથી. પરંતુ હાલ તે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. વિશાલે ગુરુવારે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું - મારું નસીબ ખરાબ હતું. મારો એક નાનો અકસ્માત થયો. હું જલ્દી પાછો આવીશ. હું તમને બધી અપડેટ આપતો રહીશ. પુણેમાં જલ્દી મળીશું! પોસ્ટમાં લખ્યું હતું- મહત્વપૂર્ણ જાહેરાતઃ વિશાલ અને શેખરનો સંગીત કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. અમને તમને જણાવતા દુઃખ થાય છે કે આઈકોનિક જોડી વિશાલ અને શેખરનો બહુપ્રતિક્ષિત અર્બન શોઝ મ્યુઝિક ઈવેન્ટ, જે ૨ માર્ચ ૨૦૨૫ ના રોજ યોજાવાનો હતો, તે વિશાલ દદલાણી સાથે થયેલા એક કમનસીબ અકસ્માતને કારણે મુલતવી રાખવામાં આવ્યો છે, જે હાલમાં સારવાર હેઠળ છે.

#### એડવાઈઝરી જાહેર કરી પક્ષના નેતાઓને સમજાવ્યાં

# સાંસદોના પક્ષપલટાની આશંકાથી ડર્યા ઉદ્ધવ ઠાકરે અને તેમનું જુથ!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

શરદ પવાર તરફથી એકનાથ શિંદેને મહાદજી શિંદે રાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ સન્માનને લઈને વિવાદ ખતમ પણ થયો નહોતો કે ઉદ્ધવ સેનાએ સાંસદોને લઈને એડવાઈઝરી જાહેર કરી દીધી છે. ઉદ્ધવ સેનાના અમુક સાંસદ એકનાથ શિંદે જૂથના નેતાઓને મળી રહ્યાં હતાં. આને લઈને ઉદ્ધવ જૂથ ચિંતિત હતું અને હવે તેણે એકનાથ શિંદે જૂથના નેતાઓથી વધુ મુલાકાત ન કરવાની સલાહ આપી છે. આદિત્ય ઠાકરે તરફથી આ એડવાઈઝરી આપવામાં આવી છે. ઘણા સાંસદોએ એકનાથ શિંદે અને તેમના જૂથના અન્ય નેતાઓ સાથે મુલાકાત કરી છે. એકનાથ શિંદેએ અઢી વર્ષ સરકાર ચલાવી હતી અને હવે ભાજપની લીડરશિપ વાળી સરકારમાં તે ડેપ્યુટી સીએમ છે. દરમિયાન ઉદ્ધવ જૂથના સાંસદો અને ધારાસભ્યોને લાગે છે કે સત્તાથી નજીકના માટે એકનાથ શિંદે જૂથની સાથે રહેવું યોગ્ય રહેશે. આ વાત ઉદ્ધવ જૂથ માટે ચિંતાનું કારણ બની ગયું છે. હવે આદિત્ય ઠાકરે તરફથી કહેવામાં આવ્યું છે કે કોઈ પણ આયોજનનું આમંત્રણ સ્વીકાર કર્યા પહેલા લીડરશિપ ની મંજૂરી જરૂરી છે. એકનાથ શિંદે જૂથ તરફથી જો કોઈ ડિનર કે લંચનું ઈનવાઈટ આવે છે તો તે માટે પણ પરમિશન લઈને જ જવું પડશે. ૧૧ ફેબ્રુઆરીએ શરદ પવારે એકનાથ શિંદેને સન્માનિત કર્યા હતાં. દિલ્હીમાં આ આયોજન થયું હતું, જેમાં ઉદ્ધવ સેનાના સાંસદ સંજય પાટિલ પણ હાજર હતાં. આ વાત ઉદ્ધવ જૂથને ગમી નહીં. સન્માનને લઈને સંજય રાઉતે એટલે સુધી કહી દીધું કે આવા સન્માન



ખરીદવામાં આવે છે કે પછી વેચવામાં આવે છે. આ પુરસ્કારોને પ્રાપ્ત કરવાની કોઈ અન્ય રીત નથી. એકનાથ શિંદેના સન્માન સમારોહમાં હાજર રહેનાર સાંસદ શામને શ્રીકાંત શિંદે તરફથી આપવામાં આવેલા ડિનર પણ પહોંચ્યા હતાં. આ વાતને લઈને ટેન્શન છે. એટલું જ નહીં ૧૨ નવેમ્બરે એકનાથ શિંદે જૂથના કેન્દ્રીય મંત્રી પ્રતાપરાવ જાધવે ડિનર આપ્યુ હતું. તેમાં પણ ઉદ્ધ ઠાકરેના ઘણા સાંસદ પહોંચ્યા હતાં. આ તમામને લઈને ઉદ્ધવ ઠાકરે જૂથે વાંધો વ્યક્ત કર્યો છે. ઉદ્ધવ જૂથનું કહેવું છે કે શરદ પવાર તરફથી એકનાથ શિંદેને સન્માનિત કરવા એક પ્રકારે તેમના જૂથને કાયદેસરતા આપવી છે. આ સિવાય સાંસદોનું વારંવાર મળવાથી ખોટો મેસેજ જાય છે. એક તરફ નેરેટિવ ખરાબ થાય છે તો બીજી તરફ આવી મુલાકાતો ચર્ચા બને છે. આ મુલાકાતોના કારણે ઘણી વખત સમાચાર આવે છે કે ઉદ્ધવ સેનાના ઘણા ધારાસભ્ય અને સાંસદ પક્ષપલટો કરી શકે છે. આવા સમાચાર ઉદ્ધવ જૂથને અસહજ કરનાર હોય છે. એટલે સુધી કે ગયા અઠવાડિયે મુંબઈમાં એક મીટિંગ થઈ હતી. જેમાં ઉદ્ધવ જૂથે તમામ સાંસદોની પરેડ કરાવી હતી. રસપ્રદ વાત છે કે સંજય પાટિલ આમાં નહોતાં, જે શ્રીકાંત શિંદેના ડિનર અને એકનાથ શિંદેના સન્માન કાર્યક્રમમાં પહોંચ્યા હતાં.

#### શાસન કરવામાં અસમર્થતાનો વિલંબિત સ્વીકાર

# રાહુલે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન પર કટાક્ષ કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવું એ ભાજપ દ્વારા મણિપુરમાં શાસન કરવામાં તેની સંપૂર્ણ અસમર્થતાનો વિલંબિત સ્વીકાર છે, કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વિટર પર પોસ્ટ કર્યું. હવે વડાપ્રધાન મોદી મણિપુર માટે તેમની સીધી જવાબદારી નકારી શકે નહીં.તેમણે પૂછ્યું કે શું વડા પ્રધાને આખરે રાજ્યની મુલાકાત લેવાનું અને મણિપુર અને ભારતના લોકોને ત્યાં શાંતિ અને સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવાની તેમની યોજના સમજાવવાનું મન બનાવી લીધું છે?કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે આખરે પાર્ટી જે માંગણી કરી રહી હતી તે ૨૦ મહિનાથી થઈ ગયું. મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે સુપ્રીમ કોર્ટે રાજ્યમાં બંધારણીય તંત્રને સંપૂર્ણ રીતે બરબાદ કર્યા બાદ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે. આના કારણે ૩ મે, ૨૦૨૩ થી અત્યાર સુધીમાં ૩૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે, જ્યારે ૬૦,૦૦૦ થી વધુ પુરુષો, મહિલાઓ અને બાળકો વિસ્થાપિત થયા છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરીએ ટ્વિટર પર પોસ્ટ કર્યું કે જ્યારે મણિપુરના સામાજિક માળખાને ગંભીર રીતે નુકસાન પહોંચાડવાની મંજૂરી આપવામાં આવી ત્યારે રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું. મણિપુરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એન બિરેન સિંહે ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્ય વહીવટીતંત્ર ૩ મે, ૨૦૨૩ થી ગેરકાયદેસર ઈમિગ્રેશન સાથે અસરકારક રીતે વ્યવહાર કરવા



માટે સંઘર્ષ કરી રહ્યું છે. સિંહે ટ્વિટર પર પોસ્ટ કર્યું કે સરહદી રાજ્યમાં ગેરકાયદેસર ઘૂસણખોરી સતત વધી રહી છે, જેના કારણે સામાજિક તાણ જોખમમાં છે. દેશી મિત્રોને સંબોધીને પોતાની પોસ્ટમાં તેમણે કહ્યું કે અમારી જમીન અને ઓળખ જોખમમાં છે. વધુમાં જણાવ્યું હતું કે ઓછી વસ્તી અને મર્યાદિત સંસાધનોને જોતાં અમે ખૂબ જ સંવેદનશીલ છીએ. મેં ૨ મે, ૨૦૨૩ સુધી ગેરકાયદેસર ઘૂસણખોરીનું સતત નિરીક્ષણ કર્યું અને શોધી કાઢ્યું. પરંતુ ૩ મે, ૨૦૨૩ ની દુઃખદ ઘટનાઓ પછી, આપણું રાજ્ય વહીવટીતંત્ર અસરકારક રીતે જવાબ આપવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. સિંહે દાવો કર્યો હતો કે મ્યાનમાર સાથેની ૩૯૮ કિલોમીટર લાંબી સરહદ અને તે દેશ સાથેની મુક્ત અવરજવર વ્યવસ્થા મણિપુરના વસ્તી વિષયક સંતુલનને બદલી રહી છે, તેમણે કહ્યું, આ કોઈ અટકળો નથી. આ આપણી નજર સામે થઈ રહ્યું છે. માર્ચ ૨૦૧૭માં જ્યારથી અમારી સરકાર બની છે ત્યારથી પડકારો વધુ વધી ગયા છે. સિંહે અધિકારીઓને ઘૂસણખોરીની ગંભીર નોંધ લેવા અને ઘૂસણખોરોને શોધી કાઢવા અને તેમને દેશનિકાલ કરવાના પ્રયાસો વધુ તીવ્ર બનાવવા વિનંતી કરી.

# અમેરિકા ટૂંક સમયમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સનો બીજો સમૂહ ભારત મોકલશે

। (એજન્સી) અમેરિકા, તા.૧૪ ।

અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીયોને દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે. જેમાં દેશનિકાલ કરાયેલા આ ભારતીય નાગરિકોને લઈને ફ્લાઈટ ૧૫ ફેબ્રુઆરીના રોજ અમૃતસર પહોંચશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આ પછી, બીજી ફ્લાઈટ ફરીથી ભારત આવી શકે છે, જેમાં દેશનિકાલ કરાયેલા ભારતીયોનો ત્રીજો જથ્થો મોકલવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ પંજાબ સરકારને આ નિર્ણયની જાણ કરવામાં આવી છે. અમેરિકા ટૂંક સમયમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સનો બીજો સમૂહ ભારત મોકલશે. આ પહેલા ૫ ફેબ્રુઆરીના રોજ, ૧૦૪ દેશનિકાલ કરાયેલા સ્થળાંતરીઓને લઈને એક યુએસ લશ્કરી વિમાન અમૃતસર પહોંચ્યું હતું. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ના વહીવટ હેઠળ આ સૌથી મોટા દેશનિકાલ ઓપરેશનમાંનું એક છે. તે જ સમયે, અમૃતસરમાં વિમાન લેન્ડ કરવાના નિર્ણયથી વિવાદ સર્જાયો છે. પંજાબના નાણામંત્રી હરપાલ ચીમાએ આરોપ લગાવ્યો છે કે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર જાણી જોઈને પંજાબને નિશાન બનાવી રહી છે. ચીમાએ કહ્યું, "સરકાર દેશનિકાલ કરાયેલા ભારતીયોને લઈ જતું વિમાન અમૃતસરમાં ઉતરાણ કરાવીને પંજાબને બદનામ કરવા માંગે છે.

# ટ્રમ્પે ભારતીય પત્રકારની વાતો અને સવાલ સમજાયા ન હોવાનો ડોળ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પ્રેસ કોન્ફરન્સમાં હાજર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય પત્રકારની વાતો અને સવાલ સમજાયા ન હોવાનો ડોળ કર્યો હતો. તેમણે અમેરિકામાં ભારત વિરોધી ગતિવિધિઓ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નનો કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો ન હતો. જો કે, આ પહેલીવાર નથી જ્યારે ટ્રમ્પે પત્રકારના ઉચ્ચાર અથવા બોલવાની રીત પર સવાલ ઉઠાવ્યા હોય. પ્રેસ કોન્ફરન્સમાં વાતચીત દરમિયાન ભારતીય પત્રકારે ટ્રમ્પને અમેરિકામાં ભારત વિરોધી ગતિવિધિઓ અંગે સવાલ કર્યો હતો. તે સમયે પીએમ મોદી ટ્રમ્પ પાસે જ ઊભા હતા. ટ્રમ્પે આ સવાલ પર પત્રકારને ઊંચા અવાજે સવાલ કરવા કહ્યું હતું. ત્યારબાદ પત્રકારે ફરી પ્રશ્ન રિપિટ કર્યો હતો. જેમાં ટ્રમ્પે કહ્યું કે, 'તમે જે કહ્યું તેનો એક પણ શબ્દ મને સમજાયો નથી. આવું કદાચ ઉચ્ચારને કારણે બન્યું છે. તમારો સવાલ મારા માટે સમજવો થોડો મુશ્કેલ છે. ટ્રમ્પે અગાઉ પણ અફઘાનિસ્તાનની પત્રકાર સાથે આ પ્રકારનો જ વ્યવહાર કર્યો હતો. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથેની પ્રેસ કોન્ફરન્સમાં પણ આવી જ પ્રતિક્રિયા આપી હતી. અફઘાનિસ્તાનથી આવી રહેલી એક મહિલા પત્રકારના પ્રશ્ન પર ટ્રમ્પે કહ્યું હતું કે, 'તમારો અવાજ ખૂબ જ સુંદર છે અને ખૂબ જ સારો ઉચ્ચાર છે.

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
ઇલેક્ટ્રિકલ રિપેર
(1) ટેન્ડર સંખ્યા : M-ELS-VTA-25-26-Repair TM તારીખ 12.02.2025 (2) કામનું નામ : પરંપરાગત લોકોમોટિવ્સના મુખ્ય ઓવરહોલિંગ શેડ્યૂલ (TOH/IOH) માટે જાળવણીના ભાગો માટે હિટાચી ટ્રેક્શન મોટરનું ઇલેક્ટ્રિકલ રિપેર. (3) કામનો અંદાજિત ખર્ચ : ₹94,31,692.09/- (4) ટેન્ડર દસ્તાવેજની કિંમત : શૂન્ય (5) અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹1,88,600/- (6) પૂર્ણતા સમયગાળો : 24 મહિના (7) ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ : 12/03/2025 ના રોજ 14:00 કલાકે. (8) ટેન્ડર આમંત્રણ આપનાર અધિકારી અને તેનું સંપૂર્ણ સરનામું : સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, ઇલેક્ટ્રિક લોકો શેડ વટવા, સિનિયર ડીએમઈ / ઈએલએસ / વીટીએનું કાર્યાલય, ઇલેક્ટ્રિક લોકો શેડ, વટવા, પશ્ચિમ રેલ્વે, અમદાવાદ, ગુજરાત - 382445 (9) વેબસાઇટ વિગતો : www.ireps.gov.in
321
અમને લાઇક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# ટ્રમ્પે પુતિન સાથે વાત કરતાં રશિયા આનંદમાં

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન સાથે મંત્રણા કરી છે. ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધનો સુઃખદ અંત લાવવા અને શાંતિ વાટાઘાટો શરૂ કરવા માટે ટ્રમ્પે પુતિન સમક્ષ હાથ લંબાવ્યો છે. ટ્રમ્પની આ પહેલથી રશિયામાં આનંદની લહેર છે, જ્યારે યુક્રેનમાં નારાજગી જોવા મળી છે. યુક્રેનનું માનવું છે કે, પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીને સાથે રાખ્યા વગર થયેલી વાટાઘાટોનો કોઈ અર્થ નથી અને આવી વાટાઘાટો યુક્રેનને બંધનકર્તા નથી. ટ્રમ્પ સરકારે શાંતિ વાર્તા માટે કરેલી આ પહેલના કારણે રશિયા-યુક્રેન યુદ્ધમાં નવો વિવાદ ઉમેરાયો છે. યુક્રેનના નેતાઓએ આ પગલાને અતિશય જોખમી ગણાવ્યું છે. તેઓનું માનવું છે કે, અમેરિકાએ માત્ર એક જ પક્ષકાર રશિયાને મહત્ત્વ આપ્યું છે. યુક્રેન તથા યુરોપિયન દેશોની અવગણના કરવામાં આવી છે. યુક્રેન પર રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨માં હુમલો શરૂ કર્યો હતો. પડોશી દેશ પર આક્રમણ બદલ પશ્ચિમના દેશોએ રશિયાની આકરી ટીકા કરેલી છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે રશિયાના પ્રમુખ સામે યુદ્ધ ગુના હેઠળ વોરંટ પણ જારી કરેલું છે. બુધવારે ટ્રમ્પ અને પુતિન વચ્ચે ફોન પર એક કલાકથી વધુ લાંબી વાત થઈ હતી. આ સંદર્ભે રશિયાના પ્રવક્તા ડિમિટ્રી પેસ્કોવે અમેરિકન તંત્રની પ્રશંસા કરી હતી અને આ વાતચીતને મહત્ત્વની ગણાવી હતી. રશિયાની સરકારી ન્યૂઝ એજન્સી નોવોસ્ટિના લેખમાં આ વાટાઘાટોને યુક્રેન માટે લપડકાર સમાન ગણાવવામાં આવી હતી. અમેરિકાએ ઝેલેન્સ્કીને હકીકતમાં ઠોકર મારી હોવાનું તેમાં જણાવાયું હતું.

# થાઈલેન્ડમાં “SAMVAD” કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વક્તવ્ય

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ થાઈલેન્ડમાં આયોજિત “SAMVAD” કાર્યક્રમ દરમિયાન આજે વીડિયો સંદેશ મારફતે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે થાઈલેન્ડમાં ‘સંવાદ’ની આવૃત્તિમાં જોડાવા બદલ સન્માનની લાગણી વ્યક્ત કરી હતી અને આ કાર્યક્રમને શક્ય બનાવવા બદલ ભારત, જાપાન અને થાઈલેન્ડની વિશિષ્ટ સંસ્થાઓ અને વ્યક્તિઓની પ્રશંસા કરી હતી. તેમણે તમામ સહભાગીઓને શુભેચ્છા પાઠવી હતી. પ્રધાનમંત્રીએ તેમના મિત્ર શ્રી શિન્ઝો આબેને યાદ કરવાની તક ઝડપી લીધી હતી અને જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૫માં તેમની વાતચીતમાંથી સંવાદનો વિચાર આવ્યો હતો. ત્યારથી ‘‘સંવાદ’’એ વિવિધ દેશોની યાત્રા કરી છે અને ચર્ચા, સંવાદ અને ઊંડી સમજણને પ્રોત્સાહન આપ્યું છે. સમૃદ્ધ સંસ્કૃતિ, ઈતિહાસ અને વારસો ધરાવતા દેશ થાઈલેન્ડમાં ‘સંવાદ’ની આ એડિશન યોજાઈ રહી છે, એ વાતની ખુશી વ્યક્ત કરતાં શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, થાઈલેન્ડ એશિયાની સહિયારી દાર્શનિક અને આધ્યાત્મિક પરંપરાઓનું સુંદર ઉદાહરણ છે. બે હજાર વર્ષથી વધારે સમયથી ભારત અને થાઈલેન્ડ વચ્ચેનાં ગાઢ સાંસ્કૃતિક સંબંધો પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, રામાયણ અને રામાકિઅન બંને દેશોને જોડે છે તથા ભગવાન બુદ્ધ માટે તેમનો સહિયારો આદર તેમને એકતાંતણે બાંધે છે. તેમણે નોંધ્યું હતું કે, જ્યારે ભારતે ગયા વર્ષે થાઈલેન્ડમાં ભગવાન બુદ્ધનાં પવિત્ર અવશેષો મોકલ્યાં હતાં, ત્યારે લાખો શ્રદ્ધાળુઓએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શ્રી મોદીએ ભારત અને થાઈલેન્ડ વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં જીવંત ભાગીદારી પર ભાર મૂક્યો હતો અને ઉલ્લેખ કર્યો હતો કે, ભારતની ‘એક્ટ ઈસ્ટ’ નીતિ અને થાઈલેન્ડની ‘એક્ટ વેસ્ટ’ નીતિ એકબીજાના પૂરક છે. જે પારસ્પરિક પ્રગતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. તેમણે જણાવ્યું હતું કે, આ પરિષદ બંને દેશો વચ્ચેની મૈત્રીનું વધુ એક સફળ પ્રકરણ છે. એશિયાની સદીની વાત કરતા સંવાદના વિષય પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ નોંધ્યું હતું કે, લોકો અવારનવાર એશિયાના આર્થિક વિકાસનો ઉલ્લેખ કરે છે. જો કે પરિષદ એ બાબત પર ભાર મૂકે છે કે, એશિયાની સદી એ માત્ર આર્થિક મૂલ્યની જ નહીં, પણ સામાજિક મૂલ્યોની પણ વાત છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભગવાન બુદ્ધનાં ઉપદેશો શાંતિ પૂર્ણ અને પ્રગતિશીલ યુગનું નિર્માણ કરવામાં દુનિયાને માર્ગદર્શન આપી શકે છે તથા તેમનું માર્ગદર્શન માનવ-કેન્દ્રિત ભવિષ્ય તરફ દોરી જવાની શક્તિ ધરાવે છે. સંવાદના મુખ્ય વિષયોમાંના એક - સંઘર્ષ નિવારણ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સંઘર્ષો ઘણી વખત એવી માન્યતામાંથી ઊભા થાય છે કે ફક્ત એક જ માર્ગ સાચો છે, જ્યારે અન્ય ખોટા છે. તેમણે આ મુદ્દે ભગવાન બુદ્ધની અંતદ્રષ્ટીનો ઉલ્લેખ કરતાં નોંધ્યું હતું કે, કેટલાક લોકો પોતાના વિચારોને વળગી રહે છે અને માત્ર એક જ બાજુને સાચી ગણે છે અને દલીલ કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, એક જ મુદ્દા પર બહુવિધ દ્રષ્ટિકોણો અસ્તિત્વમાં હોઈ શકે છે. તેમણે ઋગ્વેદનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, જ્યારે આપણે સ્વીકારીએ છીએ કે સત્યને જુદા જુદા લેન્સ દ્વારા જોઈ શકાય છે, ત્યારે આપણે સંઘર્ષ ટાળી શકીએ છીએ. શ્રી મોદીએ સંઘર્ષનાં અન્ય એક કારણ પર પણ પ્રકાશ પાડ્યો હતો - અન્યોને આપણાંથી મૂળભૂત રીતે અલગ હોવાનું સમજવું. તેમણે જણાવ્યું હતું કે, મતભેદો અંતર તરફ દોરી જાય છે અને અંતર વિખવાદમાં પરિવર્તિત થઈ શકે છે. આનો સામનો કરવા માટે, તેમણે ધમ્મપદની એક પંક્તિનો ઉલ્લેખ કર્યો, જેમાં જણાવાયું છે કે દરેકને પીડા અને મૃત્યુનો ડર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અન્ય લોકોને આપણી જાત જેવી જ માન્યતા આપીને આપણે એ સુનિશ્ચિત કરી શકીએ છીએ કે કોઈ નુકસાન કે હિંસા ન થાય. તેમણે વધુમાં કહ્યું હતું કે, જો આ શબ્દોને અનુસરવામાં આવે તો સંઘર્ષ ટાળી શકાય છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ‘‘વિશ્વના ઘણા મુદ્દાઓ સંતુલિત અભિગમને બદલે આત્યંતિક વલણ અપનાવવાથી ઉદભવે છે.’’ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આત્યંતિક મંતવ્યો સંઘર્ષો, પર્યાવરણીય કટોકટી અને તાણ સંબંધિત આરોગ્ય સમસ્યાઓ તરફ દોરી જાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ પડકારોનું સમાધાન ભગવાન બુદ્ધનાં ઉપદેશોમાં રહેલું છે. જેમણે અમને મધ્યમાર્ગને અનુસરવા અને ચરમસીમાઓને ટાળવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, મધ્યસ્થતાનો સિદ્ધાંત આજે પણ પ્રસ્તુત છે અને વૈશ્વિક પડકારોનું સમાધાન કરવા માર્ગદર્શન પૂરું પાડે છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, અત્યારે સંઘર્ષ લોકો અને દેશોથી પણ આગળ વધી ગયા છે. જેમાં માનવતા પ્રકૃતિ સાથે સંઘર્ષમાં વધારો કરી રહી છે.

શીર્ષક- માનસ ગોદાવરી (ભાગ ૧), ગોદાવરીનાં તટ પર એટલે કે પંચવટીમાં પ્રભુએ પાંચ લીલા કરી છે, એમનાં વનવાસ ગમનનો ઘણો સમય અહીં વિત્યો છે

# હરિકથા એક એવો પ્રવાહ છે, જેમાં નદી જેમ નિત નૂતનતા છે! એ કેવળ ગતાનુગતિ નથી



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ગોદાવરીના તટ પર પંચવટીમાં પ્રભુએ બહુ લાંબો સમય પસાર કર્યો, અને અહીં પાંચ પ્રસંગની વાત આપણે કરી, એ રામકથાનો મુખ્ય આધાર છે, કારણ કે અહીંથી પ્રભુએ લલિત નર લીલાનો શ્રીગણેશ થયા હતાં, અને એટલે એમણે આ જગ્યા પસંદ કરી હતી, એમણે કહ્યું કે “તુમ પાવક મેં કરહું નિવાસા”! એ રીતે જોઈએ તો ચિત્રકૂટની ભૂમિ પર પ્રભુએ વિહાર કર્યો.**

બાપુએ માનસ ગોદાવરી કથાની શરૂઆત કરતાં કહ્યું કે ભગવાન રામજી એ જ્યાં નિવાસ કર્યો એવાં નાસિક પંચવટી જેવી તીર્થ ભૂમિમાં મને કુંભમાં કથા કરવાનો અવસર પ્રાપ્ત થયો છે, એ મારી માટે બહુ મોટાં સદભાગ્યની વાત છે. ઉપરાંત હમણાં અહીંથી કહ્યું એમ શ્રાવણ માસ ચાલી રહ્યો છે, જન્માષ્ટમી અને શિક્ષકદિન એટલે કે દાર્શનિક મહાપુરુષ ડોક્ટર રાધાક્રિશ્નનનું સ્મરણ થાય એવાં પાવન દિવસોમાં કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કુંભમાં આપણે ત્યાં સ્નાનનો મહિમા છે, રામકથાને પણ ગંગા કહેવામાં આવી છે, તો આપણે સૌ માનસ ગોદાવરીમાં સ્નાન કરી આ કુંભને ઉજવીશું. પૂજ્ય જ્ઞાનદાસ બાપુ અને એની આખી મંડળીને મારા પ્રણામ, મુનિજી મહારાજના અપાર અનુગ્રહ યાદ કર્યો, અને એમણે આવીને આશીર્વાદ આપ્યાં! ઊપરથી પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો. આ ઉપરાંત ઉપસ્થિત મહાનુભાવો અને કથા મંડપમાં બિરાજમાન સંતગણ, વૈષ્ણવ, સંન્યાસી અને અન્ય અખાડાના સંતો મહંતો અને મહામંડલેશ્વર ને વ્યાસપીઠ પરથી પ્રણામ કર્યા, અને કથાના શ્રોતાઓને પ્રણામ અને જય સીયારામ કરી કથાના વિષયમાં પ્રવેશ કર્યો. બાપુએ કહ્યું કે આપણે સૌ સાથે મળીને આ નવ દિવસમાં માનસ ગોદાવરી તત્વ શું છે! એને વિશે વાત કરીશું. હું કોઈ ઉપદેશ દેવા નથી આવ્યો, મારી એ ઓકાત પણ નથી. હું તમારી સાથે નવ દિવસ આ વિષય પર સાત્વિક તાત્વિક ચર્ચા કે સંવાદ કરીશ.

**સુરસરી સરસઈ દિનકર કન્યા,**
**મેકલ સૂતા ગોદાવરી ધન્યા.**
**અનુજ સહિત ગયે પ્રભુ તહવા,**
**ગોદાવરી તટ આશ્રમ જહવા.**

ગોદાવરીનાં તટ પર એટલે કે પંચવટીમાં પ્રભુએ પાંચ લીલા કરી છે, અને એમનાં વનવાસ ગમનનો ઘણો સમય અહીં વિત્યો છે, અને અહીંથી જ તેમની લલિત નર લીલાનો પ્રારંભ થયો! તેમજ પંચવટીમાં પાંચ વૃક્ષનો પણ મહિમા ગવાયો છે પ્રભુની પાંચ લીલાની વાત કરતાં કહ્યું કે, પંચવટીમાં લક્ષ્મણજી એ પ્રભુને પાંચ આધ્યાત્મિક પ્રશ્ન કર્યા હતા જેને (૧) માનસ રામ ગીતા, જે એક કથા માટે સ્વતંત્ર વિષય છે.(૨) શૂર્પણખાનો પ્રસંગ. (૩) પ્રભુ એ ખર દૂષણ સહિત ચૌદ હજાર અસૂરોનું નિર્વાણ કર્યું. (૪) સુવર્ણ મૃગ બનીને આવેલ મારીચ વધનો પ્રસંગ. (૫) સાધુ વેશે આવીને રાવણ માતા જાનકીનું અપહરણ કરે છે એ પ્રસંગ! અને ત્યાર બાદ પ્રભુ પંચવટી છોડી દે છે, અને લક્ષ્મણ સાથે માતા સીતાની શોધમાં નીકળી પડે છે. આગળના અધ્યાય માં પ્રવેશ કરતાં કહ્યું કે તુલસીદાસજી એ રામચરિત માનસની નદીઓની સાથે તુલના કરી છે. ભગવાન શંકર એ રામકથા ને ગંગા સાથે સરખાવી છે, તો આગળ જતાં તુલસીદાસજી રામકથા ને મંદાકિની પણ કહે છે,અને શિવપ્રિયા મેકલ શૈલ સૂતા સી,એમ કહી એને મેકલ સૂતા પણ કહે છે. તુલસીદાસજી રામકથા ને નદી સાથે સરખાવે છે, એ વિશે ચિંતન કરીએ તો એના પણ કારણો છે. નદી એક પ્રવાહ રુપે વહે છે, કથા જડ નથી, એ કેવળ ગતાનુગતિ નથી, સરિતાનો કલકલ નાદ કરતો એક પ્રવાહ છે. ભગવાનની કથા સંકીર્ણ નથી, બંધિયાર નથી, જે આલોચના કરે છે એમનાં ભાગ્ય હજી ખૂલ્યા નથી. કથા એક એવો પ્રવાહ છે, જેમાં નદી જેમ નિત નૂતનતા છે. જમાના એ સ્વીકારવું પડશે કે કથાકારો એ કથા દ્વારા તત્વ સત્વ ને પ્રવાહિત રાખવાનું કાર્ય કર્યું છે. ચંદ્રેશ મકવાણા ના શેરને યાદ કરીને કબીરનું સ્મરણ કર્યું, અને કહ્યું કે જેમ કથાના સાત્વિક સ્વરૂપ ની આપણે વાત કરી એ જ રીતે ગોદાવરીનાં તાત્વિક સ્વરૂપ ને પણ સમજવું જોઈએ. લોકો તીર્થમાં આવી ને સ્નાન કરી પોતે પવિત્ર થાય છે,પણ તીર્થ ને અપવિત્ર કરે છે. આપણે જો એનાં તાત્વિક સ્વરૂપ ને જાણીએ તો તીર્થ અપવિત્ર થતાં અટકી શકે છે. ગોદાવરીનાં આંતરિક સ્વરૂપની ચર્ચા આ કથાનો મુખ્ય સંવાદ છે. ગોદાવરીના તટ પર પંચવટીમાં પ્રભુએ બહુ લાંબો સમય પસાર કર્યો, અને અહીં પાંચ પ્રસંગની વાત આપણે કરી,એ રામકથા નો મુખ્ય આધાર છે. કારણ કે અહીંથી પ્રભુએ લલિત નર લીલાનો શ્રીગણેશ થયા હતાં, અને એટલે એમણે આ જગ્યા પસંદ કરી હતી. એમણે કહ્યું કે “તુમ પાવક મેં કરહું નિવાસા”! એ રીતે જોઈએ તો ચિત્રકૂટની ભૂમિ પર પ્રભુએ વિહાર કર્યો, એટલે જે નરલીલા ચાલી એનો પણ એક મહિમા છે. કથાના પ્રારંભે બાપ શબ્દનો ઉચ્ચાર કરું છું અને લોકો તાળી પાડે છે, અરે હજી કથા સાંભળો, અને પછી પણ મહિમા તો રામ નો છે! તુલસીદાસજી નો છે! હું કથાને પ્રવાહ બનાવવા મથું છું અને લોકો એને મોરારીબાપુ નામનો ડેમ બનાવવા માગે છે! હું કોઈ ડેમ નથી! ભગવાન રામે સવિનય ઘણી પરંપરા તોડી છે, અને પરિવર્તન પણ કર્યું છે. લક્ષ્મણજી એ તો આ ગોદાવરીની ભૂમિ પર લક્ષ્મણ રેખાઓ નિર્મિત કરી છે. માનસ ગોદાવરી શ્રાવણ અંતર્ગત થઈ હતી, એટલે ફિલ્મ ગીતની પંક્તિ યાદ કરી શ્રાવણનો મહિમા ગાતા કહ્યું કે, શ્રાવણ એ મારનારો મહિનો છે. અંદરનો વિકાર બહુ સતાવે તો શ્રાવણમાં શીવને ભજો! શ્રાવણ સિવાય કોઈ ઝૂમીને નથી આવતું! તો બાપ! કુંભનો પાવન અવસર, પાવન તીર્થ, પાવન રામકથા, પાવન કરનારો મહા પુરુષોનો સંગ હોય ત્યારે આપણે સૌ ભીતરી ગોદાવરી શોધીએ,કે જેમાં આપણાં દ્વારા કોઈનું હરણ તો નથી થયું ને? ક્યાંક કોઈનો વધ તો નથી થયો ને? કોઈનાં નાક કાન તો નથી કપાયા ને? દરેકનાં ભીતરમાં આવી કેટલીય ઘટનાઓ ઘટી હોય છે, અને એને શોધવું એ જ માનસ ગોદાવરીનું તાત્વિક સ્વરૂપ છે. એ સમયે આવી ઘટના અહીં તો ઘટી જ અને એ જ તો પરમ સત્ય છે. મહારાષ્ટ્રનાં આ પાવન પ્રદેશમાં આપણે સૌ ભેગા મળીને આપણી ભીતર પ્રવાહિત અને ચેતનામય ગોદાવરીની શોધ કરી, રામકથાનાં સહયોગથી આપણે કંઈક અમૃત પીને જઈએ. ભીતરી અનૂભૂતિ ઓને એકાકાર કરવા તો આપણે આવ્યા છીએ! તકરાર કરવા નહીં. પૂજ્ય બાપુ કહે છે કે માનસનો એવી રીતે પાઠ કરો માનસ તમને પ્રેમ કરે! એક દિવસ ચોપાઈ ન ગાઈએ તો ચોપાઈ ને રડવું આવે! માનસ આપણને પ્રેમ કરે! ભગવાન રામ આપણને પ્રેમ કરે! આપણે તો એ પરમ તત્વ છે એને પ્રેમ કરવાના જ છીએ! આપણે એને નહીં પોકારીએ તો કોણ પોકારશે? પણ શાસ્ત્ર કરે એ વાત કંઈક ઔર છે! સૌ શાસ્ત્ર ને આદર આપવો પણ કોઈ એક પ્રિય હોય અને એનાં પણ આપણે પ્રિય બનીએ! એક બાની કરુના નિધાન કી,સો પ્રિય જાકે ગતિ ન જાન કી. જેમની અન્ય ગતિ નથી એને હું ખૂબ પ્રેમ કરું છું, આમ કહી પૂજ્ય બાપુ એ કથાનો ક્રમ લીધો. રામ ચરિત માનસ નાં સાત કાંડ છે એ આપ સૌ જાણો છો, બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ, લંકાકાંડ, અને ઉત્તરકાંડ, એમ છે. માનસનાં પ્રથમ સોપાનમાં તુલસીદાસજી સાત મંત્રોમાં કહે છે કે,

**વર્ણાનામર્થસંઘાનાં રસાનાં છન્દસામપિ,**
**મઙ્ગલાનાં ચ કર્ત્તારૌ વન્દે વાણીવિનાયકૌ (૧)**

આ પછી શ્લોક ને લોક સુધી પહોંચાડવા તુલસીદાસજી લોક બોલીમાં આવ્યા,અને પાંચ સોરઠમાં પંચ દેવની સ્તુતિ કરી, ત્યાર બાદ સદગુરુ ભગવાનની સ્તુતિ કરી અને કહ્યું કે, માનસનું પ્રથમ પ્રકરણ ગુરૂ વંદના છે, અને જેમાં ગુરુ ચરણ રજ થી પોતાના નેત્રો ને વિવેકમય કરીને તુલસીદાસજી આગળ વધે છે. આખાં જગતને સીયારામ મય સબ જગ જાની, આમ કહી પ્રણામ કરે છે. ત્યાર બાદ આખાં, શ્રી રામનાં રાજ પરિવાર ની વંદના કરી અને પછી હનુમાનજીની વંદના કરી, મહાવીર વિનવઉં હનુમાના, રામ જાસુ જસ આપ બખાનાં, અતુલિત બલધામ હેમ શૈલાભ દેહમ..... જાસુ હ્રદય આગાર બસહિ રામ સર ચાપ ધર.. આમ કહી આવતી કાલ એ રામ નામ વંદના વિશે વાત કરીશું કહીને પહેલાં દિવસની રામકથા ને વિરામ આપ્યો!.

ભગવાન અભિમાનને ખાય છે, દેવોના દેવ શ્રીકૃષ્ણ છે એમ બતાવવા બ્રહ્મા, ઇન્દ્ર, વરુણ મગેરે દેવોનો પરાભવ કર્યો છે

# ભક્તિરસમાં ઇન્દ્રિયોને તરબોળ કરી દો એટલે રાસલીલામાં પ્રવેશ મળશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જીવ લૌકિક રસને આધીન હોય ત્યાં સુધી તેને અલૌકિક રસ મળતો નથી, જે આ ષડ્રસને આધીન થયો તેને ભક્તિરસ, પ્રેમરસ મળતો નથી, આનંદ એ કોઈ વસ્તુમાં નથી, આનંદ મનની એકાગ્રતામાં છે, આનંદ ઈશ્વર સાથે તન્મય થવામાં છે, ભક્તિ કરવી સહેલી નથી, ભગવાનની ભક્તિ જેને કરવી છે તેણે મનને મારવું પડે છે, તેણે જીભના રસ ઉપર કાબૂ મેળવવો પડે છે, જે લૂલીનો ગુલામ છે તે ભગવાનની ભક્તિ કરી શકતો નથી.**

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાન થકી કંઈક મેળવવા પ્રયત્ન કરીએ તો આવો આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જીવ અને ઈશ્વર એક બને તો પછી રાસલીલામાં પ્રવેશ મળે છે. કનૈયો ગોવર્ધનનાથને વંદન કરે છે, એટલે પોતે પોતાની જાતને જ વંદન કરે છે. ચાલો, આપણે પણ એ ગિરિરાજધારીને વંદન કરીએ અને તેની સ્તુતિ કરીએ! ભક્તની ઈચ્છા પ્રમાણે વર્તનારા, બાળલીલામાં દૂધ વગેરેની ચોરી કરી યશનો વિસ્તાર કરનારા, વ્રજ વનિતાઓને આનંદ પમાડનારા, એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે. ગોવર્ધન લીલાથી ગોપીઓને ખાતરી થઈ છે કે, કનૈયો એ ઈશ્વર છે તેથી તેમનામાં તરી તેમની સાથે એકાકાર થવાની ભાવના જાગૃત થઈ અને તે થઈ રાસલીલા.ભક્તિરસમાં ઈન્દ્રિયોને તરબોળ કરી દો એટલે રાસ લીલા માં પ્રવેશ મળશે. ભગવાન અભિમાનને ખાય છે. દેવોના દેવ શ્રીકૃષ્ણ છે એમ બતાવવા બ્રહ્મા, ઈન્દ્ર, વરુણ મગેરે દેવોનો પરાભવ કર્યો છે. બ્રહ્માજીને અભિમાન હતું, જગતને હું જ ઉત્પન્ન કરું છું. ભગવાને અનેક સ્વરૂપો ધારણ કરી પોતે જ પોતાના સ્વરૂપ સાથે રમવા લાગ્યા. બ્રહ્માજીનું અભિમાન દૂર થયું. ઈન્દ્રને અભિમાન હતું કે, હું સ્વર્ગનો રાજા છું,હું મોટો છું.ઈન્દ્રનું અભિમાન ગોવર્ધન લીલામાં દૂર કર્યું. ઈન્દ્રને ખાતરી થઈ સ્વર્ગની ગાદી ઉપર મને બેસાડનાર શ્રી કૃષ્ણ છે. શ્રીકૃષ્ણ અવતાર નથી, પણ પૂર્ણ પુરુષોત્તમ છે. આ વ્રજવાસીઓ ગાયોની સેવા કરતાં, એકાદશી કરતાં, શ્રીકૃષ્ણ કીર્તન કરતાં એટલે શ્રીકૃષ્ણ મથુરાથી ગોકુળ આવ્યા. વ્રજવાસીઓ ભોળા હતા. તેમ છતાં તેમને ભગવાન મળ્યાં છે. ભોળાને મગવાન મળે છે. એક વખત નંદજી મધ્યરાત્રિએ યમુનામાં સ્નાન કરવા ગયા. રાત્રિના અગિયારથી સાડા ત્રણ સુધીના કાળને નિષિદ્ધ કાળ માન્યો છે. તેમાં સ્નાન કે ભોજન થાય નહીં, કારણ કે મધરાતે તિર્થમાં રાક્ષસોનો પ્રવેશ થાય છે, તેથી મધરાતે સ્નાન કરવાની મનાઈ કરી છે. નંદજીને ખબર નહીં કે આ મધ્યરાત્રિ છે. તેઓએ માનેલું કે પ્રાતઃકાળ થઈ ગયો છે. તેમણે જળમાં ડૂબકી મારી. આસુરી સમયે સ્નાન કરવાથી જળના દેવ વરુણનું અપમાન થયું. તેથી વરુણદેવના સેવકો જે ત્યાં હતા તેમણે નંદજીને પકડયા અને વરુણલોકમાં લઈ ગયા. શ્રીકૃષ્ણ વરુણલોકમાં જઈને નંદજીને છોડાવી લાવ્યા. વરુણદેવ જીભના માલિક છે. તેમના દૂતો એટલે પરસો. રસ ઉપર- જીભ ઉપર જ્યાં સુધી કાબૂ ન મેળવો, ત્યાં સુધી રાસમાં પ્રવેશ મેળવી શકાતો નથી. એ ષડ્રસ ઉપર વિજય મળે તો રાસ રસ મળે. નંદ એ જીવાત્મા છે.નંદ એટલે કે જીવ જ્યારે ભક્તિરૂપી યમુનામાં સ્નાન કરવા જાય છે ત્યારે વરુણના સેવકો આ પરસો તેને પજવે છે. જીવ લૌકિક રસને આધીન હોય ત્યાં સુધી તેને અલૌકિક રસ મળતો નથી. જે આ ષડ્રસને આધીન થયો તેને ભક્તિરસ, પ્રેમરસ મળતો નથી. આનંદ એ કોઈ વસ્તુમાં નથી. આનંદ મનની એકાગ્રતામાં છે. આનંદ ઈશ્વર સાથે તન્મય થવામાં છે. ભક્તિ કરવી સહેલી નથી. ભગવાનની ભક્તિ જેને કરવી છે તેણે મનને મારવું પડે છે, તેણે જીભના રસ ઉપર કાબૂ મેળવવો પડે છે. જે લૂલીનો ગુલામ છે તે ભગવાનની ભક્તિ કરી શકતો નથી. મહાપ્રભુએ સુબોધિનીજીમાં કહ્યું છેકે,ઠાકોરજીની સેવામાં અનુરાગ રાખવો પણ શરીરભોગમાં વૈરાગ્ય રાખવો. લૂલી જે માગે તે આપવા થી શાંતિ મળતી નથી. મનુષ્યની જિંદગીનો મોટો સમય આ લૂલી ના લાડ કરવામાં જાય છે લૂલી પર વિજયએટલે ષડ્રસ પરવિજય ષડ્રસ પરવિજય એટલે વરુણ પર વિજય. ગોપીઓના બે ભેદ બતાવ્યા છે નિત્યસિદ્ધા તથા સાધન સિદ્ધા. સાધન સિદ્ધાના શ્રુતરૂપા, ઋષિરૂપા, સંકીર્ણરૂપા, અન્યપૂર્વા, અનન્યપૂર્વા એવા અનેક ભેદ છે. શ્રુતિઓઈશ્વર નું વર્ણન કરતાં થાકી ગઈ, પરંતુ પરમાત્માનો અનુભવ થયો નહીં. કારણ ઈશ્વર કેવળ વાણીનો વિષય નથી. જે વેદાભિમાની દેવો બ્રહ્મ સાક્ષાત્કાર કરવા માટે ગોકુળમાં પ્રગટ થયા તે શ્રુતિરૂપી ઋષિઓ તપસ્વી હોવા છતાં તેમને ઈશ્વરના અનુભવ થતા નથી દર્શન અને અનુભવમાં ફેર છે. દર્શનમાં દષ્ટા અને દશ્યનો ભેદ છે અનુભવમાં દષ્ટા અને દશ્ય એક બને છે. તેમાં પૂર્ણ અદ્વૈત છે, તેથી બ્રહ્મસંબંધ દ્વારા બુદ્ધિગત કામનો નાશ કરી બ્રહ્મ મુક્તિનો અનુભવ કરવા ઋષિઓ ગોપી થઈને આવેલા,તેને સાખલા કહે છે.પ્રભુના મનોહર સ્વરૂપને નિહાળતાં જેમનામાં કામભાવ જાગૃત થયેલો તે દાખલા તરીકે શૂપર્ણખા તે બધી ગોપીઓ તરીકે પ્રગટ થઈ તેમને સંકીર્ણરૂપા કહે છે.આરામ કરી સંસારસુખ ભોગવ્યા પછી સંસારસુખમાં સૂગ આવે અને પ્રભુ પ્રત્યે પ્રેમભાવ જાગે તે અન્નપૂર્વા ગોપીઓ, દાખલા તરીકે તુલસીદાસજી. એક જ વસ્તુમાં જો આસક્તિ હોય અને તે આસક્તિને જો પ્રભુમાં પલટાવી દેવામાં આવે તો તે વસ્તુ ની આસક્તિ છૂટી જાય છે. અનેક વસ્તુઓમાં આસક્તિ હોય તો આ શક્ય નથી. તુલસીદાસજી સ્વપત્નીમાં આસક્ત હતા. એમને મન પરસ્ત્રી માતા સમાન હતી. તેથી પત્નીએ ટકોર કરી કે, તરત એમની આસક્તિ પ્રભુમાં પરિવર્તિત થઈ ગઈ. કેટલાંકને રોજ થપ્પડ પડે છે તો પણ સુધરતા નથી, કારણ કે અનેકમાં તેમની આસક્તિ હોય છે. એમના પરિગ્રહોનો પાર નથી. જન્મસિદ્ધ પૂર્ણ વૈરાગ્યવાળા શુક દેવ મીરાં વગેરે પૂર્વાગોપી છે. એક વખત વ્રજની કુમારિકાઓ યમુનાને કિનારે વસ્ત્ર મૂકી નગ્નદેહે જળમાં સ્નાન કરવા લાગી.તે સમયે શ્રીકૃષ્ણ ત્યાં આવ્યા. તેઓનાં વસ્ત્ર લઈ નજીકનાં કદંબના વૃક્ષ ઉપર ચડી ગયા. પછી શ્રીકૃષ્ણે તેઓને કહ્યું, જળ માં નગ્ન દેહે નાહીને તમે જળના દેવોનો અપરાધ કર્યો છે. એટલે બે હાથ જોડી નમસ્કાર કરી તમારાં વસ્ત્રો લઈ લો. વ્રજકુમારિકાઓએ તેમ કર્યું ત્યારે શ્રીકૃષ્ણે વસ્ત્રો પાછાં આપ્યાં.આ લીલાનું રહસ્ય એ છે કે,શરીરનું ભાન ભૂલશો તો પ્રભુ પાસે જઈ શકાશે.આત્મા સ્ત્રી નથી કે પુરુષ નથી,એટલે‘હું સ્ત્રી છું’એવી ભાવના કુમારિકાઓના મનમાં હી તે ‘હું’પણાનું સૂચક છે.એ અહંકારનો પડદો દૂર કરી સર્વસ્વ પ્રભુને અર્પણ કરવાનો આમાં ઉદ્દેશ છે. પોતાની જાતને પણ ભૂલી મારી પાસે આવો. એમ ભગવાન કહે છે.સંસ્કારશૂન્ય, સંસારશૂન્ય નિવારણ થઈને મારી પાસે આવો.એમ ભગવાન કહે છે દ્વૈતનો પડદો દૂર કરશો તો ભગવાન મળશે. ભગવાન પાસે છે છતાં દેખાતા નથી.વાસનાનો પડદો દૂર થાય તો તરત દેખાયા.ગુરુ આ વાસનાનો પડદો દૂર કરી આપે છે.આત્મા અને પરમાત્મા વચ્ચે આ વાસના નો પડદો છે એટલે ભગવાનનો અનુભવ થતો નથી. તે વાસનાના આવરણને દૂર કરીને પ્રભુને મળવા જવાનું છે. બુદ્ધિગત વાસના સિદ્ધ સદગુરુ કૃપા કરે અથવા પરમાત્મા કૃપા કરે તો જ દૂર થાય છે. ચીરહરણ એ રાસલીલાની પૂર્વ તૈયારી છે. વૃત્તિઓના આવરણનું નષ્ટ થઈ જવુંએ ચીરહરણ લીલા અને તે પછી જીવનું આત્મામાં રમણ-મિલન એ રાસ.એટલે તો ચીરહરણ લીલા પછી રાસલીલા કહે છે. કામવાસના જાય એટલે ઈશ્વર સાથે અદ્વૈત પ્રાપ્ત થાય. ચીરહરણએ કંઈ લૌકિક વસ્ત્રોની ચોરી નથી,પરંતુ બુદ્ધિગત કામ વાસનાની ચોરી છે. શ્રીકૃષ્ણ વ્યાપક હોવાથી જળમાં પણ શ્રીકૃષ્ણ છે.ગોપીઓ જળમાં પણ નહાય છે એટલે શ્રીકૃષ્ણમાં નહાય છે. એટલે એમને શ્રીકૃષ્ણ મળેલા જ છે.પણ વાસનાનું, અજ્ઞાનનું આવરણ હોવાથી શ્રીકૃષ્ણનો તેમનેઅનુભવ થતો નથી.તેથી બુદ્ધિગત વાસનાનું વસ્ત્ર પ્રભુકૃપા કરીને દૂર કરે છે, જ્યારે પ્રભુના બનીએ ત્યારે જ આ બને છે. પ્રભુ કહે છે કે, જેણે પોતાની બુદ્ધિને મારામય કરી છે તેનો વિષયભોગનો સંકલ્પ સાંસારિક વિષયભોગ માટે થતો નથી,પણ તે સંકલ્પ મોક્ષદાયી જ થાય છે. ભૂંજેલા ધાન્યનું બી જેમ અંકુરિત થતું નથી,તેમ જેમની બુદ્ધિમાંથી વાસના નષ્ટ થઈ છે તેમની બુદ્ધિમાં કામવાસના અંકુરિત થતી નથી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે મહાકુંભ સ્નાનનો લાભ પચાસ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ લઈ ચુક્યા છે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાન ચિંતન મનનમાં છેલ્લે જોઈએ તો એક પ્રચલિત લોકવાર્તા મુજબ, એક યુવક એક રાજ્યનો રાજા બન્યો. તેમણે મંત્રીઓને આદેશ આપ્યો કે વૃદ્ધો અમારા કોઈ કામના નથી. તેઓ હંમેશા બીમાર રહે છે, કોઈ કામ કરતા નથી, તેમના કારણે રાજ્યના પૈસાનો વ્યય થાય છે. તમામ વૃદ્ધોને મોતની સજા આપો. રાજ્યના વડીલોને આ આદેશની જાણ થતાં જ તેઓ રાતોરાત બીજા રાજ્યમાં ચાલ્યા ગયા.એક ગરીબ છોકરો તેના પિતાને ખૂબ પ્રેમ કરતો હતો,પરંતુ તેની પાસેએટલા પૈસા પણ ન હતા કે તે ઘર છોડીને બીજા રાજ્યમાં જઈ શકે. એટલા માટે તેણે પોતાના પિતાને ઘરમાં જ સંતાડી દીધા હતા. થોડા દિવસો પછી એ રાજ્યમાં દુકાળ પડ્યો. રાજાને સમજાતું નહોતું કે તેની પ્રજા માટે ભોજન ની વ્યવસ્થા કેવી રીતે કરવી, તે દિવસોમાં અત્યંત ગરમી હતી. ગરીબ છોકરાએ તેના વૃદ્ધ પિતાને દુષ્કાળનો ઉપાય પૂછ્યો. તેના પિતાએ કહ્યુંકે હિમાલય રાજ્યથી દૂર નથી. ગરમીના કારણે હિમાલય નો બરફ પીગળવા લાગશે અને તે પાણી રાજ્યમાં છોડવામાં આવશે અને તે વહેતું આવશે. એ પાણી અહીં આવે તે પહેલાં,તમે એક કામ કરો,રાજ્યના રસ્તાની બંને બાજુ ખેડાણ કરો. છોકરાએ રાજ્યના લોકોને આ ઉપાય જણાવ્યો, પણ કોઈએ તેની વાત સાંભળી નહીં. છોકરાએ એકલા હાથે રસ્તાની બંને બાજુ ખેડાણ કર્યું.ટૂંક સમયમાં જ હિમાલયના પાણી રાજ્યના માર્ગમાં આવી ગયા. થોડા જ દિવસોમાં રાજ્યના રસ્તાઓ પર અનાજના છોડ ઉગી નીકળ્યા. જ્યારે રાજાને આ વાતની ખબર પડી,ત્યારે તે ગરીબ છોકરાને દરબારમાં બોલાવવામાં આવ્યો. રાજાએ છોકરાને પૂછ્યું, પાક ઉગાડવાની આ પદ્ધતિ તને કોણે કહી? છોકરાએ કહ્યું, મહારાજ, મારા પિતાએ મને આ ઉપાય કહ્યું હતું. જ્યારે તમે વૃદ્ધોને મારી નાખવાનો આદેશ આપ્યો, ત્યારે મેં તેમને મારા ઘરમાં છુપાવી દીધા. આ સાંભળીને રાજાએ તે વૃદ્ધ માણસને પણ દરબારમાં બોલાવ્યો. વૃદ્ધે રાજાને કહ્યું કે મહારાજ, આપણા રાજ્યના લોકો પોતાના ખેતરોમાંથી અનાજ પોતાના ઘરે લઈ જતા હતા અને જ્યારે કેટલાક લોકો અનાજ વેચવા માટે બીજા રાજ્યોમાં જતા હતા.

### અભિનેત્રી બનવાની તૈયારી પણ શરૂ કરી દીધી છે

# મહાકુંભની વાયરલ ગર્લ મોનાલિસાની તાલીમ શરૂ

## અહેવાલો અનુસાર, મોનાલિસા આ ફિલ્મમાં અનુપમ ખેરની પુત્રી, એક નિવૃત્ત આર્મી ઓફિસરની ભૂમિકા ભજવશે

મહાકુંભની વાયરલ ગર્લ મોનાલિસા ટૂંક સમયમાં એક ફિલ્મમાં જોવા મળશે. તેણે અભિનેત્રી બનવાની તૈયારી પણ શરૂ કરી દીધી છે. સૌ પ્રથમ, તે હવે વાંચતા અને લખતા શીખી રહી છે. મહાકુંભ વાયરલ ગર્લ મોનાલિસાએ અનુપમ ખેર સાથે ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર' પહેલા સનોજ મિશ્રા સાથે અભ્યાસ શરૂ કર્યો હતો. મધ્યપ્રદેશના ખરગોન જિલ્લાના મહેશ્વર શહેરની ૧૬ વર્ષની મોનાલિસાએ સપનામાં પણ કલ્પના કરી ન હતી કે મહાકુંભમાં આવ્યા પછી તેનું જીવન બદલાઈ જશે અને તે રાતોરાત સેન્સેશન બની જશે. મોનાલિસા તેના પરિવાર સાથે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભ મેળામાં માળા વેચવા પહોંચી હતી. તેની વાદળી-ભૂરા રંગની આંખોએ લાખો લોકોના દિલ જીતી લીધા. મોનાલિસાની તસવીરો એટલી વાયરલ થઈ કે મહાકુંભમાં પહોંચેલા લોકો, ન્યૂઝ ચેનલો અને યુટ્યુબરોએ તેના ઘણા ઈન્ટરવ્યુ લીધા. આ સમય દરમિયાન ફિલ્મ નિર્માતા સનોજ મિશ્રાએ પણ મોનાલિસા પર નજર નાખી અને તેઓ





તેને અને તેના પરિવારને મળવા મહેશ્વર પહોંચ્યા. બાદમાં, તેમણે તેમની આગામી ફિલ્મ, ધ ડાયરી ઓફ મણિપુરમાં મુખ્ય અભિનેત્રી તરીકે મહાકુંભની વાયરલ ગર્લ મોનાલિસાને સાઈન કરી. હવે સનોજ મિશ્રા મોનાલિસાને શીખવવાની જવાબદારી પણ લઈ રહ્યા છે. અહેવાલો અનુસાર, મોનાલિસા આ ફિલ્મમાં અનુપમ ખેરની પુત્રી, એક નિવૃત્ત આર્મી ઓફિસરની ભૂમિકા ભજવશે. હાલમાં મોનાલિસા તેના પહેલા રોલ માટે તૈયારી કરી રહી છે, ફિલ્મની ટીમ તેને મુંબઈ લાવી છે, જ્યાં તે તાલીમ અને શિક્ષણ લઈ રહી છે અને તેના જીવનનો એક નવો અધ્યાય શરૂ કરી રહી છે. અહેવાલો અનુસાર, મોનાલિસા આ ફિલ્મમાં અનુપમ ખેરની પુત્રી, એક નિવૃત્ત આર્મી ઓફિસરની ભૂમિકા ભજવશે તે મુંબઈમાં ફિલ્મ નિર્માતા સનોજ મિશ્રાના માર્ગદર્શન હેઠળ એક અભિનેત્રી તરીકે ડેબ્યૂ કરી રહી છે. તે સનોજ મિશ્રા અને તેની પિતરાઈ બહેન પાસે બધું શીખી રહી છે.સનોજ મિશ્રાએ કેપ્શનમાં લખ્યું છે કે, ''પૃથ્વી પર જન્મ્યા પછી, માણસ બધું શીખે છે, આજના સમાજ માટે શિક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે, આવી સ્થિતિમાં, જે લોકો શિક્ષણથી વંચિત છે, તેઓ સમાજમાં પાછળ રહી જાય છે, વાયરલ ગર્લ મોનાલિસા પણ આવી જ છે, જે હવે વાંચવાનું શીખી રહી છે, જે લોકો માટે એક ઉદાહરણ બની શકે છે...''સનોજ મિશ્રા મોનાલિસાના પરિવારને મળ્યાઅગાઉ, ફિલ્મ નિર્માતા સનોજ મિશ્રાએ મોનાલિસાના પરિવાર સાથેની તેમની મુલાકાતનો એક વીડિયો શેર કર્યો હતો, જ્યાં તેમણે તેમને તેમની આગામી ફિલ્મમાં તેમની પ્રતિભા દર્શાવવાની ખાતરી આપી હતી. પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા મિશ્રાએ કહ્યું હતું કે, ''મોનાલિસા સખત મહેનત કરવા ઉત્સુક છે, અને તેને સફળતા તરફ દોરી જવાની જવાબદારી આપણી છે.'' 'રામ જન્મભૂમિ' અને 'કાશી ટુ કાશ્મીર' જેવી ફિલ્મોના દિગ્દર્શન સાથે, મિશ્રા મોનાલિસાની વાર્તાને મોટા પડદા પર લાવવા માટે તૈયાર છે.

### આહના કુમરાએ પોડકાસ્ટની દુનિયામાં ડેબ્યુ વિશે વાત કરી

# આહના કુમરાને નસિરુદ્દીન શાહ સાથે પહેલું પોડકાસ્ટ કરવાની ઈચ્છા હતી

આહના કુમરા એક પોડકાસ્ટ શો શરૂ કરવા જઈ રહી છે, જે તેના પહેલા પ્રેમ થિએટર પર આધારીત હશે. આ શોનું નામ 'કર્ટન કૉલ વિથ આહના કુમરા' આપવામાં આવ્યું છે અને તેના વિશે આહના ઘણી ઉત્સુક પણ છે. આહના કહે છે કે આ શોમાં નાટકો અને સ્ટેજ વિશે ઊંડાણપૂર્વકની વાતો જોવા-સાંભળવા મળશે.આહનાએ કહ્યું, ''અમે નસિરુદ્દીન શાહ સર અને રત્ના પાઠક શાહ મેમ સાથે આ શોની શરૂઆત કરીશું, તેમના પછી એક્ટર ડિરેક્ટર મકરંદ દેશપાંડે હશે. આ ઉપરાંત અમારા શોમાં રજત કપૂર અને વિનય પાઠક, સુચિત્રા પિલ્લઈ અને જોય સેનગુપ્તા, પ્રતીક ગાંધી અને તેની પત્ની ભામિની ઓઝા, અનમોલ પરાશર અને પ્રિયાંશુ પૈન્યુલી જેવા લોકો આવશે. અમે ૬ એપિસોડ તો શૂટ કરી પણ નાખ્યા છે.''પોતાના શોના ફોર્મેટ વિશે આહનાએ કહ્યું, ''અમે જોડીનું ફોર્મેટ રાખ્યું છે, વાસ્તવિક જોડીઓ અને સ્ટેજ થિએટરની જોડીઓ. તેની બધી જ ચર્ચાઓ થિએટર વિશે જ હશે. અમારે આ ફોર્મેટમાં લોકોને મજા કરાવવી છે, જેમાં તેમને વધુ રસ પડે અને આ અંગે વધુ ચર્ચા પણ થાય. અમારો વિચાર આ પોડકાસ્ટની એકથી વધુ સીઝન કરવાનો પણ છે.''આહના થિએટર, ફિલ્મો અને ડિજીટલ પ્લેટફોર્મ્સ પર કામ કરવાનો ઘણો અનુભવ ધરાવે છે, ત્યારે તેણે કહ્યું,



''ફિલ્મો પર વાત કરતા અનેક શો અને પોડકાસ્ટ આપણી પાસે છે, પરંતુ નાટકો અને મંચન આપણી સંસ્કૃતિનો એક ભાગ છે અને દેશના દરેક રાજ્યમાં આ પ્રવૃત્તિઓ થાય છે છતાં તેના પણ આપણી પાસે આંગળીને વેઢે ગણાય એટલાં જ શો છે. મને જ્યારે કોઈ થિએટરની વ્યક્તિ ગમાવે ત્યારે મને ગર્વ થાય છે, કારણ કે હું છેલ્લાં ૨૫ વર્ષથી નાટકો કરું છું અને મેં ૫૦૦થી વધુ શો કર્યા છે.''આહના મકરંદ દેશપાંડે સાથે 'સર સર સરલા' અને કુનાલ કપૂર સાથે 'કોન્સ્ટેલેશન્સ' જેવા નાટકો કરી ચુકી છે. તેણે કહ્યું, ''મને આ તબક્કામાં બહુ મજા આવી રહી છે, જ્યારે હું સ્ટેજ પર અભિનય કરું છું, નવું કામ શોધું છું સાથે એક આન્ત્રપ્રિન્યોર બનવા જઈ રહી છું અને મારા પ્રોડક્શન હાઉસ માટે પણ કામ કરી રહી છું.

# અભિનેત્રી કરોડરજ્જુમાં ઈજા બાદ સ્વસ્થ રકુલ પ્રીત સિંહ



### રકૂલ પ્રીત સિંહ તાજતેરમાં ફિલ્મમાં મેરે હસબંડ કી બીવી, ઇન્ડિયા ૨ અને દે દે પ્યાર દે ૨ જોવા મળશે

રકૂલ પ્રીત સિંહ તાજતેરમાં ફિલ્મમાં મેરે હસબંડ કી બીવી, ઈન્ડિયા ૨ અને દે દે પ્યાર દે ૨ જોવા મળશે. છેલ્લે રકૂલ છત્રીવાળી ફિલ્મમાં જોવા મળી હતી.બોલિવૂડ અભિનેત્રી રકુલ પ્રીત સિંહને વર્ષ ૨૦૨૪ માં તેમના વર્કઆઉટ સેશન દરમિયાન ઈજા થઈ હતી. આ અભિનેત્રી ૮૦ કિલો વજન ઉપાડી રહી હતી ત્યારે તેની કરોડરજ્જુમાં ઈજા થઈ હતી. ડોક્ટરે તેને બે મહિનાનો વિરામ લેવાની સલાહ આપી હતી.રકુલ પ્રીત સિંહ એ તાજેતરમાં જ શેર કર્યું હતું કે બે મહિના પછી, તે શૂટિંગ માટે તૈયાર છે, પરંતુ ઈજાએ તેના પર ભાવનાત્મક અસર છોડી હતી. તેણે એ પણ કહ્યું કે આ માટે પોતાને તૈયાર કરવા માટે તેણે કેટલી મહેનત કરી છે. રકૂલ પ્રીત સિંહએ કહ્યું કે તેની રિકવરી સફર તેની આગામી ફિલ્મ ''મેરે હસબન્ડ કી બીવી''ના ગીત '' ગોરી હૈ કલાઈયાં'' પર કેન્દ્રિત હતી કારણ કે તે જાણતી હતી કે ફિલ્મની રિલીઝ નજીક આવી રહી છે. તેણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે ''પહેલા અઠવાડિયામાં જ, મેં હાર માની લીધી અને મેં કહ્યું, ઠીક છે. આ એક લેસન છે અને તે મારા માટે શીખવા જેવું છે. હું સ્ટીલની કરોડરજ્જુ બનાવીશ અને આ ૨૦૨૫ માટેનો મારો સંકલ્પ છે.'

### ડિરેક્ટર તરીકે કલાકારની પસંદગી વખતે આર્થિક પાસું વિચારવું પડે

# ડિરેક્ટર્સ હિરોઈનને રિપીટ નથી કરતા, ઓડિયન્સ હિરોને જોવા ખેંચાય છે...

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડિરેક્ટર્સ એક હિરો સાથે તો એકથી વધુ વખત કામ કરે છે પરંતુ ફાતિમા સના શેખ એવી બહુ ઓછી હિરોઈનમાંની એક છે, જે એક ડિરેક્ટર સાથે ફરી વખત કામ કરી રહી છે. આ પ્રકારના ધોરણો પાછળના કારણો વિશે ફાતિમાએ કહ્યું, ''કારણ કે એ લોકો જ ફિલ્મને કમાણી કરાવે છે. જો શાહરુખ ખાન વધુ પૈસા કમાઈ આપે છે, તેનો મતલબ અવો પણ છે કે એ તમને ઓડિયન્સ પણ લાવી આપે છે. કેટલાક કલાકારો સાથે કેટલાક દર્શકો પણ જોડાયેલાં હોય છે. જો તમે ડિરેક્ટર તરીકે કોઈ કલાકારને પસંદ કરતા હોય, તો તમારે પૈસાના દૃષ્ટિકોણથી પણ વિચારવું પડે છે. તેમાં પણ ખાસ તો કેટલાંક કલાકારો એવા હોય છે, જેના પર કમાણીનો ભરોસો મુકી શકાય છે. તો એ ડિરેક્ટર્સ આવા કલાકારો સાથે એકથી વધુ વખત કામ કરશે. જેના પર કમાણીનો ભરોસો મુકી શકાય એવી હિરોઈન કેટલી? તેમાં કંગના રણૌત, આલિયા ભટ્ટ, દીપિકા પાદુકોણ જેવા ઘણા ઓછા નામનો સમાવેશ થાય છે. તેથી ડિરેક્ટર્સ અમારી સાથે ફરીથી કામ કારતા નથી. જો અમે વધારે ઓડિયન્સ ખેંચી શકીશું તો અમને પણ રિપીટ કરશે.'' ફાતિમા સના શેખે તાજેતરમાં જ આર માધવન સાથે 'આપ જૈસા કોઈ' ફિલ્મની જાહેરાત કરી છે. આ એક લવ સ્ટોરી છે અને ફાતિમા તેના માટે માધવનના વખાણ કરતાં ધરાતી નથી. ફાતિમા કહે છે, ''હંમેશાથી માધવન પાછળ ઘેલી રહી છું. એટલે મેં એને કહ્યું કે મને તેના પર સૌથી મોટો ક્રશ છે. એને ખબર છે કે એના કામ માટે હું એને કેટલો પ્રેમ કરું છું અને મને એમના કામ માટે કેટલું માન છે. એ પણ મને ઘણું માન આપે છે. એ પણ બહુ અભ્યાસુ છે. એને નવા નવા ગેજેટ્સ લેવાનો શોખ છે અને તેના માટે તે નાના બાળકો જેટલો ઉત્સાહમાં આવી જાય છે.''તાજેતરમાં જ સનાએ અનુરાગ બાસુની ફિલ્મ'મેટ્રો ઈન દિનોં..'માટે શૂટ પૂરું કર્યું છે. આ ફિલ્મ વારંવાર ડિલે થવા અંગે ફાતિમાએ કહ્યું,''હું તો ઈચ્છિશ કે ગમે તેમ ફિલ્મ રિલીઝ કરી દે એના કરતાં અનુરાગ દાદા પોતાનો સમય લે અને સારી ફિલ્મ બનાવે. એ એક એવા ફિલ્મ મેકર છે, જેઓ સ્પષ્ટ રીતે જાણે છે કે તેમને શું બનાવવા માગે છે. લોકોને લાગે છે કે એ એકલાં જ ફિલ્મ બનાવે છે, પણ એ એક મોટી કાસ્ટ સાથે કામ લઈ રહ્યા છે. દરેક કલાકાર પાસે અલગ તારીખો હોય છે અને તેમને આ સિવાય પણ ઘણી બાબતો પર કામ કરવાનું છે. તેથી બધાની તારીખો મળે તે બહુ અઘરું કામ છે, આ સહેલું નથી.''




# શેખર કપૂરની દીકરી કાવેરીને પહેલી ફિલ્મથી જ મજા પડી ગઈ

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વધુ એક કપૂરની એન્ટ્રી થઈ ગઈ છે, જાણીતા ફિલ્મ મેકર શેખર કપૂરની દિકરી કાવેરી કપૂરે 'બૉબી ઔર રિશી કી લવ સ્ટોરી' સાથે ડેબ્યુ કર્યું છે. કુનાલ કોહલીએ આ ફિલ્મ ડિરેક્ટ કરી છે, જેમાં કાવેરી સાથે વર્ધાન પુરી લીડ રોલમાં છે.વર્ધાન પુરી અમરિશ પુરીનો પૌત્ર છે. ફિલ્મ ૧૧ ફેબ્રુઆરીએ ડિઝની હોટસ્ટાર પર રિલીઝ થઈ છે. આ એક ક્યુટ લવસ્ટોરી છે, જેમાં યૂકેના બૉબી અને રિશીની સ્ટોરી છે, જેઓ મળે છે, મિત્રો બને છે અને પ્રેમમાં પડે છે અને પછી સામા પ્રવાહે તરવું પડે છે. પોતાની પહેલી ફિલ્મના અનુભવ વિશે કાવેરીએ કહ્યું, ''એક કલાકાર અને પહેલી ફિલ્મ માટે મારું સપનું સાકાર થવા જેવી વાત છે. એક કલાકાર તરીકે કુનાલ તરફથી મળેલા માર્ગદર્શન અને સહકારથી મને ઘણી મદદ મળી. તેનાથી મને ભવિષ્યની ફિલ્મોમાં પણ મદદ મળશે.''વર્ધાન પુરીના વખાણ કરતા કાવેરીએ કહ્યું, ''શૂટના શરૂઆતના દિવસોમાં જ હું અને વર્ધાન બહુ સારા મિત્રો બની ગયા હતા અને એણે પણ મને પહેલી વખતના કલાકાર તરીકે ઘણા પડકારજનક અનુભવોમાંથી પસાર થવામાં મદદ કરી છે.''આગળ કાવેરીએ કહ્યું, ''મને આ ફિલ્મમાં કામ કરવાની બહુ જ મજા આવી છે, ઘણી મહેનત હતી અને લાંબા દિવસો હતા છતાં મને ક્યારેય કામ કરતી હોય એવું લાગ્યું નથી. ઉપરથી જ્યારે ફિલ્મ પુરી થઈ ગઈ ત્યારે હું દુઃખી થઈ ગઈ હતી. આ સમગ્ર અનુભવ માટે હું આભારી છું, તેનાથી મારું જીવન બદલાઈ ગયું.''આ પહેલાં કાવેરી શેખર કપૂરની માસૂમ સાથે ડેબ્યુ કરે તેવી ચર્ચા હતી.



### કાજોલ-આમિર ખાન ઇન્ડસ્ટ્રીના શ્રેષ્ઠ કલાકારોમાંના એક છે

# આમિર ખાનનું નામ સાંભળીને કાજોલે ફિલ્મની ઓફર ઠુકરાવી દીધી હતી

## કાજોલ અને આમિર ખાન પહેલી વાર ૧૯૯૭માં 'ઇશ્ક'માં સાથે દેખાયા હતા, પરંતુ તેઓ એકબીજાની વિરુદ્ધ નહોતા

કાજોલ અને આમિર ખાન ઈન્ડસ્ટ્રીના શ્રેષ્ઠ કલાકારોમાંના એક છે. આમિર ખાનને 'મિસ્ટર પરફેક્શનિસ્ટ' કહેવામાં આવે છે. કલાકારોને તેમની સાથે કામ કરવું ગમે છે. પરંતુ એક સમય એવો હતો જ્યારે કાજોલે તેની સાથે કામ કરવાનો ઈનકાર કરી દીધો હતો. આમિર ખાનનું નામ સાંભળતા જ કાજોલે ફિલ્મની ઓફર ઠુકરાવી દીધી, તે બોક્સ ઓફિસ પર ફ્લોપ ગઈ. કાજોલે આ ફિલ્મ કરવાનો ઈનકાર કર્યો તે પહેલાં, બંનેએ પહેલા અને પછી સાથે કામ કર્યું છે. આપણે અહીં જે ફિલ્મ વિશે વાત કરી રહ્યા છીએ તે આમિર ખાનની ૨૦૦૦ માં રિલીઝ થયેલી ફિલ્મ 'મેલા' છે. કાજોલ અને આમિર ખાન પહેલી વાર ૧૯૯૭માં 'ઈશ્ક'માં સાથે દેખાયા હતા, પરંતુ તેઓ એકબીજાની વિરુદ્ધ નહોતા. આ રોમેન્ટિક કોમેડી ફિલ્મમાં કાજોલ અજય દેવગણ અને આમિર ખાન સાથે જુહી ચાવલા સાથે જોવા મળી હતી. એક જૂની વાતચીતમાં, 'મેલા'ના દિગ્દર્શક ધર્મેશ દર્શને ખુલાસો કર્યો હતો કે કાજોલે તે સમયે આમિર સાથે કામ કરવાનો ઈનકાર કેમ કર્યો હતો. કાજોલને મેળામાં કામ કરવાનું હતું, પણ તેના તરફથી કેટલાક પ્રશ્નો હતા. તે સમયે તેણીને આમિર વિશે ખાતરી નહોતી, જોકે પછીથી તેણીએ તેની સાથે ફના કરી. તે એક જ વાર કામ કરે તેવી અભિનેત્રી છે અને આમિર ખાન સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ઘણા બધા પ્રયત્નો કરે છે. તેથી, તેના મનમાં કેટલીક શંકાઓ હતી. તે મારા ઘરે આવી અને મને બધું સમજાવ્યું. કાજોલ આવા કામો કરવા માટે જાણીતી નહોતી. બાદમાં, આ ફિલ્મમાં આમિર ખાનની સામે ટ્વિંકલ ખન્નાને કાસ્ટ કરવામાં આવી હતી.૧૭ જાન્યુઆરી ૨૦૦૦ ના રોજ જ્યારે આમિર ખાનની ફિલ્મ મેલા સિનેમાઘરોમાં રિલીઝ થઈ ત્યારે દર્શકોએ તેને સંપૂર્ણપણે નકારી કાઢી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ ગઈ. કાજોલનો આ ફિલ્મમાં કામ ન કરવાનો નિર્ણય તેની કારકિર્દી માટે સાચો સાબિત થયો. કાજોલ અને આમિર ખાનની ફિલ્મોની વાત કરીએ તો, ફિલ્મ 'ઈશ્ક' પછી, તેમણે વર્ષ ૨૦૦૬ માં ફિલ્મ 'ફના' માં કામ કર્યું.





### હેલી શાહે તાજેતરમાં જ ગુજરાતી ફિલ્મ 'ડેડા'નું શૂટિંગ પૂરું કર્યું

# માતૃભાષામાં ફિલ્મ કરવાથી વધુ સારું કંઈ હોઈ શકે નહીંઃ હેલી શાહ

## જે, હું ફિલ્મ વિશે વધારે કશું કહી શકીશ નહીં, પણ આ બહુ જ લાગણીપ્રધાન ફિલ્મ છે

હેલી શાહે તાજેતરમાં જ ગુજરાતી ફિલ્મ 'ડેડા'નું શૂટિંગ પૂરું કર્યું છે. આ ફિલ્મમાં તેની સાથે ગૌરવ પાસવાલા લીડ રોલમાં છે, સુરતની ગલીઓમાં તેનું શૂટિંગ થયું છે. આ ફિલ્મના અનુભવ અંગે હેલીએ કહ્યું, ''સુરતમાં શૂટિંગ કરવામાં બહુ મજા આવી. મને ગુજરાતી હોવાનો ભરપૂર ગર્વ છે અને માતૃભાષામાં ફિલ્મ કરવાથી સારું બીજું કશું જ ન હોઈ શકે. હેમા શુક્લા જેવા ફિલ્મ મેકર અને ગૌરવ પાસવાલા જેવા કલાકાર સાથે કામ કરવામાં પણ મને ઘણું શીખવા મળ્યું છે. હું પહેલી વખત આટલા વખત માટે સુરતમાં રહી છું. સુરત તેની મોં માં પાણી આવે એવી વાનગીઓ માટે જાણીતું છે અને મને લોચો અને આલુપુરી ખાવાની બહુ મજા આવી.''હેલીએ આગળ કહ્યું, ''જે, હું ફિલ્મ વિશે વધારે કશું કહી શકીશ નહીં, પણ આ બહુ જ લાગણીપ્રધાન ફિલ્મ છે. આજકાલ આપણને ઘણી થ્રિલર ફિલ્મો જોવા મળે છે, પણ લાગણીપ્રધાન કન્ટેન્ટ બહુ જોવા મળતું નથી. મેં આ જ કારણથી આ ફિલ્મ કરવાનો નિર્ણય લીધો. પ્રાદેશિક ફિલ્મોમાં આ પ્રકારના વિષયો અને કન્ટેન્ટ આવે છે તેમાં ઘણી મજા આવે છે. આજે ઓટીટી આવવાથી એટલું સારું થયું છે કે દુનિયાના કોઈ પણ ખુણેથી લોકો સારી ફિલ્મો જોઈ શકે છે. છેલ્લા દસ વર્ષમાં ઘણી સારી ગુજરાતી ફિલ્મો બની છે, તેથી એવા ઘણા કલાકારો છે જે હવે ગુજરાતી ફિલ્મોમાં કામ કરવા ઈચ્છે છે. હું ઘણાં લાંબા સમયથી એક સારી સ્ક્રિપ્ટની રાહ જોતી હતી. મને આશા છે કે ગુજરાતી ઓડિયન્સને આ ફિલ્મ ગમશે તેથી મને ફિલ્મ સારી ચાલશે તેવી અપેક્ષા છે.'' હેલીએ છેલ્લે 'ગુલ્લક'ની ચોથી સીઝનમાં કામ કર્યું છે, ઓટીટીના અનુભવ વિશે વાત કરતાં તે કહે છે, ''હાલ હું એટલું જ કહી શકીશ કે આ એવા પ્રકારનો રોલ છે, હેલીએ આગળ કહ્યું, ''જે, હું ફિલ્મ વિશે વધારે કશું કહી શકીશ નહીં, પણ આ બહુ જ લાગણીપ્રધાન ફિલ્મ છે જેમાં મને લોકોએ આ પહેલાં જોઈ નથી.''હેલીએ ટીવીમાં છેલ્લે ૨૦૨૧માં 'ઈશ્ક મેં મરજાવાં ૨'માં કામ કર્યુ હતું અને પછી લાંબો બ્રેક લીધો હતો. આ અંગે હેલીએ કહ્યું, ''મેં ક્યારેય એવું નથી કહ્યું કે હું ટીવીમાં કામ કરીશ નહીં. પરંતુ એ બ્રેક મેં સમજી વિચારીને લીધો હતો. મને પહેલા કરવા ન મળ્યો હોય એવો કોઈ રોલ મળે તો હું કરવા તૈયાર છું. બ્રેકમાં મને ગમતી વ્યક્તિઓ અને વસ્તુઓ સાથો સમય વિતાવવા મળ્યો. તેનાથી હું એક સારી વ્યક્તિ બની શકી છું.''



### ઝાલોદ નગરમાં નગરપાલિકા ચૂંટણી સંદર્ભે બાઇક રેલી નહીં રેલો નીકળ્યો

# ઝાલોદ નગરપાલિકામા વિપક્ષોની ડિપોઝીટ ગુલ કરવા સાંસદ જસવંતસિંહનો હુંકાર

### ધારાસભ્ય મહેશ ભૂરીયાએ ભાજપની જીત નિશ્ચિત હોવાનું કહ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

ઝાલોદ નગરપાલિકા ચૂંટણી ૧૬ ફેબ્રુઆરીએ યોજાનાર છે તે સંદર્ભે આજે પ્રચારના અંતિમ ચરણમાં ભાજપના સત્તાવીશ ઉમેદવારોને જીતાડવા માટે ભાજપ દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. આજરોજ સાંજે પાંચ વાગ્યાથી જાહેર પ્રચાર બંધ થઈ જવાનો છે ત્યારે ભાજપનું બોર્ડ બેસાડવા માટે ઝાલોદ નગરમાં અંદાજીત ૧૫૦૦ યુવાનો દ્વારા બાઈક રેલી યોજાઈ હતી. આજે ભાજપને જીતાડવા માટે દાહોદ જિલ્લા પ્રમુખ શંકર અમલીયાર તેમજ દાહોદ જિલ્લા સાંસદ જસવંતસિંહ ભાભોર અને ભાજપ દાહોદ જિલ્લા પ્રભારી સતીષ પટેલ વિશેષ ઉપસ્થિત રહેલ હતા.

ઝાલોદ નગર મુવાડા તિરંગા ચોક પર ઉપસ્થિત સહુ મહેમાનો તેમજ નેતાગણ ભીલ રાજા ઝાલા વસૈયાને માલ્યાર્પણ કરી બાઈક રેલી યોજાઈ હતી. આજની બાઈક રેલી નગરના દરેક રાજમાર્ગો પર ફરી હતી. ભાજપની જીતનો શંખનાદ કરતી રેલી એ નગરમાં અનેરું આકર્ષણ ઉભુ કરેલ હતું. નગરમાં ભાજપની રેલી જોઈ નગરજનોમા ભાજપ ચોક્કસ જીતશે તેવી ચર્ચા લોકમુખે ચર્ચાતી હતી. બાઈક રેલી પત્યા પછી ભરત ટાવર ખાતે ભાજપની સભા પણ સંબોધાઈ હતી. સહુ પ્રથમ દાહોદ જિલ્લા પ્રમુખ શંકર અમલીયાર રેલી સંબોધતા કહ્યું હતુ કે ભાજપની બાઈક રેલી નહીં પણ રેલો જોતા વિરોધ પક્ષોની ડિપોઝીટ ડૂલ ચોક્કસ થવાની છે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આજની રેલી કેસરીયા રંગે રંગાઈ ગયેલ હોવાથી વિરોધ પક્ષના લોકો મોઢામાં આંગળા નાખતા થઈ ગયેલ હશે તેમ કહ્યું હતું. ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી જેના અધ્યક્ષ સ્થાને યોજાઈ રહેલ છે તેવા ભાજપના ધારાસભ્ય મહેશ ભૂરીયા એ કહ્યું હતું કે હવે વિપક્ષોની ડિપોઝીટ ગુલ થવાની છે તેમાં હવે કોઈ શંકા જોવા મળતી નથી. તેમજ ભાજપ તરફથી નગરપાલિકાની ચૂંટણી લગતા તમામ ઉમેદવારો જંગી બહુમતી થી જીતશે તેથી નગરના દરેક વિસ્તારનો સમતોલ વિકાસ થશે. ભારતમાં તેમજ રાજ્યમાં ભાજપની સરકાર હોવાથી વિકાશની હરણફાળ ભરવા માટે નગરમાં ભાજપ ના દરેક ઉમેદવારોને જંગી બહુમતી થી જીતાડવા આહ્વાન કર્યું હતું.

સાંસદ જસવંતસિંહ ભાભોરે કહ્યું હતું કે ચૂંટણીના અંતિમ ચરણમાં કાર્યકર્તાઓનો અનેરો ઉત્સાહ જોતા જોવા મળે છે કે ભાજપની જીત નિશ્ચિત છે જ્યારે જિલ્લામાં ભાજપ તાલુકામાં ભાજપ સરકાર છે તો નગરનો ખરો અને સચોટ વિકાસ કરવા નગરપાલિકામા ભાજપને જીતાડવા આહ્વાન કર્યું હતું. નગરમાં પૂર્ણ બહુમતી થી ભાજપનું બોર્ડ બેસે તે માટે વોટ બગાડયા વગર ભાજપ તરફે સહુ લોકોએ મતદાન કરવાનું છે અને ભાજપ વિરુદ્ધ જેટલા પણ ઊભા છે તે સહુના સુપડા સાફ કરવા માટે ભાજપની તરફેણમાં વોટ કરવા આહ્વાન કર્યું હતું.

ઝાલોદ નગરના ચૂંટણી સંયોજક પંકજ અગ્રવાલ સતત ચૂંટણી પ્રચાર તેમજ ગ્રૂપ મીટિંગ, આગેવાનોની મીટીંગ તેમજ વોર્ડ પ્રમાણે મીટીંગ કરી ભાજપને જીતાડવા સંપૂર્ણ પ્રયાસ કરી રહેલ છે. સતત આ ચૂંટણી જીતાડવા માટે દાહોદ જિલ્લા પૂર્વ પંચાયત જિલ્લા પ્રમુખ શિતલ વાઘેલા પણ સતત ચૂંટણી પ્રવાસ કરી ભાજપ ને જીતાડવા માટે પ્રચાર પ્રસાર કરી રહેલ છે.

### નવસારીમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રની સઘન કામગીરી

# નવસારી જિલ્લાના નાગરિકોને શુદ્ધ ખાદ્ય પદાર્થો મળી રહે તે માટે ઝૂંબેશ થકી જાન્યુઆરી મહિનામાં કડક કાર્યવાહી કરી

। (માહિતી) નવસારી, તા.૧૪ ।

નવસારી જિલ્લાની પ્રજાને શુદ્ધ, સાત્વિક અને ભેળસેળમુક્ત ખોરાક તેમજ આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થો મળી રહે તે માટે નવસારી ફૂડ વિભાગ દ્વારા ચાલુ વર્ષના જાન્યુઆરી મહિનામાં સઘન કામગીરી કરવામાં આવી હતી. આ સાથે જ જાન્યુઆરી મહિનામાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે કુલ ૪૯ નમૂનાઓ લેવામાં આવ્યા છે, જેને ચકાસણી અર્થે પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે. આ ઝૂંબેશ અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મધ્યાહન ભોજન અંતર્ગત જિલ્લાની શાળાઓમાંથી કુલ ૨૪ નમૂનાઓ લેવામાં આવ્યા છે. તેમજ શ્રમિક અન્નપૂર્ણ યોજના અંતર્ગતના કુલ ૯ કેન્દ્ર ખાતેથી તૈયાર કરવામાં આવેલા રાંધેલ ખોરાક અને અન્ય ખાદ્યચીજના મળી કુલ ૨૫ સેમ્પલ લઈને તેને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું છે. જાન્યુઆરી મહિનામાં નવસારી જિલ્લામાં ગોળનું ઉત્પાદન કરતી પેઢીઓની તપાસ કરી કુલ ૨૨૨ અખાદ્ય ગોળનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. તદુપરાંત ફૂડ સેફટી અધિકારીઓ તથા ચીખલીના મામલતદાર, ગણદેવીના સર્કલ ઓફિસર તથા અન્ય વિભાગ સાથે સંયુક્ત રીતે 'સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ-૨૦૦૩' હેઠળ કુલ ૩૦ પેઢીઓની તપાસ કરીને તે કામગીરી દરમિયાન કુલ રૂ. ૫૯૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો છે. આ સાથે જ ખાદ્ય પદાર્થોના ચેકિંગ માટે ફાળવવામાં આવેલી ટેસ્ટિંગ વાન દ્વારા હોટેલ અને લારીઓ સહિત કુલ ૧૦ એકમોમાં ૧૪૦ વ્યક્તિઓને જાગરૂકતા માટે ટ્રેનિંગ આપવામાં આવી છે. તેમજ કુલ ૨૭૧ સ્થળ પર ખાદ્ય પદાર્થોના નમૂના લઈને તેમાં ભેળસેળ છે કે કેમ તેની સ્થળ પર ચકાસણીની કામગીરી કરવામાં આવી હતી, જે દરમિયાન તળવા માટે વપરાતા અખાદ્ય તેલ વપરાશકારક ન હોવાથી તેલનો નાશ કરવામાં આવ્યો હતો. આમ, નવસારીના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ફૂડ વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ અને તે અન્વયેના નિયમો અનુસાર આ વર્ષના જાન્યુઆરી મહિનામાં જુદા-જુદા એકમોમાં થી કુલ ૪૧ એનફોર્સમન્ટ અને કુલ ૧૩૪ સર્વેલન્સ નમૂનાઓ લેવામાં આવ્યા છે.

## પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી-બનારસ વચ્ચે વધુ એક મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેનનું સંચાલન

। અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમ રેલવે દ્વારા મહાકુંભ મેળા-૨૦૨૫ દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, સાબરમતી-બનારસ વચ્ચે વધુ એક મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નં.૦૯૪૫૩/૦૯૪૫૪ સાબરમતી-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ (૨ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૪૫૩ સાબરમતી-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સાબરમતી થી ૧૧:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૬:૦૦ કલાકે બનારસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૪૫૪ બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશિયલ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ બનારસથી ૧૯:૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૦:૩૦ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગ માં, બંને દિશાઓ માં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવાડા, ફાલના, રાની, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, દૌસા, બાંદિકુઇ, ભરતપુર, આગ્રા ફોર્ટ, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ અને જ્ઞાનપુર રોડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૫૩ નું બુકિંગ ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-અમદાવાદ અને એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-એકતા નગર એક્સપ્રેસ ના પ્રસ્થાનના દિવસ અને સમયમાં ફેરફાર

। અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નં. ૨૦૯૫૩ એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસ અને ટ્રેન નં. ૨૦૯૧૯ એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-એકતા નગર એક્સપ્રેસ ના એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સ્ટેશન થી પ્રસ્થાન ના દિવસ અને સમય માં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:-

- ટ્રેન નંબર ૨૦૯૫૩ એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસ જે વર્તમાનમાં એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સ્ટેશન થી દર શુક્રવારે ૧૫.૫૦ કલાકે ઉપડે છે અને બીજા દિવસે ૨૧.૧૫ કલાકે અમદાવાદ પહોંચે છે, ૨૦ એપ્રિલ ૨૦૨૫ થી, આ ટ્રેન એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સ્ટેશન થી દર રવિવારે ૨૨.૪૦ કલાકે ઉપડશે અને મંગળવારે ૦૩.૨૦ કલાકે અમદાવાદ પહોંચશે.
- ટ્રેન નંબર ૨૦૯૧૯ એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-એકતા નગર એક્સપ્રેસ જે વર્તમાનમાં એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સ્ટેશન થી દર રવિવારે ૨૨.૪૦ કલાકે ઉપડે છે અને મંગળવારે ૦૨.૪૦ કલાકે અમદાવાદ પહોંચે છે, ૧૮ એપ્રિલ ૨૦૨૫ થી, આ ટ્રેન એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સ્ટેશનથી દર શુક્રવારે ૧૫.૫૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૦.૪૦ કલાકે એકતા નગર પહોંચશે.

મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવી.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## પોલીસકર્મીઓના ધર્મપત્નીઓને જરી જરદોશીની તાલીમનો પ્રારંભ

। (માહિતી) સુરત, તા.૧૪ ।

રાજ્યમાં પ્રથમવાર સુરત પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતના ધર્મપત્ની શ્રીમતી સંધ્યાબેન ગહલૌત તથા નાયબ પોલીસ કમિશનર ભક્તિબા ડાભીના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મચારીઓની ધર્મપત્નીઓને આત્મનિર્ભર કરવા માટે જરી જરદોશીની તાલીમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળ પ્રથમ તબક્કામાં ૩૦ બહેનો તાલીમ મેળવી આત્મનિર્ભર બનશે. અમી હેન્ડીક્રાફટના ઉપક્રમે તાલીમાર્થીઓ મહિલાઓને જરી-જરદોશી વર્કની કીટસ એનાયત કરવામાં આવી હતી. પૂર્વ કેન્દ્રીય રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની વિશેષ ઉપસ્થિતિમાં સુરત પોલીસ મુખ્ય મથક, કોમ્યુનિટી હોલ પાસેના પોલીસ તાલીમ કેન્દ્ર ખાતેથી તાલીમનો પ્રારંભ કરાવતા સંધ્યાબેન ગહલૌતે જણાવ્યું હતું કે, અમી હેન્ડીક્રાફટ પ્રોડયુસર કંપનીના માધ્યમથી કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળ પોલીસ પરિવારની બહેનોને ૩૦ દિવસની જરદોશી તાલીમ અને બાદ ૧૫ દિવસની વિશેષ બેઝિક તાલીમ એમ મળી કુલ ૪૫ દિવસની તાલીમ આપવામાં આવશે.

# દારુ વેચાણની પ્રવૃત્તિમાં સંકળાયેલી વડોદરા જિલ્લાની ૩૦૦ જેટલી મહિલાઓને પોલીસ આર્થિક પગભર બનાવાશે

### આર્થિક અને સામાજિક કારણોથી મનેકમને દારુ વેચી જીવન નિર્વાહ કરતી મહિલાઓને મુખ્ય પ્રવાહમાં લાવવા સુરક્ષા સેતુ સોસાયટી, વડોદરા ગ્રામ પોલીસનું સંવેદનાસભર અભિયાન



। (માહિતી) વડોદરા, તા.૧૪ ।

જીવનમાં આવી પડેલી પડેલી સામાજિક અને આર્થિક વિપત્તિને કારણે દારુ વેચાણ જેવી પ્રવૃત્તિ ઉપર ચઢી ગયેલી વડોદરા જિલ્લાની ૩૦૦ જેટલી મહિલાઓને તેમના સ્વમાન સાથે મુખ્ય પ્રવાહમાં લાવવાનું સદકાર્ય વડોદરા ગ્રામ્ય પોલીસે હાથ ધર્યું છે. આવી મહિલાઓને સાધન સહાય આપી આર્થિક રીતે પગભર બનાવવા જિલ્લા પોલીસ વડા શ્રી રોહન આનંદે કમર કસી છે.

આ અભિયાન પાછળની ભૂમિકા રસપ્રદ છે. દારુ વેચાણ અને સેવન કરવા જેવી પ્રવૃત્તિને ડામવા માટે વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા રોજબરોજ કાર્યવાહી કરવામાં આવતી હોય છે. તેમાંય ખાસ કરીને દેશી દારુની હાટડા ઉપર રેડની કાર્યવાહી કરવામાં આવે ત્યારે તેમાં બહુધા કિસ્સામાં તેમાં મહિલાઓ સંકળાયેલી જોવા મળે છે. વડોદરા જિલ્લામાં દેશી દારૂના ઉત્પાદન અને વેચાણમાં મોટે ભાગે મહિલાઓ જોડાયેલી હોય છે.

મહિલાઓને આવી પ્રવૃત્તિમાંથી કાયમ રીતે બહાર કાઢવા માટે જિલ્લા પોલીસ વડા શ્રી રોહન આનંદે આવી મહિલાઓનું સર્વેક્ષણ કરાવ્યું અને તેને વૈકલ્પિક રીતે કેવી રીતે આર્થિક પગભર બનાવી શકાય એ દિશા ખોલવા પોલીસ તથા સામાજિક સંસ્થાઓની મદદ લીધી.

પોલીસ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં એવા તથ્યો બહાર આવ્યા કે, દેશી દારૂના વેચાણ સાથે સંકળાયેલી મહિલાઓ પૈકી ૪૦ ટકા જેટલી વિધવા છે, પતિના અવસાન બાદ દારુણ સ્થિતિ આવી પડી હતી. અન્ય મહિલાઓ તેમના પતિ દ્વારા ત્યજી દેવા કે છોડીને જતા રહેવા, પતિ વિકલાંગ હોવા જેવાના કારણોથી આવી પ્રવૃત્તિ મનેકમને કરતી હતી. આ જ પ્રવૃત્તિ શા માટે ? આ પ્રશ્નનો ઉત્તર પણ ઉક્ત નિરીક્ષણમાં મળ્યો. એક તો મહિલાઓની સામાજિક સ્થિતિ એવી હતી કે તે ઘરની નજીક જ કામ કરી શકે અને બીજું કે આ પ્રવૃત્તિમાં બહુ શારીરિક મહેનત કરવી પડતી નથી. આવા તારણોને ધ્યાને રાખી વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા અભિયાન આદરવામાં આવ્યું છે. દારુ વેચાણની પ્રવૃત્તિ સાથે સંકળાયેલી મહિલાઓને વૈકલ્પિક રોજગારી આપી તેને આર્થિક રીતે પગભર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સુરક્ષા સેતુ સોસાયટી, વડોદરા ગ્રામ્ય પોલીસ અને આઈસીઆઈસીઆઈ ફાઉન્ડેશનના સહયોગથી આવી મહિલાઓને બ્યુટીપાર્લર કામની તાલીમ આપી માતબર રકમની કિટ આપવામાં આવશે. તબક્કાવાર પોલીસના સહયોગથી આ મહિલાઓને મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવશે. મહિલાને સદર તાલીમથી ઘર બેઠા રોજગારની તકો ઉભી કરી શકે છે. તેમજ તેઓ પોતાની જાતે પગભર થઈ શકે છે. સદર તાલીમ તમામ મહિલાઓને વિના મુલ્યે આપવામાં આવશે. તેમજ તાલીમ પૂર્ણ થયા પછી બ્યુટી પાર્લર વ્યવસાય શરૂ કરવા માટે કીટ આપવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૩૦૦ મહિલાઓને આ અભિયાનમાં આવરી લેવામાં આવી છે. લક્ષ્યાંકિત મહિલાઓની જિલ્લા પોલીસ સ્ટેશન વાઈઝ સંખ્યા જોઈએ તો પાદરામાં ૨૯, વડુમાં ૨૮, વરણામામાં ૨૫, વડોદરા તાલુકામાં ૩૨, સાવલીમાં ૧૩, ભાદરવામાં ૧૦, મંજૂસરમાં ૪૭, ડેસરમાં ૨૨, ડભોઈમાં ૫૦, વાઘોડિયામાં ૩૦, કરજણમાં ૭૯, શીનોરમાં ૩૭, ચાણોદમાં ૨૩ અને જરોદમાં ૧૧ છે.

## મહીસાગર ટીમ દ્વારા સહકાર ભારતી સ્થાપના દિવસ નિમિતે તા.૧૧ જાન્યુઆરીના રોજ લુણાવાડા હોટલ તેજા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

। (પ્રતિનિધી) સંતરામપુર, તા.૧૪ ।

સહકાર ભારતી આણંદ વિભાગ મહીસાગર ટીમ દ્વારા સહકાર ભારતી સ્થાપના દિવસ નિમિતે તા. ૧૧/૦૧/૨૦૨૫ શનિવારના રોજ લુણાવાડા હોટલ તેજા ખાતે કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જે પ્રસંગે માનનીય શ્રી નીતિનભાઈ સોની સહ સંગઠન પ્રમુખ સહકાર ભારતી ગુજરાત પ્રદેશ અને જવાહરભાઈ ત્રિવેદી સંયોજક આણંદ વિભાગ ગુજરાત પ્રદેશ આ બન્ને મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા તેમજ મહીસાગર જિલ્લાના અધ્યક્ષ શ્રી બાલુંકાકા તેમજ ભુલાભાઈ સોમાભાઈ પટેલ સર્વપ્રકોષ પ્રમુખ મંચ પર સાથે ઉપસ્થિત રહેલ હતા.તેઓનો શાબ્દિક સ્વાગત તેમજ પુષ્પ ગુચ્છથી સ્વાગત જિલ્લા અધ્યક્ષ સહકાર ભારતી શ્રી બાલુકાકા તેમજ મહામંત્રી સંતોષભાઈ જોષીએ કર્યું હતું. જેમાં સંગઠનની રચનાત્મક પ્રવૃત્તિ અને તેના વિવિધ પાસાં વિશે શ્રી જવાહરભાઈ ત્રિવેદીએ સમજ આપી હતી. શ્રી નીતિનભાઈ સોની દ્વારા સહકાર ભારતી સ્થાપના દિવસની ચર્ચા કરી તેમજ પાયાના લઘુઉદ્યોગો અને વ્યક્તિ અને સંસ્થા આત્મનિર્ભર કેવી રીતે બની શકે જે માટે સહકાર ભારતી દ્વારા કયા અને કેવા પ્રયત્ન કરવા જોઈએ તે માટે વિસ્તૃત ચર્ચા કરી આ પ્રસંગને અનુરૂપ બાલુ-કાકા તેમજ ભુલાભાઈ એ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. અને પ્રદેશની મંજૂરી લઈ જિલ્લા ખાતે સહકારભારતી ની નવી ટીમની શ્રી જવાહરભાઈ ત્રિવેદીએ જાહેરાત કરી હતી અને નવા તેમજ ચાલુ કાર્યકરોનું સન્માન કર્યું હતું.

૧. નરેન્દ્રભાઈ કે. પટેલ જિલ્લા ઉપાધ્યક્ષ
૨. ગોવિંદભાઈ પટેલ જિલ્લા ઉપાધ્યક્ષ
૩. રાધુંસિંહ જિલ્લા ઉપાધ્યક્ષ
૪. પંડ્યા ભરતકુમાર અંબાલાલ જિલ્લા સહમંત્રી
૫. સુકલ બિન્દ્રબેન મહિલા સહપ્રમુખ
૬. ભૂપેન્દ્રકુમાર મહેતા અર્બન પ્રકોષ
૭. કાંતિભાઈ વી. પટેલ આઈ.ટી સેલ
૭. જયંતિભાઈ એચ. પટેલ ક્રેડિટ સોસાયટી પ્રકલ્પ
૯. વૈશાલીબેન જોષી મહિલા સહપ્રમુખ
૧૦. જશુભાઈ એન. પટેલ સંગઠન પ્રમુખ
૧૧. દીપકકુમાર કે. જોષી ખાનપુર તાલુકા અધ્યક્ષ
૧૨. ભુલાભાઈ એસ. પટેલ સર્વ પ્રકોશ પ્રમુખ મહીસાગર જિલ્લા
૧૩. જાલમસિંહ બાપુ મંત્રી ખાનપુર તાલુકા
૧૪. નીતાબેન એ. ચૌહાણ મહિલા અધ્યક્ષ કડાણા તાલુકા
૧૫. હસમુખભાઈ કે. પટેલ જિલ્લા સહસંગઠન મંત્રી મહીસાગર
૧૬. પંકજભાઈ એ. પટેલ સહ મંત્રી મહીસાગર
૧૭. યતિન આર. મહેતા જિલ્લા સહસંગઠન પ્રમુખ

આ કાર્યક્રમનું સંચાલન સહકાર ભારતી મહીસાગર જિલ્લાના મંત્રી શ્રી સંતોષભાઈ એ કર્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં-અન્યથા તમે ઘરે ખાલી ખિસ્સે પહોંચો એવી શક્યતા છે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો.



**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.



**મિથુન (ક,છ,ઘ) :**
આજે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.



**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.



**સિંહ (મ,ટ) :**
આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ?



**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો હકારાત્મક દ્દષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે. તમે જો ઘણા સમયથી કામના સ્થળે મુશ્કેલી અનુભવતા હશો તો આજનો દિવસ ખરેખર સારો રહેશે.



**તુલા (ર,ત) :**
આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.



**વૃશ્ચિક (ન,ય) :**
હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. લાયક ઉમેદવારો માટે વૈવાહિક જોડાણની શક્યતા. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.



**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.




**મકર (ખ,જ) :**
આજે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો. વ્યાવસાયિક મીટિંગો દરમિયાન સ્પષ્ટવક્તા અને લાગણીશીલ બનતા નહીં.



**કુંભ (ગ,શ,સ) :**
આજે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. પરિવારના સભ્ય ેતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. કામના સ્થળે તમારે મહત્વનો નિર્ણય લેવો પડે એવી શક્યતા છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પ ડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.










૧૩ ફેબ્રુઆરીના રોજ વોશિંગ્ટન ડીસીમાં વ્હાઇટ હાઉસ ખાતે મળેલા પીએમ નરેન્દ્ર મોદીને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 'અવર જર્ની ટુગેધર' પુસ્તક ભેટમાં આપ્યું

### PM મોદી-ટ્રમ્પની મુલાકાતની મોટી વાતો

# ભારત ઓઇલ-ગેસ ખરીદી વધારવા તૈયાર પણ ટેરિફથી બચવાની ગેરંટી નહીં

## અમેરિકામાંથી એફ-૩૫ લડાકૂ વિમાનો સહિત ઓઈલ એન્ડ ગેસ, ડિફેન્સ હાર્ડવેર પ્રોડક્ટ્સની ખરીદી વધારશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના બે દિવસીય પ્રવાસમાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મળી દ્વિપક્ષીય બેઠકો કરી હતી. આ બેઠકો બાદ જાહેરાત કરવામાં આવી કે, ભારત વેપાર ખાધ ઘટાડવા માટે અમેરિકામાંથી એફ-૩૫ લડાકૂ વિમાનો સહિત ઓઈલ એન્ડ ગેસ, ડિફેન્સ હાર્ડવેર પ્રોડક્ટ્સની ખરીદી વધારશે. પરંતુ ટ્રમ્પે સ્પષ્ટતા આપી છે કે, ભારત તેના (અમેરિકા) રેસિપ્રોકલ ટેરિફથી બચી શકશે નહીં. બંને દિગ્ગજ નેતાઓએ દ્વિપક્ષીય વેપાર સંબંધોને વધુ ગાઢ બનાવવા ચર્ચા કરી હતી. જેમાં ટ્રમ્પે ગેરકાયદે વસતા ભારતીયોને પરત વતન મોકલવા, ૨૬/૧૧ના હુમલાનો ફરાર આરોપી તહવ્વુર રાણાનું પ્રત્યાર્પણ કરવાનું વચન આપ્યું છે. ટ્રમ્પે અપેક્ષા વ્યક્ત કરી છે કે, ભારત અમેરિકાના માલ-સામાન પર ટેરિફ તર્કસંગત બનાવશે. તેમજ ડિફેન્સની ખરીદીમાં વ્યાપકપણે સહયોગ આપતાં ભારતને સ્ટીલ્થ ફાઈટર જેટ એફ-૩૫ વેચવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે.



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની રેસિપ્રોકલ ટેરિફ પોલિસીના કારણે ભારતઅમેરિકીપ્રોડક્ટ્સપર ટેરિફ ઘટાડવા વિચારણા કરીશકે છે. પીએમ મોદી સાથેની મુલાકાત પહેલાં જ ડોનાલ્ડ ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફ લાદવાનો આદેશ આપ્યો હતો. બાદમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'કોઈ ફરક પડતો નથી કે, તે ભારત હોય કે, અન્ય કોઈ દેશ, અમે એટલો જ ટેરિફ લાદીશું જેટલો તેઓ અમારી પાસેથી વસૂલે છે. ભારતથી આયાત થતી ચીજો પર પણ એટલો જ ટેરિફ લાદવામાં આવશે, જેટલો તેઓ અમારી પાસેથી વસૂલે છે.' વડાપ્રધાન મોદીની અમેરિકા મુલાકાત પહેલાં જ ભારતે અયોગ્ય અને ઊંચા ટેરિફમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે, ભારત જેટલો પણ સામાન અન્ય દેશો પાસેથી ખરીદે છે, તેના પર ૧૪ ટકા ટેરિફ લાદે છે, જ્યારે ચીન ૬.૫ ટકા અને કેનેડા ૧.૮ ટકા ટેરિફ લગાવે છે. ટ્રમ્પે કહ્યું કે, 'વડાપ્રધાન મોદીએ તાજેતરમાં ભારતના અન્યાયી ટેરિફમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. ભારત સાથે અમેરિકાની વેપાર ખાધ લગભગ $100 અબજ છે, વડાપ્રધાન મોદી અને હું સંમત થયા છીએ કે અમે લાંબા સમયથી ચાલતા અસંતુલનને દૂર કરવા માટે સંકલન કરીશું જેને છેલ્લા ચાર વર્ષમાં દૂર કરવાની જરૂર હતી.'

### યુએન રિપોર્ટમાં ખુલાસો

# શેખ હસીના સરકારમાં થયા ૧૪૦૦ લોકોના મોત

## રિપોર્ટમાં એવી ઘટનાઓનો પણ ખુલાસો થયો છે આ લોકોને નજીકથી ગોળી મારવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

સંયુકત રાર્ષ્ટ્ર માનવાધિકાર કમિશનરના કાર્યાલયે ગયા વર્ષે ૨૦૨૪માં બાંગ્લાદેશમાં શેખ હસીના સરકાર વિદ્ધ થયેલા વિરોધ પ્રદર્શનો અને ત્યારબાદ મુહમ્મદ યુનુસની વચગાળાની સરકાર દરમિયાન થયેલી હિંસા અંગેનો પોતાનો અહેવાલ રજૂ કર્યો છે. આ અહેવાલ લઘુમતીઓ સામેની હિંસાને ઓછી આંકવાના મોહમ્મદ યુનુસ સરકારના પ્રયાસોનો પર્દાફાશ કરે છે. તે જ સમયે, શેખ હસીના પર સરકારમાં હતા ત્યારે વિધાર્થી આંદોલનને દબાવવા બદલ ગંભીર માનવાધિકાર ઉલ્લંઘનનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર ૨૦૨૪ના વિધાર્થી આંદોલન દરમિયાન ઓછામાં ઓછા ૧,૪૦૦ લોકો માર્યા ગયા હતા. આ રિપોર્ટ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ શ થયેલી તપાસ પર આધારિત છે. તે ડોકટરો, શક્ર નિષ્ણાતો, લિંગ નિષ્ણાતો, મીડિયા અને કાનૂની સલાહકારો અને ઓપન–સોર્સ વિશ્લેષકોની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.પ્રા માહિતી અનુસાર, ગઈકાલે બહાર આવેલા અહેવાલમાં શેખ હસીનાના પક્ષ અવામી લીગના નેતાઓ, હિન્દુઓ, અહમદિયા મુસ્લિમો અને ચિત્તાગોંગ હિલ ટ્રેકટના આદિવાસીઓ સામે હિંસક ઘટનાઓ પર ચિંતા વ્યકત કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દરમિયાન ધાર્મિક લઘુમતીઓના માનવાધિકાર ઉલ્લંઘન થયા હતા. હિન્દુઓની સાથે, અહમદિયા મુસ્લિમો અને આદિવાસીઓ પણ હિંસાનો ભોગ બન્યા છે.અહેવાલ અનુસાર, વિધાર્થી આંદોલન શ થયા પછી બાંગ્લાદેશ સુરક્ષા દળો દ્વારા મોટાભાગના લોકોને ગોળી મારી દેવામાં આવી હતી. માર્યા ગયેલા લોકોમાં ૧૨–૧૩ ટકા બાળકો હતા.

બળવાના શઆતના દિવસોમાં, અવામી લીગરપ સરકારે ૧૫૦ લોકોના મોતનો સ્વીકાર કર્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વડા પ્રધાન શેખ હસીનાના નેતૃત્વ હેઠળની અવામી લીગ સરકારની સુરક્ષા અને ગુચર એજન્સીઓ ગેરકાયદેસર હત્યાઓ માટે જવાબદાર હતી.યુએન માનવાધિકાર વડા વોલ્કર તુર્કે જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શનોને દબાવવાની વ્યૂહરચનાના ભાગ પે રાજકીય નેતૃત્વ અને વરિ સુરક્ષા અધિકારીઓના જ્ઞાન, સંકલન અને નિર્દેશનથી સેંકડો ગેરકાયદેસર હત્યાઓ, મોટા પાયે મનસ્વી ધરપકડો અને અટકાયતો અને ત્રાસ આપવામાં આવ્યા હોવાનું માનવાના વાજબી આધાર છે.રિપોર્ટમાં એવી ઘટનાઓનો પણ ખુલાસો થયો છે યાં લોકોને નજીકથી ગોળી મારવામાં આવી હતી. આ અહેવાલમાં મહિલાઓને વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેતા અટકાવવાના હેતુથી લિંગ આધારિત હિંસાનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે, જેમાં શારીરિક હત્પમલો અને બળાત્કારની ધમકીઓનો સમાવેશ થાય છે.

## વિપક્ષી સરપંચવાળા ગામને એક પણ રૂપિયો ન મળેઃ રાણે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

મહારાષ્ટ્રના મંત્રી અને ભાજપના નેતા નિતેશ રાણેએ શિવસેના (UBT) અને અન્ય વિપક્ષી પક્ષોના સમર્થકોને તેમના વિસ્તારો માટે કોઈ વિકાસ ભંડોળ નહીં મળે તેવું નિવેદન આપીને વિવાદ ઉભો કર્યો છે. સિંધુદુર્ગ જિલ્લાના ઓરોસ ખાતે ભાજપના કાર્યકર્તાઓની એક સંભાને સંબોધતા મત્સ્યઉદ્યોગ અને બંદર વિકાસ મંત્રીએ રાણેએ કહ્યું કે, જો વિપક્ષના મહા વિકાસ આઘાડી ગઠબંધનના કાર્યકરો તેમના મતવિસ્તારનો વિકાસ ઈચ્છતા હોય તો તેમણે ભારતીય જનતા પાર્ટીમાં જોડાવું જોઈએ.નિતેશ રાણેએ કહ્યું હતું કે, ઘણા MVA કાર્યકરો પહેલાથી જ ભાજપમાં જોડાઈ ચૂક્યા છે અને જેઓ બાકી છે તેમને પણ આવું કરવા માટે પ્રોત્સાહિત કરું છું.

### સ્ટ્રોક અને મૃત્યુનું જોખમ ૪.૫ ગણું વધ્યું

# મગજમાં માઇક્રોપ્લાસ્ટિક્સનું પ્રમાણ ઝડપથી વધતા હૃદયરોગનો હુમલો

। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।

માનવ શરીરમાં ખાસ કરીને મગજમાં માઈક્રોપ્લાસ્ટિક્સનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. આ વધારો ગંભીર સ્વાસ્થ્ય જોખમ તરફ ઈશારો કરે છે. મગજમાં લીવર અને કિડની કરતાં ઘણી વધારે માત્રામાં સૂક્ષ્મ પ્લાસ્ટિકના કણો એકઠા થઈ રહ્યા છે. પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય જર્નલ નેચર મેડિસિનમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં આ માહિતી પ્રકાશમાં આવી છે.માઈક્રોપ્લાસ્ટિક્સ મગજના મૂળભૂત માળખામાં પરિવર્તન લાવી રહ્યા હોવાથી, હૃદયરોગનો હુમલો, સ્ટ્રોક અને મૃત્યુનું જોખમ ૪.૫ ગણું વધી જાય છે.

અભ્યાસ મુજબ, ૧૯૯૭ અને ૨૦૨૪ વચ્ચે હાથ ધરાયેલા અનેક પોસ્ટમોર્ટમ દરમિયાન મગજના પેશીઓમાં સૂક્ષ્મ અને નેનો પ્લાસ્ટિકના સ્તરમાં વધારો જોવા મળ્યો હતો. તેવી જ રીતે, લીવર અને કિડનીના પેશીઓમાં પણ સૂક્ષ્મ પ્લાસ્ટિકના કણો મળી આવ્યા હતા. લીવર, કિડની અને મગજના નમૂનાઓનું વિશ્લેષણ કરવા માટે આધુનિક તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કુલ ૫૨ મગજના નમૂનાઓની તપાસ કરવામાં આવી હતી, જેમાં ૨૦૧૬ના ૨૮ નમૂના અને ૨૦૨૪ના ૨૪ નમૂનાનો સમાવેશ થાય છે. બધા નમૂનાઓમાં પ્લાસ્ટિકની હાજરીના પુરાવા મળ્યા છે.સંશોધનમાં માનવ રક્ત, માતાના દૂધ, પ્લેસેન્ટા અને શરીરના અન્ય ભાગોમાં માઈક્રોપ્લાસ્ટિક્સના પુરાવા પણ મળ્યા છે.

# સ્ટેડિયમમાં બેસીને જ ભારત-ઇંગ્લેન્ડ મેચ પર સટ્ટો રમાડતા પાંચ બુકી ઝડપાયા

## આરોપી મેચના એકાદ બે દિવસ પહેલાં આવી જતા હતા અને સ્ટેડિયમની નજીક હોટલમાં રૂમ ભાડે લઇ લેતા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ પર કરોડો રૂપિયાનો સટ્ટો રમાયો હતો. જોકે બુકીઓ સ્ટેડિયમમાં બેસીને લાઇવ મેચ પર સટ્ટો લઈ રહ્યા હોવાની વિગતો પોલીસના ધ્યાને આવતાં ડીસીપી ઝોન-૨ની ટીમે સ્ટેડિયમમાંથી પાંચ બુકીઓને ઝડપી લીધા છે. તેમની તપાસ દરમિયાન ઘણી વિગતો સામે આવી તેવી સંભાવના છે.અમદાવાદના આંગણે રમાયેલી મેચમાં સુરક્ષા માટે પોલીસે પૂરતી વ્યવસ્થા કરી હતી, ત્યારે જ બુકીઓ પર પણ વોચ રાખવા માટે સિનિયર અધિકારીઓએ તાકીદ કરી હતી. મેચ ચાલતી હતી ત્યારે જ બુકીઓ સટ્ટો લઈ રહ્યા હોવાની વિગતો મળતાં પોલીસે આવા પાંચ બુકીઓને ઝડપી લીધા છે. તેઓ પોતાના મોબાઈલ પર જ સટ્ટો રમાડતા હતા. પોલીસે હવે તેમની પૂછપરછ શરૂ કરી છે.લાઈવ મેચ જોઈને સટ્ટો રમવાથી માત્રને માત્ર જીત મળે છે તેવું વિચારીને રાજેન્દ્ર અને આદિત્ય દેશના કોઈપણ ખૂણે મેચ હોય ત્યાં પહોંચી જતા હતા. બંને મેચના એકાદ બે દિવસ પહેલાં આવી જતા હતા અને સ્ટેડિયમની નજીક હોટલમાં રૂમ ભાડે લઈ લેતા હતા. બન્ને જણા બ્લેકમાં પણ ટિકિટ ખરીદીને મેચ જોવા માટે પહોંચી જતા. જ્યાં તે ઓનલાઈન સટ્ટો રમતા હતા. હાલ પોલીસે બન્નેની ધરપકડ કરીને તપાસ શરૂ કરી છે.

## કૌભાંડમાં સંડોવાયેલા ત્રણ આરોપીને હાઇકોર્ટમાંથી જામીન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

દાહોદના ચકચારી બનાવટી NA (બિનખેતી) કૌભાંડમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓને હાઈકોર્ટમાંથી જામીન મળ્યા છે. જેમાં એક લેન્ડ ઓનર અને બે સરકારી કર્મચારીનો સમાવેશ થાય છે. બનાવટી દસ્તાવેજો ઊભા કરીને જમીનને બિનખેતીમાં ફેરવી કાઢવાના આ મસમોટો કૌભાંડનો વિવાદ છે. આ કૌભાંડ મુખ્યત્વે દાહોદ જિલ્લામાં નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ખેતીની જમીનને બિન-ખેતીના દરજ્જામાં ગેરકાયદે રૂપાંતરિત કરવાનો છે. તપાસમાં લગભગ ૧૯૭ જમીન સર્વે નંબરોમાં ગેરરીતિઓ બહાર આવી છે, જે કાનૂની પ્રક્રિયાઓને બાયપાસ કરવા માટે જમીનના રેકોર્ડમાં છેડછાડ કરતા વ્યક્તિઓના ઊંડા નેટવર્કનો પર્દાફાશ કરે છે. છેતરપિંડીની પ્રવૃત્તિઓમાં આદિવાસીઓની જમીનનું અનધિકૃત વેચાણ, સરકારી જમીનના રેકોર્ડમાં છેડછાડ અને નિયમો તથા તેની ચકાસણીથી બચવા માટે બેક ડેટેડ દ્રછ ઓર્ડરની બનાવટનો સમાવેશ થાય છે.પ્રસ્તુત કેસમાં હાઈકોર્ટ દ્વારા આરોપી મુસ્તફા જીરૂવાલા, છત્રસિંહ બારિયા, મેઘજી તાવિયાડને જામીન આપ્યા છે. જે પૈકી અરજદાર આરોપી મુસ્તફા તરફથી એડવોકેટ મોહમ્મદ કે. વોહરા ઉપસ્થિત રહ્યા હતા. જમીનોમાં ફેરબદલ કરવામાં કથિત સંડોવણી બદલ આ ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદ પક્ષે તેમની જામીન અરજીઓનો વિરોધ કર્યો હતો, એવી દલીલ કરી હતી કે તેઓ કૌભાંડમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમની સામેના આરોપો ગંભીર છે.

### જાહેર બાંધકામ પરીક્ષણ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિ

# પરીક્ષણથી સરકારને રૂા.૧૮૪ કરોડથી વધુની આવક થઈ

## છેલ્લા ચાર વર્ષમાં ગેરી દ્વારા ૬.૧૪ લાખથી વધુ નમૂનાઓનું કરાયું સફળ પરીક્ષણ : રાજ્યમાં કુલ ૨૪ પ્રયોગશાળા કાર્યરત

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વડોદરા ખાતે કાર્યરત ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા-ગેરીએ વર્ષ ૨૦૨૧-૨૨થી એટલે કે છેલ્લા ચાર વર્ષમાં અંદાજે ૬.૧૪ લાખથી વધુ નમૂનાઓનું સફળ પરીક્ષણ કરીને રાજ્યમાં બાંધકામ ક્ષેત્રને વધુ મજબૂત, સુદ્રઢ બનાવવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. આ પરીક્ષણ થકી રાજ્ય સરકારને અંદાજે કુલ રૂ. ૧૮૪ કરોડથી વધુની માતબર રકમની આવક- રેવન્યુ પણ પ્રાપ્ત થઈ છે તેમ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું. મંત્રી કુંવરજીભાઈએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્યમાં વિવિધ જાહેર તેમજ ખાનગી ક્ષેત્રે થતા બાંધકામ કામોના પરીક્ષણ માટે વડોદરાના ગોત્રી સહિત રાજ્યભરમાં વિવિધ પ્રયોગશાળાઓ-લેબ કાર્યરત છે.

આ પ્રયોગશાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૧.૦૩ લાખથી વધુ નમૂનાઓના પરીક્ષણ દ્વારા રૂ. ૩૦ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૩૩ લાખ પરીક્ષણ થકી રૂ. ૪૨.૭૪ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૧.૮૭ લાખથી વધુ પરીક્ષણ દ્વારા રૂ. ૫૩.૯૩ કરોડ જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં જાન્યુઆરીના અંત સુધીમાં ૧.૯૦ લાખ નમૂનાઓના પરીક્ષણ થકી રૂ. ૫૭.૪૬ કરોડ એમ કુલ ૬.૧૪ લાખથી વધુ પરીક્ષણ દ્વારા રૂ. ૧૮૪ કરોડથી વધુની આવક થઈ છે.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે, ગેરી દ્વારા આધુનિક ઉપકરણોના માધ્યમથી તેમજ પૂરતા માનવ સંસાધનના પરિણામે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૩-૨૪ સુધીમાં માત્ર અગત્યના માટી પરીક્ષણ, કોંક્રીટ મિક્સ ડિઝાઈન તેમજ આસ્ફાલ્ટ મિક્સ ડિઝાઈનના મળીને કુલ ૯,૨૨૮ સફળ પરીક્ષણ કરવામાં આવ્યા છે.





ગાંધીનગરના ગિફ્ટ સિટી રોડ નજીક નિર્માણ થનાર સ્કૂલ ઓફ અલ્ટીમેટ લીડરશીપ (SOUL)નું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# પારસી સમાજને મોટા સંકટમાંથી બચાવશે આ સરકારી યોજના

## સરકારે પારસી યુવાનો વહેલા લગ્ન કરે અને એક કરતા વધુ બાળકોને જન્મ આપે એવા ઉદ્દેશ્ય સાથે ફરી જીયો પારસી યોજના શરૂ કરી

। (એજન્સી) નવસારી, તા.૧૪ ।

ભારતમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયેલા પારસીઓની વસ્તી દિવસે દિવસે ઘટી રહી છે. મોટી ઉંમરે લગ્ન પરતા પારસી દંપતીને બાળક કરવામાં મુશ્કેલી ઉભી થાય છે, જેના પરિણામે ૨૫ ટકા પારસીઓ કુંવારા જ રહી જાય છે. ત્યારે ઘટતા પારસી સમાજ વિશે ચિંતિત ભારત સરકારે પારસી યુવાનો વહેલા લગ્ન કરે અને એક કરતા વધુ બાળકોને જન્મ આપે એવા ઉદ્દેશ્ય સાથે ફરી જીયો પારસી યોજના શરૂ કરી છે. જેને પારસી સમાજે આવકારી છે. વર્ષો અગાઉ ઈરાનથી દરિયાઈ માર્ગે ભારતમાં ગુજરાતના સંજાણ બંદરે આવીને ઉતરેલા પારસીઓએ જાદે રાણાને દૂધમાં સાંકરની જેમ ભળી જવાનું વચન આપ્યુ અને ત્યારથી પારસીઓ દક્ષિણ ગુજરાતમાં શાંતિપ્રિય પ્રજા તરીકે વસ્યા છે. વર્ષો વીત્યા જેમાં પારસીઓએ સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે અનેક રીતે સામાજિક ઉત્થાન માટેના પ્રયાસો કર્યા અને પારસીઓને ભારતીયોએ અપનાવી લીધા હતા. પરંતુ વર્ષો બાદ ભારતમાં વસતા પારસીઓની સંખ્યા ચિંતાજનક રીતે ઘટી રહી હોવાથી ખુદ પારસીઓ જ નહીં, પણ ભારત સરકાર પણ ચિંતિત બની છે.

ગત વર્ષ ૨૦૧૩ થી ૨૦૨૨ સુધીમાં ભારત સરકારોએ દિલ્હી સ્થિત પરઝોર સંસ્થા દ્વારા જિયો પારસી યોજના અમલમાં મુકી હતી. જેમાં પારસીઓને બાળક પેદા કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પરંતુ ૯ વર્ષોમાં પારસી સમાજમાં અંદાજે ૪૫૦ બાળકો જ જન્મ્યા હતા. જેથી યોજનાનો પારસી સમાજ જ યોગ્ય ઉપયોગ કરતો ન હોવાના વિચારે જિયો પારસી પડતી મુકવામાં આવી હતી. પરંતુ બાદમાં ભારત સરકારમાં પારસી આગેવાનો અને સંસ્થાઓની રજૂઆતોને ધ્યાને લઈ, ભારત સરકારના લઘુમતી આયોગ દ્વારા સુધારા સાથે ફરી જીયો પારસી યોજના શરૂ કરી છે. જેમાં મોટી ઉંમરે પારસી યુવાન લગ્ન કરે અને બાળક પેદા કરવામાં મુશ્કેલી પડે, તો IVF હેઠળ બાળક લાવવાનો પ્રયાસ કરે તો તેની પણ સંપૂર્ણ ખર્ચ, બાળક જન્મે પછી અને તેની સંભાળ રાખવા માટે પણ આર્થિક સહાય આપવામાં આવશે. આ વિશે ભારત સરકારના લઘુમતી આયોગના પૂર્વ ઉપાધ્યક્ષ કેરસી દેબુએ જણાવ્યું કે, ભારતના તમામ સમાજોમાં પારસી સમાજની વસ્તી સૌથી ઓછી છે. ગત ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં ૫૭ હજારની વસ્તી ધરાવતા પારસીઓ અત્યારે એક અંદાજ મુજબ ૧૨ હજાર ઘટીને ૪૫ હજાર જ રહી ગઈ છે. ત્યારે સરકાર દ્વારા શરૂ કરેલી જિયો પારસી યોજનાને પારસી યુવાનોએ પણ વખાણી છે અને આવકારી છે. કારણ ભારતીય સમાજમાં પારસી સમાજનું વર્ચસ્વ જાળવી રાખવા પારસી યુવાનોએ પણ વહેલા લગ્ન કરી, એક કરતા વધુ બાળકોને જન્મ આપે અને સમાજને ટકાવી રાખવામાં પોતાનું યોગદાન આપે એવી અપીલ પણ કરી છે. સાથે જ પારસીઓ પ્રત્યે ભારત સરકારે દાખવેલી ચિંતા અને વસ્તી વધારવા પારસી દંપતીઓ અને પરિવારને આપેલ આર્થિક પીઠબળની પણ સરાહના કરી છે. પારસીઓની ઘટતી વસ્તીને વધારવા માટે સરકારે જિયો પારસી શરૂ કરી, પણ પારસીઓની રૂઢિગત વિચારધારા ભણતર અને સેટલ્ડ થયા પછી લગ્ન કરવા, એમાં નવીન વિચાર સાથે યુવાનો ૨૫ થી ૩૦ વર્ષ દરમિયાન લગ્ન કરતા થાય, તો પારસીઓની વસ્તીમાં વધારો થવાની સંભાવના પ્રબળ થશે.

## વ્યાજખોરના ત્રાસથી યુવકે ફિનાઈલ, ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

ઓઢવના યુવકે પિતાની સારવાર માટે એક શખ્સ પાસેથી રૂ. ૪૦ હજાર ૧૦ ટકા વ્યાજે લીધા હતા. રૂ. ૧૮ હજાર ચૂકવ્યા હતા પરંતુ બાકીના ન ચૂકવી શકતા વ્યાજખોર અવારનવાર ઘરે આવીને પરિવારની હાજરીમાં ગાળો અને જાતિવિષયક ગાળો બોલીને મારી નાખવાની ધમકી આપતો હતો. વધુ રૂ. ૧.૪૦ લાખની માગણી કરી હતી. યુવકે કંટાળીને ઉધઈ મારવાની દવા અને ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકે વ્યાજખોર સામે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ઓઢવના કમલેશભાઈ પરમાર રિક્ષા ડ્રાઈવિંગ કરે છે. ૯ મહિના પહેલા તેમના પિતા અમરતભાઈ બીમાર હોવાથી રૂપિયાની જરૂર પડતા તેમણે ભત્રીજા હેતને વાત કરી હતી. હેતે તેના શેઠ દશરથભાઈને વાત કરતા તેમને કમલેશભાઈને વસ્ત્રાલના પ્રિન્સ પંચાલ સાથે મુલાકાત કરાવી હતી. બાદ કમલેશભાઈએ પ્રિન્સ પાસેથી રૂ.૪૦ હજાર ૧૦ ટકા વ્યાજે લીધા હતા. તેની સામે બે સહી કરેલ ચેક પ્રિન્સે લીધા હતા. બાદમાં કમલેશભાઈએ પ્રિન્સને ટુકડે-ટુકડે કુલ રૂ. ૧૮ હજાર ચૂકવી આપ્યા હતા. બાદ પિતાનો દવાખાનાનો ખર્ચો આવતા તેને વ્યાજ આપવાનું બંધ કર્યું હતું.

### પોલીસ તપાસમાં સામે આવી ચોંકાવનારી હકીકતો!

# સસ્તું સોનું લેવાની લાલચ સુરતના વેપારીને ભારે પડી!

## વલસાડની ડુંગરી પોલીસ સ્ટેશનમાં ટેક્સ્ટાઇલના વેપારીએ લાખો રૂપિયાની ઠગાઈ થઈ હોય તેવી ફરિયાદ

। સુરત, તા.૧૪ ।

સોનાના ભાવ આસમાને પહોંચી રહ્યા છે. ત્યારે આવા માહોલમાં સસ્તું સોનું આપવાની લાલચ આપી ગરજાઉં લોકો પાસેથી લાખો રૂપિયાની છેતરપિંડી આચરતી એક ઠગ ગેંગ આખરે વલસાડ જિલ્લા પોલીસના હાથે લાગી છે. આરોપીઓ પાસેથી રૂપિયા ૧ કરોડની નકલી ચિલ્ડ્રન બેંકની નોટો સાથે પોલીસે આ ગેંગના ૯ આરોપીઓની ધરપકડ કરી ઊંડાણપૂર્વક તપાસ કરતા અનેક ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. આરોપીઓએ સુરતના એક વેપારીને લાખોનું સોનું સસ્તુ આપવાની લાલચ આપી તેની સાથે પણ લાખો રૂપિયા પડાવી ને નકલી પોલીસના નામે ડરાવી ઠગાઈ કરી હોવાનું બહાર આવતાં ચકચાર મચી ગઈ છે. શું છે આ સમગ્ર ઘટના?

વલસાડ જિલ્લાની ડુંગરી પોલીસ સ્ટેશનમાં સુરતના કતારગામ વિસ્તારમાં રહેતા એક ટેક્સ્ટાઈલ ના વેપારીએ પોતાની સાથે લાખો રૂપિયાની ઠગાઈ થઈ હોય તેવી ફરિયાદ નોંધાવી હતી. ઠગોએ લાખોની કિંમત ના સોનાને સસ્તા ભાવમાં વેચવાની લાલચ આપી હતી. હતી અને આ વેપારી ઠગોએ વિછાવેલી જાળમાં ફસાઈ ગયા હતા અને લાખો રૂપિયા ખોવાનો વારો આવ્યો હતો..આ દરમ્યાન વલસાડ પોલીસે તપાસ કરતા લોકોને સસ્તું સોનું આપવાની લાલચ આપી ઠગાઈ કરતી એક ગેંગના ૯ આરોપીઓ ને દબોચી લીધી છે. પોલીસે આ ગેંગના આરોપીઓની ધરપકડ કરી તેમની પાસેથી મુદ્દામાલ પણ કબજે કર્યો છે. વલસાડ પોલીસની તપાસમાં બહાર આવ્યૂ છે કે આરોપીઓએ સુરતના વેપારીને facebook આઈડી પર અજાણ્યા આઈડી થી ૧૦૦ ગ્રામ સોનુ ૬.૫૦ લાખ રૂપિયામાં આપવાની પોસ્ટ મૂકી હતી. આથી વેપારી લાલચમાં આવી પોસ્ટ મૂકતાં વ્યક્તિને ફોન કરતા સામેથી વ્યક્તિએ પોતે અંકિત હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ બંને વચ્ચે વાતચીત થતા આખરે ૧૦૦ ગ્રામ સોનું ૬ લાખ રૂપિયામાં આપવાની ડીલ થઈ હતી .ત્યારબાદ સુરતના વેપારી તેમના અન્ય મિત્રોને સાથે લઈ વલસાડ નજીક અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર પહોંચ્યો હતો. જ્યાં સસ્તામાં સોનુ આપવાની લાલચ આપનાર વ્યક્તિ અને તેના માણસો એક નંબર પ્લેટ વિનાની ગાડીમાં બેઠા હતા. દરમિયાન આ ઠગોએ અન્ય એક વ્યક્તિને બોલાવી તેની પાસેથી ૧૦૦ ગ્રામ સોનાના બે બિસ્કીટ સુરતના વેપારીને બતાવ્યા હતા. વેપારીએ જોતા સાચા સોનાનું બિસ્કિટ હોવાનું જણાવતા તેઓએ ૨૦૦ ગ્રામ સોનું લેવા તૈયારી બતાવી હતી. અને અત્યારે તેની પાસે ૯.૮૦ લાખ રૂપિયા હોવાનું જણાવી સુરત થી રૂપિયા લાવી અને આ ઢગોને આપ્યા હતા.

## પૂર્વ પ્રેમિકાના કાકાને છરીના ઘા મારી મોતને ઘાટ ઉતાર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

સરખેજમાં મસ્તાન બાવાની મસ્જિદ પાસે પોતાના સાળાના ઘરે લગ્નમાં આવેલા યુવકે પૂર્વ પ્રેમિકાના કાકાની છરી મારીને હત્યા કરી દેતાં ચકચાર મચી ગઈ છે. લગ્નમાં આવલા મુસ્તાક સુમરાને વારંવાર બૂલેટ હંકારી હોર્ન વગાડવા બાબતે પૂર્વ પ્રેમિકાના કાકા ઈલિયાસે ઠપકો આપતાં તેણે ઝઘડો કરી હત્યા કરી હતી. ગત રોજ પણ લગ્નમાં ડીજે વગાડવાના મુદ્દે ગીતા મંદિર પાસે યુવકની હત્યા કરવામાં આવી હતી. અમદાવાદમાં રોજે રોજ હત્યાના બનાવો નોંધાઈ રહ્યા છે, જે ચિંતાજનક બાબત છે.અમદાવાદ શહેર ફરીથી ક્રાઈમ સિટી બની રહ્યું છે. પોલીસ કમિશનરની ગેરહાજરીમાં ગુનેગારો બેફામ બન્યા છે. ત્યારે જ બુધવારે મોડી રાત્રે સરખેજમાં હત્યા થઈ હતી. જેની વિગતો એવી છે કે સરખેજ મસ્તાન બાવાની દરગાહ પાસે રહેતો ઈલિયાસ સુમરા સાંજના સુમારે પોતાનું કામ પૂરું કરીને ઘર નજીક પાનના ગલ્લે ભાઈ હસન અને પડોશી સાબીર સાથે બેઠો હતો. ત્યારે પડોશમાં રહેતા અમન સુમરાના ઘરે લગ્ન હોવાથી અમનનો બનેવી મુસ્તાક સુમરા પણ ત્યાં પરિવાર સાથે આવ્યો હતો.મુસ્તાકને અગાઉ ઈલિયાસની ભત્રીજી સાથે પ્રેમસંબંધ હોવાથી બન્ને પરિવાર વચ્ચે તકરાર ચાલતી હતી. ત્યારે જ મુસ્તાક બૂલેટ પર ઈલિયાસના ઘર આગળ વારંવાર આંટા મારીને હોર્ન વગાડતો હતો. મુસ્તાકની આ હરકતોને લઈને ઈલિયાસે તેને અટકાવી ઠપકો આપ્યો હતો. જેને પગલે ઉશ્કેરાયેલા મુસ્તાકે બૂલેટ ઊભું રાખી ઈલિયાસ સાથે ઝઘડો કરી તેને છરીના ઘા મારી દીધા હતા. ઈજાગ્રસ્ત ઈલિયાસને સ્થાનિક લોકોએ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં તબીબોએ તેને સોલા સિવિલમાં લઈ જવા જણાવ્યું હતું. ઈલિયાસને સિવિલમાં લઈ જવાતાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.બનાવ સંદર્ભે જાણ થતાં સરખેજ પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારા મુસ્તાકને ઝડપી લેવા માટે કવાયત શરૂ કરી છે.

### ૧૫મીએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે રૂબરૂ સુનાવણી

# ઈસનપુરમાં સરકારી જમીનમાં શાળા ઊભી કરી દેવામાં આવતા નોટિસ

## અમદાવાદ શહેર ડીઈઓએ શક્તિ વિદ્યાવિહાર શાળાની માન્યતા રદ કેમ ન કરવી તે અંગે નોટિસ આપી

।(એજન્સી) અમદાવાદ, તા.૧૪।

અમદાવાદ શહેરના ઈસનપુર વિસ્તારમાં સરકારી જમીન પર શાળાનું બાંધકામ કરી દેવામાં આવ્યું છે. ઈસનપુરમાં આવેલી શક્તિ વિદ્યાવિહાર સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ કરી બનાવવામાં આવી હોવાના પગલે મામલતદાર દ્વારા ૩૦ દિવસમાં ગેરકાયદે બાંધકામ તોડી પાડવા તેમજ દબાણ દૂર કરવા માટે હુકમ કર્યો છે. બાંધકામ નુકસાન વળતર પેટે રૂપિયા ૫ લાખનો દંડ વસૂલવાનો આદેશ કર્યો છે. જ્યારે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નિયમ વિરુદ્ધ બાંધકામ કરી શાળાની મંજૂરી મેળવેલી હોવાનું જણાતા શો-કોઝ નોટિસ ફટકારી ખુલાસા માટે શનિવારે હાજર રહેવા જણાવાયું છે. મણિનગરના સર્વે નંબર-૫૩ સરકારી પડતર હેડે ચાલતી જમીનમાં અનાધિકૃત બાંધકામ ચાલુ હોવા બાબતે તલાટી દ્વારા અહેવાલ મોકલાયો હતો. આ સરકારી જમીનમાં પાકી દીવાલો, પિલર સાથે પાકા રૂમોનું બાંધકામ, છતનું બાંધકામ થયેલું હતું. જેથી તપાસ કરતા આ બાંધકામ શક્તિ વિદ્યાવિહાર સ્કૂલનું હોવાનું અને સંચાલક મનોજ તિવારીએ કરાવ્યું હોવાનું જણાયું હતું. જેથી આ અંગે મામલતદાર દ્વારા દબાણ કેસ કરાયો હતો અને અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી યથાસ્થિતિ જાળવી રાખવા આદેશ કર્યો હતો. ત્યારબાદ મણિનગર મામલતદાર દ્વારા નોટિસ આપી મુદતો પર હિયરિંગ રખાયું હતું. જોકે, તેઓ હાજર રહ્યા ન હતા અને પુરાવા પણ રજૂ કર્યા ન હતા. જેથી મામલતદાર દ્વારા તાજેતરમાં સ્કૂલનું ગેરકાયદે બાંધકામ સ્વખર્ચે દૂર કરવા માટે ૩૦ દિવસનો સમય આપ્યો છે. ઉપરાંત જમીનમાં કરેલા અનાધિકૃત બાંધકામના નુકસાન વળતર પેટે રૂપિયા ૫ લાખનો દંડ વસૂલવા માટે હુકમ કર્યો છે. આમ, મામલતદાર દ્વારા સરકારી જમીનમાં થયેલા શાળાના બાંધકામને લઈને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને પણ પત્ર લખીને જાણ કરી હતી. મામલતદારના પત્ર બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ સ્કૂલને શો-કોઝ નોટિસ ફટકારી છે. જેમાં જણાવાયું છે કે, શાળાની અનિયમિતતા સબબ શાળા સામે નિયમ વિરુદ્ધ બાંધકામ કરી શાળાની મંજૂરી મેળવેલી હોય તેમ જણાય છે. જે અન્વયે શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી શા માટે ન કરવી તે માટે ૧૫ ફેબ્રુઆરીએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે રૂબરૂ સુનાવણી રાખેલી હોય, જેમાં જરૂરી આધાર પુરાવા સાથે ઉપસ્થિત રહેવા જણાવાયું છે. આ સુનાવણીમાં હાજર નહીં રહો તો આપ કઈ કહેવા માંગતા નથી તેમ માની શાળાની સામે આગળની નિયમાનુસારની કાર્યવાહી કરવાની ફરજ પડશે.




સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

